સમાજ, સાહિત્ય અને સંસ્કારનું નૂતન માસિક

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ




સંપાદક સોમચંદ ડી. શાહ

વર્ષ ૧ લું : અંક ૧. ૨

ફાલ્ગુન ચૈત્ર. સં. ૨૦૦૨

વિ. સં. ૨૦૦૨ અંક; ૧ : ૨ : વાર્ષિક લવાજમ
વીર સં. ૨૪૭૨ ફાલ્ગુન–ચૈત્ર રૂ. ૪–૦–૦

# વિષય દર્શન


| | | | |
|---|---|---|---|
| લેખન કળા ... | ... | ક૦ | ૧ |
| તવારીખની તેજછાયા | ... | પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મ. | ૨ |
| દ્રવ્યગુણ પર્યાયનો રાસ | ... | પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મ. | ૫ |
| વચન કુસુમાંજલિ... | ... | પૂ. પં. પ્રવિણવિજયજી મ. | ૭ |
| શું વધ્યું અને શું ઘટયું ? | ... | શ્રીચંદ્ર | ૯ |
| પૃથ્વીની કાયાપલટ | ... | શ્રી પન્નાલાલ જ. મસાલીઆ | ૧૦ |
| શ્રદ્ધા સંજીવની ... | ... | પૂ. મુનિરાજશ્રી કીર્તિવિજયજી મ. | ૧૨ |
| પ્રશ્નપદ્ધતિ સાર ... | ... | પૂ. મુનિરાજશ્રી સુબુદ્ધિવિજયજી મ. | ૧૪ |
| આપ્તમંડળની યોજના | ... | કાર્યાલય તરફથી | ૧૭ |
| ઉદ્દેશ અને નિયમો | ... | સંપાદક | ૨૦ |
| 'કલ્યાણ'ને મળેલો સત્કાર | ... | | ૨૪ |
| મહાસાગરનાં મોતી | ... | પૂ. આ. વિજયરામચંદ્રસૂરિજી મ. | ૨૭ |
| ભાવમંગલ ... | ... | પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મ. | ૨૯ |
| શ્વે. મૂ. સમાજને ચેતવણી | | પૂ. આ વિજયભુવનતિલકસૂરિજી મ. | ૩૧ |
| જ્ઞાન ગોચરી ... | ... | જુદા જુદા લેખકો | ૩૪ |
| હળવી કલમે ... | ... | સંપાદક | ૪૦ |
| મહારાજ્યોની તીર્થભક્તિ | ... | શ્રી ફુલચંદ હરીચંદ દોશી | ૪૪ |
| નિવેદન ... | ... | સંપાદક | ૪૭ |
| કલ્યાણનો વધારો | ... | શ્રી મંગળદાસ ત્રીકમલાલ ઝવેરી | ૪૯ |


## હવે અંક કયારે બહાર પડશે ?

પરવાનગી મેળવવામાં ઢીલ થઈ છે અને હજુ પોષ્ટનો રજિષ્ટર નંબર મેળવવાનો બાકી છે, એટલે આ વખતે ફાગણ–ચૈત્રના બે અંકો સંયુક્ત કાઢયા છે. હવે પછીનો અંક વૈશાખ શુદિ પૂર્ણિમાએ બહાર પડશે, તેની સૌ કોઈ ગ્રાહકો નોંધ લે! અમારી મુસ્કેલીઓને ગ્રાહકોએ જે સમતાભાવે નભાવી લીધી છે એ માટે અમે આભારી છીએ.

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥शिवमस्तु सर्वजगतः

卐 સંસ્કારવાંચ્છુ જૈનસમાજનું કલ્યાણ

ફાલ્ગુન : ૨૦૦૨ 卐

## લેખન કળા

"વર્તમાનયુગ લેખનકલાની પ્રગતિનો છે, લેખનનો વ્યવસાય આ યુગમાં ખૂબ ઉન્નતિના શિખરે છે; લેખનકલા કૂદકે ને ભૂસકે આગળ વધી રહી છે." પણ એ કબૂલાતની પાછળ ઘણું કહેવાનું રહે છે.

જીવનમાં કલાનું સ્થાન અતિમહત્ત્વનું છે; પણ કલા એ કલા ખાતર ન જોઇએ; કલાની જરૂરીયાત માનવજીવનની વાસ્તવિક ઉન્નતિને ખાતર હોવી જોઇએ.

લેખનની કલા જરૂર આવકારને પાત્ર છે, પણ "કાંઇ લખી છૂટવું" એ ભાવનાપુર્વકનો લેખનવ્યવસાય કલા રૂપ નહિ બની શકે; કલાના નામે જાત–પ્રભાવકતાનું એ બુરૂં વ્યસન છે; લેખનનો વ્યવસાય જ્યારે વ્યસનનું રૂપ પકડે છે, ત્યારે એ માનવજાતનો પાક્કો દુશ્મન બને છે.

"લેખનકલાની પ્રગતિ" એ મ્હોં મીઠું પ્રતિપાદન આજે સૌ કોઇને ગમી જાય તેવું છે, પણ એ પ્રતિપાદનની પાછળ દીર્ઘદૃષ્ટિતા નથી; ક્ષુલ્લક દૃષ્ટિનું એ પ્રતિપાદન છે. પ્રગતિ કહેવાય કોને? લેખનનો વ્યવસાય કલાસ્વરૂપ બને ક્યારે? એ વસ્તુની વાસ્તવિક વિચારણા અતિ અગત્યની છે.

લોકહેરીનો વિજય, સિદ્ધાન્તો પરત્વેનું કડક શિસ્તપાલન, ઉગ્ર લેખનસંયમન, અને વસ્તુના ઉંડાણમાં ઉતરી વિવેચન કરવાની ધીરવૃત્તિ; આ ચારેયના સુમેળે લેખનનો વ્યવસાય કલાસ્વરૂપ બની શકે છે.

સાચી અન્તર્મુખ દશાના બીજ સીંચનથી આ કલાના અંકુરનો ઉગમ થવો શક્ય છે, આ લેખનકલા માનવ જીવનને વાસ્તવિક ઉન્નતિના પથે વાળી શકે છે.

કલા માત્રનું ઉગમસ્થાન સાચે જ અન્તર્મુખ વૃત્તિ છે, અન્તર્મુખ દશા અને જીવનની વચ્ચે જેટલે અંશે અન્તર, લગભગ તેટલા અંશે જીવન અને કલા વચ્ચે વિરોધ જ રહેવાનો.

વર્તમાનયુગના લેખનવ્યવસાયે, પ્રાયઃ માનવ-સમાજની અન્તર્મુખવૃત્તિના મૂળમાં જ ઘા કર્યો છે; વિકથા અને આર્તરૌદ્ર ધ્યાનની અગ્નિજ્વાળમાં આમ જનતાનાં હૈયાંને સળગાવી મૂક્યાં છે, પાપભીરૂતા અને ધર્મશ્રદ્ધાને કચરી નાખવાને માટે, વર્તમાન લેખનપ્રવૃત્તિનાં ચક્રો તીવ્ર ગતિમાન બનતાં રહ્યાં છે.

સાચેજ, અન્તર્મુખ દશા એ પ્રગતિની પારાશીશી છે, પ્રગતિના સામર્થ્યની એ જ સાચી આંકણી છે.

# તવારીખની તેજછાયા :

## [ ઇતિહાસનાં પાને નોંધાયેલા બોધક પ્રસંગોની ફૂલ ગૂંથણી ]

### પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મહારાજ

૧

વિક્રમના ચૌદમા સૈકાની આ હકીકત છે. તે કાળે મોગલસમ્રાટોની સત્તાનો સૂર્ય મધ્યાહ્નની જેમ તપી રહ્યો હતો. એ શાસકો હતા, પરદેશી, છતાં આર્યાવર્તની ધરતીપર એ લોકોએ પરદેશી તરીકે નહિ રહેતાં સ્વદેશી તરીકે રહેવામાં જ ગૌરવ માન્યું હતું.

ગુજરાત, સૌરાષ્ટ્ર, માળવા કે મારવાડની ભૂમિપર આ મોગલશાસકોની આણ ફરી વળી હતી. બંગાળ, મહારાષ્ટ્ર, સિંધ અને સંયુકત પ્રાંતોની વસતી આ લોકોની સત્તામાં હતી.

તે વેળા ૧૩૧૫ ની સાલમાં રૌરવ દુકાળ અચાનક ફાટી નીકળ્યો.

ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ અને મારવાડના પ્રદેશપર આ કાળમુખા દુકાળે પોતાનો પંજો પાડી દીધો. અનાજ વિના લોકો ભૂખે રવડી મરતાં. સેંકડો, હજારો કે લાખોનું ધન ખરચવા છતાં પેટ પૂરતું ધાન્ય પ્રાપ્ત થવું મુશ્કેલ બન્યું. બાપ કે મા, પોતાના વ્હાલસોયા પેટના દીકરાને મુઠ્ઠીભર અનાજની ખાતર તરછોડીને ચાલ્યાં જાય એવો એ વિકરાળ કાળ હતો. પતિ, પત્નિને રખડતી મૂકીને પેટની ખાતર સ્વાર્થાન્ધ બને તેવી એ કરૂણ પરિસ્થિતિ હતી. ભાઇ-ભાન્ડુના સ્નેહ સંબંધો વિસરાઈ જાય એવો નાજુક એ સમય હતો.

કચ્છ-ભદ્રેશ્વરનો સાધુહૃદયી શ્રેષ્ઠી જગડુએ અનુકમ્પાદાનના એ અમૂલ્ય અવસરને તરતજ ઝડપી લીધો, એની પાસે એ અવસરે લાખો મણ અનાજ વખારોમાં પડયું હતું. એ ધારત તો અનાજનાં કાળાં બજારો કરી, કરોડોની મિલ્કત પોતાના ઘરમાં વસાવી શકયો હોત.

પણ ના, દુઃખપીડિત માનવોના આંસુ લૂછવાની સજ્જનતા એના ધર્મશીલ હૈયામાં ભરી ભરી પડી હતી. એ કોઈ શાહુ લૂટારૂ ન હતો પણ પ્રમાણિક ધર્માત્મા હતો. જડ કરતાં ચેતનની તેને કિંમત હતી, ગમે તેવા સ્વાર્થત્યાગની ધર્મવૃત્તિ તેના અંતરાત્માને અજવાળી રહી હતી.

દુષ્કાળ પીડિત પ્રદેશોમાં હજારો મણ અનાજ પોતાના ખરચે વિના મૂલ્યે એણે આપવાનું શરૂ કર્યું. દીલ્હી, પાટણ, ખંભાત, ધોળકા- આ બધાં મોટાં મોટાં શહેરમાં જબરજસ્ત દાનશાળાઓ જગડુના આદેશથી શરૂ થઇ. આ બધી દાનશાળાઓમાં વિના મૂલ્યે સહુકોઇને અનાજના ઢગલાઓ શ્રેષ્ઠિ જગડુ તરફથી મળતા હતા.

આજુબાજુના વિસ્તારોમાં ભૂખ્યાં માનવોને માટે રસોડાંઓ પણ જગડુના તરફથી દરરોજ ચાલુ રહેતાં. મોટા રાજા, મહારાજાઓને જ્યારે હજારોના ખર્ચે પણ અનાજ મળવું મુશ્કેલ હતું, તેવા કટોકટીના કાળે વીતરાગધર્મનો સાચો ઉપાસક, સુશ્રાવક જગડુ, આ રીતે દયાધર્મની આરાધના કરવા પોતાના દુન્યવી સ્વાર્થોને ત્યજી જૈનત્વને જીવી રહ્યો હતો.

આ રીતે ૧૧૨ દાનશાળાઓદ્વારા તે ઉદાર ધર્માત્માએ દુકાળના ભયંકર વાતાવરણને સુકાળમાં ફેરવી નાંખ્યું.

આજના શ્રીમંતો, આમાંથી કાંઈ બોધપાઠ લેશે કે ?

૨

વિશલનગરના રાજા વિશલદેવની આગળ એક અજાણ્યા મુસાફરે, એક દિવસે કહ્યું, 'રાજન્! જગડુની દાનશાળાઓમાં જે કોઇ જાય તેને અનાજના ઢગ મળે છે. એના રસોડાંઓમાં ઘીથી તરબોળ ભોજનો મળે છે અને એના ખાનગી આવાસમાં હાથ ધરનારને એના હાથ પ્રમાણે દાન મળે છે.'

ગુજરાતનો યુવાન રાજવી મહારાજા વીશલ, આ બધું સાંભળી રહ્યો, પણ એને આ બધું નવું લાગ્યું. કહેનાર અજાણ્યા વટેમાર્ગુને એણે હસી કાઢયો અને મજાક કરતાં એણે જવાબ આપ્યો, 'બિલ્કુલ ન માની શકાય તેવી આ આ હકીકત છે. વાણીઆમાં તે આટલી ઉદારતા, ને તે પણ આ ભયંકર દુષ્કાળના અવસરે! હું આ વાત માની શકું તેમ નથી!'

નજરે જોઇ આવેલા તે પથિકે ફરી કહ્યું, 'મહારાજા! આપ એક વેળા આ બધું નજરે જોઇ લેવા ત્યાં પધારો!' ને વિશલદેવ પોતાના ખાનગી કાફલાની સાથે ભદ્રેશ્વર આવ્યો.

જ્યારે આ બાજુ ભદ્રેશ્વરમાં જગડુશાહ પોતાના આવાસમાં પોતાના હાથે દાન દે છે. એક વેળા એને ખબર મળ્યા કે, 'ઘણાં ખાનદાન માણસો આમ સામે મોઢે ખુલ્લીરીતે દાન લેતાં શરમાય છે. આવાં માણસોને જો કે, સહાયની જરૂર છે, સહાય વિના એ લોકો નિરર્થક સીદાય છે.'

ઉદાર ચરિત જગડુએ નક્કી કર્યું કે, કોઇપણ રીતે આવી સ્થિતિનાં કુલીન માણસોને મારે સહાય કરવી જોઇએ. લક્ષ્મી મળી ત્યારે જ સાર્થક છે કે, આવી સ્થિતિમાં સીદાઈ રહેલા ઉત્તમ આત્માઓને કોઇ પણ રીતે સહાયક બનાય!

બીજે દિવસે, જગડુએ પોતાનાં મકાનની અંદર પડદો રખાવ્યો, મકાનનાં આગલાં બારણાં બંધ કરી, પાછલાં બારણાં ઉઘડાવી પોતે દાન દેવા બેઠો છે. દાન લેનારનો હાથ પડદાની અંદર લંબાય કે તરત જ ઉદાર ધર્માત્મા જગડુશાહ હાથ ધરનારની સ્થિતિ પ્રમાણે હંમેશાં ઉત્સાહપૂર્વક દાન દીધા જ કરે છે.

વિશલપુરના રાજવી વિશલદેવ એ અવસરે ગુપ્તવેષે પડદાની અંદર હાથ નાંખી ત્યાં ઉભો, તેની હાથ રેખાઓ પરથી જગડુ તે માગનારને મહાન્ ભાગ્યવાન અને સુખી કુળનો કોઈ હોય એમ જાણી ગયો. પોતાના હાથની રત્નજડિત સૂવર્ણ મુદ્રિકા તે માગનારના હાથમાં તેણે મૂકી. માગનારે બીજો હાથ લંબાવ્યો, એટલે જગડુએ બીજા હાથની મુદ્રિકા કાઢીને દાનમાં દીધી.

પડદા બહારથી લેનારનો અવાજ આવ્યો, 'મુદ્રિકા જેવી મહામૂલ્ય વસ્તુમાં આમ ઉપરાઉપરી દાન કેમ?'

જગડુએ ખૂબ હોશીઆરીથી જવાબ આપ્યો, 'આપનાર નથી આપતો પણ લેનારનાં ભાગ્ય માગી લે છે.' ગુજરાતનો મહારાજા વિશલદેવ આશ્ચર્યપૂર્વક આ સાંભળી રહ્યો.

જગડુની દાનશાળાઓમાં અને રસોડાંઓમાં વિશલદેવ પ્રચ્છન્નવેશે ફરી વળ્યો. ઘીથી તરબોળ મિષ્ટાન્નોની ભોજ્ય સામગ્રીઓનાં દાન ત્યાં આપતા, પોતાની સગી આંખે જોઈ એ રાજવી દિંગ થઇ ગયો.

અચાનક એનાં મુખમાંથી શબ્દો સરકી પડયા; **ધન્ય એ ઉદારતા.**

૩

થરાદના રહેવાસી ધર્માત્મા આભૂશાહને એ પ્રતિજ્ઞા હતી કે, બહારગામના કોઇ પણ સાધર્મિક ભાઇને ભોજન, વસ્ત્ર અને આભૂષણોથી ભક્તિ કર્યા વિના મારે જમવું નહિ. પોતાના આ નિયમનું પાલન તે દઢપણે કરે છે. કોઈ પણ પ્રાઘુર્ણક સાધર્મિકની ભક્તિ વિના આભુ શેઠ કદિ જમે જ નહિ. પોતાની જાતે હરરોજ ઉત્સાહપૂર્વક તે આ રીતે ભક્તિ કરે છે.

દુર દુર માળવામાં માંડવગઢના ઝાંઝણને આભુના આ નિયમની જાણ થઇ. પેથડશાહના પુત્ર ઝાંઝણના હૃદયમાં આભૂ પ્રત્યે ખૂબ જ આદરભાવ જાગ્યો. ગુણવાન મળવા સુલભ છે પણ ગુણાનુરાગી આત્માઓ શોધ્યા જડે તેમ નથી. જ્યારે સ્વયંગુણી અને ગુણાનુરાગી આવા [illegible]ઓની પ્રાપ્તિ અતિશય દુર્લભ છે. [illegible]માં ભૂષણરૂપ આવા આત્માઓ જ હોઈ શકે. આવા મહાન પૂણ્યવાનોના પૂણ્યબળે જ આધાર વિનાની વસુંધરા, જગતના ભારને ઉપાડી રહી છે.

એક દિવસે, ઝાંઝણને થયું કે, 'લાવ! એ પૂણ્યશાળી આભૂશાહનાં દર્શન કરી, જાતને કૃતાર્થ કરૂં. સાથે જોઉં તો ખરો કે, આ મહાનુભાવ ધર્માત્મા પોતાની પ્રતિજ્ઞાના પાલનમાં કેટલો ધીર છે?

અચાનક હજારો સાધર્મિક ભાઇઓની સાથે, ઝાંઝણ મંત્રી, આભૂના ઘરે આવી પહોંચ્યા. તે દિવસે ચૌદશ હતી. પર્વ દિવસની આરાધના માટે આભૂ, પૌષધશાળામાં પૌષધ લઇને સ્વાધ્યાયાદિમાં મગ્ન હતા.

ઘેર આભૂના ભાઈ જિનદાસે નવા સાધર્મિક ભાઇઓની ભક્તિ માટે જાત-જાતની રસોઈ તૈયાર કરાવી. આભૂને સમાચાર મળતાં તે પણ પોતાના સાધર્મિક ભાઇઓના કુશળ વૃત્તાંત મેળવવા ઉત્સુક બન્યા.

બરોબર મધ્યાહ્ન સમયે સોના-રૂપાની થાળીઓમાં ભાત-ભાતનાં પકવાનો; આ નવા આવેલા હજારો જાતભાઇઓ માટે જિનદાસ અને તેના સ્નેહી લોકો ઉમંગભેર પીરસે છે. જમવા પહેલાં આવેલા, બધા સાધર્મિક ભાઈઓના પગ ધોઈ જિનદાસ શેઠે જાતે તેઓની સેવા-બરદાસ કરી અને ભાણાંઓમાં પીરસી, જમતી વેળાયે તે લોકોને પોતાની જાતે પંખો નાખી, જિનદાસે પોતાની જાતને કૃતકૃત્ય માની.

સહુ જમી રહ્યા, એટલે આભૂશાહ તરફથી તે સાધર્મિભાઇઓને પાંચવર્ણનાં વસ્ત્રો, મહામૂલ્ય આભૂષણો ઈત્યાદિની પહેરામણી જિનદાસે કરી. સારામાં સારી રીતે સાધર્મિકભાઇઓની ભક્તિ પૂર્ણ કરી, જિનદાસે સહુ સાધર્મિક ભાઈઓને વિદાયમાન આપ્યાં. આભૂશાહના ઘરમાં સાધર્મિકોની આવી અનુપમ આગતા-સ્વાગતા થતી જોઈ માંડવગઢના મંત્રીશ્વર ઝાંઝણકુમારનાં ધર્મવાસિત અંતરમાં આનંદની ઉર્મીઓ નાચી ઉઠી.

જતાં જતાં એનું શ્રદ્ધાભર્યું હૃદય ધર્માત્મા શ્રી આભૂની આ અપૂર્વ સાધર્મિક ભક્તિને નમી પડયું.

૪

ગુજરાતમાં જે વેળા પાટણશહેર નંદનવનની જેમ ગુજરાતની ભૂમિને ગૌરવવતી બનાવતું દીપી રહ્યું હતું. ચૌલુક્યવંશની સત્તા દિગન્ત વ્યાપી બની ગઈ હતી. અને જે વેળાએ ગુજરાતની અસ્મિતાના નાદો જગ-જગને ગજવી રહ્યા હતા. [બાકી, ૨૫ મા પાને]

# દ્રવ્યાનુયોગ વિચારણાના નામે સ્વમત પ્રચારની ઇંદ્રજાળ.

## દ્રવ્યગુણપર્યાયનો રાસ: વિશિષ્ટ વિવેચન સહિત;

પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મહારાજ

પ્રતિક્રમણ કે પ્રતિલેખણ આદિ શુભક્રિયાઓ આત્માને અનુપકારક છે, કેમકે તે જડક્રિયાઓ છે. એવું કહેનારા શુષ્ક અધ્યાત્મવાદીઓ, કાર્યકારણભાવની લેશમાત્ર વિચારણા કરતા નથી. શુભક્રિયાઓ એ શુભભાવની જનેતા છે. અને અશુભક્રિયાઓ એ અશુભભાવની જનેતા છે, એ શાસ્ત્રીય સનાતન સત્યને વ્યુદ્‌ગ્રાહિતતા આદિ દોષોને અંગે સમજી શકતા નથી. અને એથી એ જીવો બિચારા એવી કફોડી હાલતમાં મુકાઈ ગયા છે કે, શુભક્રિયાઓને દીનપ્રતિદીન તિલાંજલી આપે છે અને અશુભ ક્રિયાઓને અધિકને અધિક આચરવા માંડે છે; પરિણામે અધ્યાત્મથી વંચિત રહેવા સાથે જિનકથિત એવી ઉત્તમક્રિયાઓથી પણ વંચિત રહે છે.

તેઓ કહે છે કે, પ્રતિક્રમણ ને પ્રતિલેખણ આદિ ક્રિયાઓ તો જીવે અનંતીવાર કરી, મેરૂપર્વત જેટલાં રજોહરણ ગ્રહણ કર્યાં, છતાં નિસ્તાર ન થયો. માટે ધર્મક્રિયાઓ એ આત્માના અનંતજ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિમાં લેશમાત્ર પણ સહાયક નથી. જો ધર્મક્રિયાઓ જ અનંતજ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિમાં સહાયક હોત તો બિચારા અભવ્યો અને દુર્ભવ્યોએ એ ક્રિયાઓ અનંતીવાર કરી છે તો તેમને પોતાની એ ધર્મક્રિયાઓ આત્મમિલ્કતની પ્રાપ્તિમાં સહાયક કેમ ન થઈ?

બીજી વાત એ પણ છે કે, ધર્મક્રિયાઓ એ આત્મગુણોથી વિજાતીય વસ્તુ છે. જ્યારે આત્મગુણોની સજાતીય વસ્તુ તો આત્મસ્વરૂપની વિચારણા છે. સજાતીય કારણ, સજાતીય કાર્યને ઉત્પન્ન કરે, એ ન્યાયશાસ્ત્રીનો અટલ સિદ્ધાંત છે. એ સિદ્ધાંતની રૂએ આત્મસ્વરૂપની વિચારણા એ આત્માના અનંતજ્ઞાનાદિ ગુણોને પ્રાપ્ત કરાવે એ વાત તો બરાબર છે પણ વિજાતીય એવી ધર્મક્રિયાઓ આત્માના અનંતગુણોને શી રીતે પ્રાપ્ત કરાવે, માટી ઘટને ઉત્પન્ન કરે અને તન્તુ પટને ઉત્પન્ન કરે છે; કેમકે ઘટ પટનાં માટી અને તન્તુ એ સજાતીય કારણો છે, પણ માટી પટને ઉત્પન્ન કરે અને તન્તુ ઘટને ઉત્પન્ન કરે એવું દુનિઆમાં પણ કોઈ દહાડો તમે સાંભળ્યું છે? નહિ જ! કારણકે માટી અને તન્તુ, પટ અને ઘટથી અનુક્રમે વિજાતીય વસ્તુ છે.

ત્રીજી વાત એ છે કે, પૌષધ પ્રતિક્રમણ આદિ નહિ કરનારા મરૂદેવી માતા આદિ એક આત્માની શુદ્ધ વિચારણાથી તરી ગયા છે અને સંખ્યાત, અસંખ્યાત અને અનંતભવસુધી ધર્મક્રિયા કરનારા અભવ્યો કે દુર્ભવ્યો હજી પણ સંસારમાં આથડી રહ્યા છે. એથી ફલિતાર્થ એ નિકળે છે કે, ધર્મક્રિયાના અભાવમાં કેઈક જીવો મુક્તિએ ગયા છે, અને ધર્મક્રિયા સતત કરવા છતાં અનંતા જીવો હજુસુધી મોક્ષમાં ગયા નથી. એથી સિદ્ધ થાય છે કે, ધર્મક્રિયા એ આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવામાં લેશમાત્ર પણ કારણ નથી. જેમ તન્તુના (તાંતણા) અભાવે ઘટ થાય છે અને તન્તુના સદ્‌ભાવમાં પણ ઘટ થતો નથી. માટે ઘટની પ્રત્યે તન્તુ કારણ નથી; તેમ ધર્મક્રિયાના અભાવે જ્યારે

આત્મસિદ્ધિ થતી હોય, અને ધર્મક્રિયાના સદ્ભાવમાં આત્મસિદ્ધિ ન થાય તો તે ધર્મ-ક્રિયાને મુક્તિમાં કારણ કેમ કહેવાય? ન જ કહેવાય! આજ દીન સુધી જે જે આત્માઓ મુક્તિએ ગયા, વર્તમાનમાં મહાવિદેહ આદિમાં જઈ રહ્યા છે અને ભવિષ્યમાં જશે. તે બધામાંનો એક પણ એવો આત્મા નથી કે, જેણે પોતાના શુદ્ધ સ્વરૂપની વિચારણા ન કરી હોય. દરેકે દરેક આત્માએ, આત્માની શુદ્ધ સ્વરૂપની વિચારણા પછી જ મુક્તિને પ્રાપ્ત કરી છે, કરવાના છે અને ભવિષ્યમાં કરશે. માટે સિદ્ધ થાય છે કે, ધર્મક્રિયા એ મુક્તિનો સાધક–માર્ગ નથી પણ આત્માની શુદ્ધ સ્વરૂપની વિચારણા એ જ મુક્તિનો સાધક–માર્ગ છે.

ચોથી વાત એ છે કે, જેને મોક્ષમાં જવું હોય તે ક્રિયા કરે તો મોક્ષમાં જાય, પણ બીજો ક્રિયા કરે તો તે માણસ મોક્ષમાં શી રીતે જાય? જેમ વ્યવહારમાં ખાય, એક માણસ અને ઝાડે જાય બીજો માણસ, એવું બનતું નથી પણ જે માણસ ખાય તેને જ જવું પડે છે. તેમ ધર્મમાં પણ જે માણસ ક્રિયા કરે તે મોક્ષે જાય, પણ બીજો તો ન જ જાય. હવે પ્રસ્તુતમાં શરીર અને આત્મા એ બે ભિન્ન વસ્તુ છે. શરીર વિનાશી છે, આત્મા અવિનાશી છે. શરીરના ગુણો, રૂપ, રસ, ગંધ, સ્પર્શ છે. આત્માના ગુણો સમ્યગ્-દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે માટે બંને ગુણ પર્યાયથી સ્વતંત્રરૂપે ભિન્ન છે. હવે શરીર ધર્મક્રિયા કરે તો આત્મા મોક્ષે કઈરીતે જાય? પ્રતિક્રમણ, પ્રતિલેખન આદિ શરીરની ક્રિયાઓ છે, જ્યારે આત્માના શુદ્ધસ્વરૂપની વિચારણા એ આત્માની ક્રિયા છે. જેમ આત્માની ક્રિયાથી શરીર છૂટતું નથી, તેમ શરીરની શુભ એવી પણ ક્રિયાથી આત્મા બંધનથી શી રીતે મુક્ત થશે?

પાંચમી વાત એ છે કે, પેટનો અંદરનો મળ કાઢવો હોય તો શરીર ઉપર એરંડીઉં ચોળવાથી નીકળી જતો નથી, પણ પેટની અંદર એરંડીઉં નાખવું પડે છે. મતલબ કે, શરીરની બહાર ક્રિયા કરવાથી શરીરની અંદરનો મળ જેમ નીકળતો નથી, તેમ ધર્મની બાહ્યક્રિયાઓ કરવાથી આત્માનો અંદરનો મળ શી રીતે નીકળે? ન જ નીકળે! 'ઇતિ શુષ્ક અધ્યાત્મ-વાદીનો પૂર્વપક્ષ સમાપ્ત.'

## બુદ્ધિવાદ અને શ્રદ્ધાવાદ

શ્રદ્ધા અંધ દેવી છે અને બુદ્ધિ પાંગળી નારી છે. બન્ને એકમેકથી એટલાં ગૂંથાયાં છે કે, એકની ગેરહયાતિમાં જગતની મંજીલ કાપવી મુશ્કેલ છે. બુદ્ધિ માર્ગ બતાવે છે અને શ્રદ્ધા માર્ગ કાપે છે, છતાં પ્રજાના હિતચિંતકો હંમેશાં શ્રદ્ધાવાદના ધોરણને વિશેષ પસંદગી આપતા આવ્યા છે, તે પસંદગીની પાછળ સહેતુક વિચારશ્રેણી છે. લાખો આંધળાઓને દોરવણી આપવાને અમુક પાંગળાઓ પૂરતા છે. તેમ કરવાથી આંધળાઓનો બોજો ઓછો બને, પાંગળાઓની સંખ્યા મર્યાદિત રહેવાથી દોરવણીમાં પરસ્પર વિરોધી વિશેષ પ્રમાણમાં ન બને! બુદ્ધિવાદી ઘણાભાગે તર્કવાદી હોય છે, અને તર્કના બળે પ્રજાને અનેક વર્ગોમાં વહેંચી નાંખે છે. કેવળ કેળવણીને પ્રધાનપણું આપે છે. બુદ્ધિવાદી પાંગળા હોવાથી સલાહ અને દોરવણી સિવાય કંઈ કરવા અશક્ત હોય છે. પરિણામે પ્રજા ગમે તેવી પવિત્ર વસ્તુની પાછળ પણ સામુદાયિક બળ નથી અજમાવી શકતી.

[ સુવાસ ]

## પાશ્ચિમાત્ય સ્કોલરોના, જીવનને સ્પર્શતા કેટલાક ઉત્તમ વિચારો.

## વચનકુસુમાંજલિ:—

સં. પૂ. પં. પ્રવિણવિજયજી મહારાજ

The best way to suceed in life is to act on the advice yon give to others.

જે શિખામણ તમે બીજાને આપો છો તેનો અમલ તમે પોતે કરો, એજ જીંદગીમાં ફત્તેહ મેળવવા માટે સૌથી સરસ રસ્તો છે.

Only be clear about what is finally right whether you can do it or not and everyday you will be more and more able to do it if you try.

કોઈપણ કાર્ય તમો કરી શકો અગર ન કરી શકો એ વાત જુદી છે, પણ વાસ્તવિક સત્ય શું છે તે જાણવાની કોશિષ તો જરૂર કરજો. સત્ય વસ્તુનો નિર્ણય થશે અને તમે પ્રયત્ન કરશો તો તે કાર્ય કરવા વધુ અને વધુ શક્તિમાન બની શકશો.

Strong characters are produced by strong thinking. Good deeds are the outcome of good thoughts. No man lives a noble life without thinking nobly.

ઉચ્ચ આચરણ, ઉચ્ચ વિચારોમાંથી ઉત્પન્ન થાય છે. સારાં કૃત્યો એ શુભ વિચારોનું પ્રતિબિંબ છે. ઉમદા વિચાર વિના ઉમદા જીવન જીવી શકાતું નથી.

Pure charity is the desire to be useful to others without thougt of recompense.

બદલો મેળવવાની ઇચ્છા વિના બીજાને ઉપકાર બુદ્ધિથી અપાયેલું દાન પવિત્ર દાન કહેવાય છે.

Circumstances are the rulers of the weak but they are the instruments of the wise.

સંજોગોનું સામ્રાજ્ય નબળા માણસો ઉપર હોય છે. હોશિયાર માણસો માટે તે સંજોગો આગળ વધવાના સાધનરૂપ બને છે.

Patience and perseverance over come mountains.

ધીરજ અને ખંતીલાપણું ગમે તેવા વિઘ્નરૂપ વાદળાંઓને વીખેરી નાંખે છે.

If you want to gather honey do not kick over the beehive.

જેનાથી તમો ફળની પ્રાપ્તિ કરવા ઇચ્છતા હો તેનો નાશ કદી કરશો નહિ.

One picture is worth ten thousands words.

હજારો શબ્દો કરતાં એક ચિત્ર વસ્તુનું જ્ઞાન વધુ આપી શકે છે.

True courage and courtesy always go hand to hand. The bravest men are the most forgiving and the most anxious to avoid quarrels.

સાચી હીંમત અને સભ્યતા બન્ને સાથેજ હોય છે. સાચા વીરો જ ક્ષમાશીલ હોય છે, અને તેઓ કજીયાથી દૂર રહેવા માટે ખૂબજ આતુર હોય છે.

Religion is a prime necessity for all.

ધર્મ એ સૌ કોઈ માટે અત્યંત જરૂરી વસ્તુ છે.

Fear makes a man powerless.

ભય મનુષ્યને સત્ત્વહીન બનાવે છે.

The most destructive of all emotions is fear.

સઘળી કાર્યવાહીને જમીનદોસ્ત કરનાર હોય તો તે માત્ર ભય છે.

Every man is my superior in somet way. In that I can learn of him.

કોઈને કોઈ અપેક્ષાએ દરેક મનુષ્ય મારાથી ચઢીયાતો છે, આવી માન્યતાવાળાને દરેકમાંથી કાંઈને કાંઈ શીખવાનું મળી રહે છે. **बालादपि हितं ग्राह्यं** આ સંસ્કૃત વાક્ય સાથે ઉપરનો ભાવાર્થ મળતો થઈ શકે છે.

Obedience alone gives the right to command.

વડીલોની આજ્ઞાને આધીન રહેનારાઓને બીજા ઉપર હુકમ કરવાનો અધિકાર રહે છે.

Do not be afraid of the enemies who attack you. Be afraid of the enemies who attack you. Be afraid of the friends who flatter you.

તમારા ઉપર હુમલો કરનારા દુશ્મનોથી ડરવાની જરૂર નથી પણ સમયે સાચી સલાહ ન આપતા હાજી હા કરનારા માખણુદાસ મિત્રોથી ડરતા રહેવાની જરૂર છે.

Seek the good of the other men but be not in bondage to their faces or fancies.

કોઈપણ મનુષ્યના વ્યક્તિત્વ અગર વર્તન તરફ ધ્યાન ન આપતાં તેમનામાં રહેલા ગુણોને ગ્રહણ કરો.

Selfishness is but the survival of he animal in us. Humanity only begins for man with doing things for others.

સ્વાર્થવૃત્તિ એ તો એક આપણામાં પશુતાનો અંશ છે. બીજાનું ભલું કરવું એ માણસાઈની શરૂઆત છે.

Selfishness is the basis of all the world troubles. working for one's self means disaster. It encourages others to do like wise and gets no return.

સ્વાર્થવૃત્તિ એ દુનિયાની સઘળી મુશીબતોનું મૂળ છે. પોતાના સ્વાર્થની સાધના એ તો બીજાને આપત્તિ ઉભી કરે છે અને બીજાઓને તેમ કરવાની પ્રેરણા અર્પે છે. આવી વૃત્તિ કાંઈ પણ ફાયદો આપતી નથી.

---

## ગ્રાહકોને ભેટ.

૧ પચ્ચક્ખાણનો કોઠો
૨ અમૃતના ઘુંટડા
૩ ગૌરવ ગાથા
૪ ત્રણ દેવવંદન

'કલ્યાણ' ના જે ગ્રાહકોને જે પુસ્તકો વગેરે ભેટનાં ન મળ્યાં હોય તેઓએ પોસ્ટેજ ૦-૪-૦ મોકલી મંગાવી લેવાં. નવા ગ્રાહકો થનારે વાર્ષિક લવાજમ ઉપરાંત ૦-૪-૦ વધુ મોકલ્યા હશે તેઓનેજ ભેટનાં પુસ્તકો મોકલાશે. નકલો સીલીકમાં હશે ત્યાંસુધીજ.

# શું વધ્યું અને શું ઘટયું ?

લેખક : શ્રી ચંદ

પુસ્તકો વધ્યાં છે પણ શિષ્ટ સાહિત્ય વધ્યું નથી.
વાચકો વધ્યા છે પણ વિચારકો વધ્યા નથી.
લેખકો વધ્યા છે પણ લેખનકળા વધી નથી.
અનુકરણ વધ્યું છે પણ મૌલિકગુણો વધ્યા નથી.
વાતો વધી છે પણ અમલ વધ્યો નથી.
વિચારો વધ્યા છે પણ સદાચારો વધ્યા નથી.
જ્ઞાન વધ્યું છે પણ નમ્રતા વધી નથી.
વિજ્ઞાન વધ્યું છે પણ વિનાશ અટકયો નથી.
દેવું વધ્યું છે પણ લેણું વધ્યું નથી.
પાપ વધ્યું છે પણ પુણ્ય વધ્યું નથી.
બુદ્ધિવાદ વધ્યો છે પણ શ્રદ્ધાવાદ વધ્યો નથી.
પ્રવૃત્તિઓ વધી છે પણ શુભ પ્રવૃત્તિઓ વધી નથી.
કળાઓ વધી છે પણ ધર્મકળા વધી નથી.
કેળવણી વધી છે પણ કેળવાયેલા વધ્યા નથી.
બાહ્યશુદ્ધિ વધી છે પણ આંતરશુદ્ધિ વધી નથી.
સંસ્થાઓ વધી છે પણ સાચા સુકાનીઓ વધ્યા નથી.
સાહિત્ય વધ્યું છે પણ સંસ્કારો વધ્યા નથી.
આડંબર વધ્યો છે પણ સાદાઇ વધી નથી.

પાશ્ચિમાત્ય રંગઢંગ વધ્યા છે પણ આર્યત્વભાવના વધી નથી.
લાયબ્રેરીઓ વધી છે પણ સાચા જ્ઞાનપિપાસુ વધ્યા નથી.
અખબારો વધ્યાં છે પણ સાચા સલાહકાર બન્યાં નથી.
કાવ્યો વધ્યાં છે પણ કાવ્યનો રસસ્વાદ વધ્યો નથી.
વિજ્ઞાનને માનનારા વધ્યા છે પણ શાસ્ત્રને માનનારા વધ્યા નથી.

# પૃથ્વીની કાયા પલટ

: લેખક :

**શ્રી પન્નાલાલ જ. મસાલીઆ**

**પૃથ્વી** સમ્બધી માન્યતા વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ ભૂલ ભરેલી છે, એ સમજાવવા લેખકે પ્રયાસ કર્યો છે. આ વિષયના જાણકારને વધુ જણાવવા જેવું લાગે તો અવશ્ય જણાવે. **સં.**

પૃથ્વી ગોળ છે, પણ કેવી ?

જૈન દર્શનકારો એને થાળી જેવી કહે છે જ્યારે આજના ભૂસ્તર શાસ્ત્રિઓ એને નારંગી જેવી ગોળ માને છે. બીજો પણ થોડો ફેર છે. આજના પ્રાશ્ચિમાત્ય વિદ્વાનો એને સમુદ્ર સહિતહોય ત્યારેજ ગોળ સ્વીકારે છે, પણ જૈન તત્ત્વવેત્તાઓએ એને બંને રીતે ગોળ કહી છે, સમુદ્ર સહિત અને રહિત. જૈનસિદ્ધાંત પ્રમાણે આપણે જે દ્વીપ ઉપર રહીએ છીએ એનું નામ જંબુદ્વીપ છે, એને ફરતો લવણ નામે સમુદ્ર છે એ અંગડીની જેમ જંબુને વીંટાઈ રહ્યો છે.

આ ટેબલ ઉપર પૃથ્વીનો નકશો પડ્યો છે. આજના ભૂસ્તર વેત્તાઓએ એ દોરેલો છે, જોકે એમાંય અશુદ્ધિઓ અને ત્રુટિઓતો છે જ, દાખલા તરીકે ગ્રીનલેંડ અને દ. અમેરિકાનાં માપ સાવખોટાં છે.

જુઓ, નકશામાં પૃથ્વી કેવી દેખાય છે? તમે કહેશો કે, અહીં જૈન દર્શનકારોનું કથન સર્વાંશે મેળ ખાતું નથી, પણ એમ નથી. પૃથ્વીની કાયાપલટ થવાથી જૈનદર્શન શું કહે છે તે આપણે સ્હમજી શકતા નથી.

આ દેવભૂમિ ભારત, એની કરાંગુલિ ઝાલીને ઉભું છે તે બ્રહ્મદેશ ડાબી બાજુ ખભો મિલાવી ઉભું છે તે ચીન, પછી ઉગતા સૂર્યની ભૂમિ જાપાન, જમણી બાજુ અરબ અને પારસ, ભારતને માથે આ વજ્રટોપ ધરે છે તે હિમગિરિ, દુશ્મનોથી તે આપણું રક્ષણ કરે છે. ઉપર ત્રિબેટ, છેક ઉત્તરમાં રૂસ, અને છેક નિચે ભારતમાતાનાં પાદ પ્રક્ષાલન કરે છે તે સિંહલદ્વીપ. લગભગ આ આપણો એશિઆ, એની પશ્ચિમે ગોરી પ્રજાનો મૂલ્ક, બંને ભેગામળે એટલે યુરેશિઆ.

આ આફ્રિકા તે સીદી લોકોનો મૂલ્ક, એની પશ્ચિમે છે તે રેડ ઈન્ડિઅનોનો મૂલ્ક, અમેરિકા એ પ્રશાંત મહાસાગરમાં દોઢસો લાખ ચોરસ માઇલિ જમીન રોકીને પડયો છે.

શું કહો છો ? જગતના આ મહાખંડો જુદા કેમ વસે છે ? હા,

જૈનશાસ્ત્ર કહે છે તેમ આ બધા ખંડો પ્રથમ તો સંયુક્તજ હતા, એને આમ કિનારા કે ખાંચા ન હતા, એથી એનો સંયુક્ત આકાર સંપૂર્ણ ગોળ હતો. પણ એક દિવસે ધરતિકંપ, જ્વાળામુખી કે પછી એવા બીજા ઉલ્કાપાતથી એમાં ફાટ પડી, ખંડો જુદા પડ્યા અને ખસી ગયા. એશિઆ અને યુરોપ તો જોડાએલાજ છે, આફ્રિકા પણ ગઈ કાલ સુધી જોડાએલોજ હતો. પણ **લેસેપ્સ** સાહેબ એક સવારે વ્હેલા જાગ્યા, એણે ૨૪ ક્રોડ સોનૈયા ખરચી આશરે સો માઈલિ લાંબી અને ૩૦ ફીટ ઉંડી નહેર ખોદી કાઢી ઈ. ૧૮૬૯; અને ત્યારથી બિચારો આફ્રિકા એશિઆથી હંમેશને માટે વિખુટો પડ્યો. કુદરત પણ એની સાથે દગો રમી રહી હતી, એણે ભૂમધ્ય સરોવર વિકસાવી સમુદ્ર બનાવ્યો અને પછી **મૉન્સકાલ્પી** (જિબ્રાલ્ટર) નું નાકું તોડી તેને એટલેંટિક મહાસાગર સાથે ભેળવી દીધો. પેલો ફ્રેંચ ઈજનેર કુદરતની મદદે ગયો ન હોત તોપણ કુદરત પોતાનું

ધાર્યું જરૂર કરત. એ પોર્ટ સૈયદના પ્રદેશને જિબ્રાલ્ટરની જેમ તોડી ભૂમધ્ય સમુદ્રને રાતા સમુદ્રમાં જોડી દેત, એની પૂર્વ તૈયારી રૂપે સુએઝના આ ન્હાનકડા પ્રદેશમાં પણ એણે પાંચ–પાંચ સરોવરો તો ગોઠવી જ દીધાં હતાં.

અમેરિકા પણ એશીઆથી જુદો ન હતો, પહેલાં આ બંને વચ્ચે બહેરિંગની સંયોગી ભૂમિ હતી. એશિઆમાંથી લોકો પગ રસ્તે અમેરિકા જઇ શકતા. પ્રશાંત સાગરના બંને કિનારા પર એકજ જાતના વાનર જોવા મળે છે. પછીથી આ બંને ખંડો છુટા પડ્યા, પણ આજેય એ બંને વચ્ચે પુરા ત્રીશ માઇલનુંય અંતર નથી.

પશ્ચિમ આફ્રિકાનો આ ખાંચો જોયો? એને દક્ષિણ અમેરિકા સાથે જોડી દો, એ આબાદ રીતે મળી જશે. એવીજ રીતે અરબ દેશના પેલા ખાંચામાં પૂર્વ આફ્રિકા ચોંટી જશે. આફ્રિકા મહાખંડનો એટલાસગિરિ યુરોપના પ્રખ્યાત પર્વત સિએરાનિવેડાનો એક ભાગ જ છે. એ પર્વત ઠેઠ આફ્રિકા સુધી વિસ્તરેલો હતો. પણ કુદરતના કારમા કોપથી એની ખીણ જરા નીચી નમી કે તરત જ ભૂમધ્ય સમુદ્રનાં પાણી તેમાં ભરાઈ બેઠાં.

પેલા દૂર બેઠેલા ઓસ્ટ્રેલીઆને તો આપણે સાવજ વીસરી ગયા. આ ન્યુગિનિને એની ઉપર ગોઠવો, જુઓ! એ ટુકડો કેવી સુંદર રીતે ચીટકી ગયો! ઓસ્ટ્રેલીઆ તો એશિઆનો એક સ્પષ્ટ ભાગ જ છે. એનું સ્થાન ભારત અને આફ્રિકાની વચમાં હતું, પણ આજે તો એ બિચારો એકલો–અટુલો બહુ દૂર જઇને બેઠો છે. પણ શ્વેતપુરુષો થોડા જ જંપે છે. એમણે તો ઠેઠ ત્યાંય સંસ્થાન જમાવી દીધા છે. દ. અમેરિકા, આફ્રિકા, હિંદ અને ઓસ્ટ્રેલીઆના પત્થરો, ખનીજો અને ફોસિલો-માંય બહુ ભારે મળતાપણું છે. નવાઈ તો એ છે કે, આ બધા ખંડો હજુય ખસતા જાય છે. પ્રસિદ્ધ વિજ્ઞાની **વેન્જર**ના કહેવા પ્રમાણે દર સો વર્ષે એ ચાલીસ મીટર દૂર ખસે છે.

જુઓ, પેલો ઈંગ્લંડ બેટ સમુદ્રમાં ડુબતો જાય, એનું પ્રખ્યાત ડનવિચ બંદર પાંચેક સદી પૂર્વે તો સમૃદ્ધ શહેર હતું, પણ આજે તો એટલેંટિક મહાસાગરનાં અગાધ વારિ એનાં ઉપર પરિભ્રમણ કરી રહ્યાં છે. બિચારો સસેકસ પ્રાંત પણ બહુ ધીમેથી છતાંય અવિરત પણે દરિયામાં ડુબતો જ જાય છે. એવી કેટલીએ પર્વત માળાઓ દરિયામાં લાંબી થઈને સૂતી છે જે દિવસ ઉગે હાથ આવ્યા જ કરે છે.

આ આઇસલેંડ તો જુઓ, એમાં ઇશાનથી વાયવ્ય સુધી જબરજસ્ત ફાટ પડતી જાય છે. કદાચ આ સદીના અંત પહેલાં જ તેના બે કે વધારે ટુકડા થઈ ખસવા લાગશે.

આમ પ્રથમ તો આખી પૃથ્વી ગોળ હતી, પણ ગ્રહોના કોઈ અજબ ઉત્પાત–આકર્ષણથી કે પૃથ્વીના પેટાળમાં થતી કોઈ ભયંકર વિચિત્ર પ્રક્રિયા ( જ્વાળામુખી ધરતીકંપ વિગેરે ) થી કે પછી બીજા કોઈ અજ્ઞાત કારણથી એના ટુકડા થઇ ગયા, ટુકડાઓના પણ ટુકડા થઈ ગયા અને એ પ્રવાસ શોખીન બની સમુદ્રમાં ઘણે દૂર ઠેઠ દક્ષિણ-ધ્રુવ સુધી ચાલ્યા ગયા, આમ પૃથ્વીમાં ખાંચા પડી એનો ગોળાકાર તુટી ગયો; હવે તો સમજાશે જ કે જૈનદર્શનની વસ્તુ સાચી હતી. અન્ય વિચારકો પણ પોતાનું મંતવ્ય દર્શાવશે તો જિજ્ઞાસુઓને ઘણું ઘણું જાણવાનું મળી રહેશે.

મોંઘેરૂં જીવન જીવી અમર થવાની અમૂલ્ય—

# શ્રદ્ધા સંજીવની

પૂ. મુનિરાજશ્રી કીર્તિવિજયજી મ૦

શ્રદ્ધા વગરની કોઈપણ ધર્મક્રિયા ફળવતી બનતી નથી. સામાન્ય વ્યવહારમાં પણ આપણે જોઈયે છીએ કે રોગથી પીડાતા રોગીને રોગ નાબુદ કરવા વૈદ્ય ઉપર શ્રદ્ધા રાખવી જ પડે છે. વૈદ્ય કહે તેમ ચરીનું પાલન કરવું પડે છે તો જ રોગ દૂર થાય છે; શેઠને નોકર ઉપર વિશ્વાસ રાખેજ છુટકો છે. વિશ્વાસની ખાતર શેઠ મુની-મને લાખોની મીલ્કત સુપ્રત કરે છે. પાંચ પચીસ રૂપીયાનો પગારદાર સીપાઈ પણ ક્રોડોની લક્ષ્મીનું રક્ષણ કરવા પહેરેગીર બને છે. ઘરની સ્રીપર વિશ્વાસ રાખ્યા સિવાય છૂટકો નથી અને જો વિશ્વાસ ન રખાય તો તેણીનું બનાવેલ ભોજનપણ આરોગી ન શકાય કારણકે સ્હેજે શંકા થાયકે, તેને ભોજનમાં ઝેર તો નહિ નાંખ્યુ હોય? આમ શંકિત હૃદય બનેતો ભોજન વિના પણ રહેવું પડે.

ત્યારે દુનિયાના સઘળા વ્યવહારોમાં રાજા મહારાજાઓને, શેઠ શાહુકારોને પતિ પત્નિને પિતા–પુત્રને સૌ કોઇને સમગ્ર સ્થળે વિશ્વાસ રાખવો પડે છે.

ત્યારે ધર્મજેવી અમૂલ્ય વસ્તુના ઉપર પણ જો વિશ્વાસ–શ્રદ્ધા ન રાખવામાં આવે તો તે ધર્મ કઇ રીતિયે ફળદાયક બને?

સાડાનવ પૂર્વનુ જ્ઞાન હોવા છતાંય જો શ્રદ્ધા ન હોયતો તે જ્ઞાન પણ અજ્ઞાન રૂપ બની જાય છે.

ઉચ્ચ કોટિની ક્રિયા કરવા છતાં, ઉગ્ર તપ-શ્ચર્યાઓ આદરવા છતાં, ઘોર કષ્ટો સહેવા છતાં શ્રદ્ધાહીન આત્મા તે કરણીથી નહિ જેવું અલ્પ-ફળ મેળવે છે. અને શ્રદ્ધાયુકત ક્રિયા અને તપશ્ચર્યા મહાન ફળદાયક બને છે.

સમ્યકત્વની મહત્તા તો શાસ્રોમાં ઠેકાણે ઠેકાણે વર્ણવી છે. તીર્થંકર દેવોના ભવની ગણત્રી પણ સમ્યકત્વ પામ્યા પછી જ થાય છે. સમકિત પ્રાપ્ત થયે છતે આત્માનો સંસાર પરિમીત બને છે.

એક અંતર્મુહુર્ત માત્રપણ જે જીવને સમ્યક્ત્વની સ્પર્શના થઇ હોય તે જીવનો સંસાર વધારેમાં વધારે અર્દ્ધ પુદ્ગલપરાવર્ત બાકી રહે છે.

સમ્યકત્વથી જ ધર્મની શરૂઆત થાય છે. ધર્મની વાસ્તવિક ઇમારત તે વિના ચણાઇ શકાતી નથી. સાધુધર્મ અને શ્રાવકધર્મ એ ઉભય ધર્મનો મજબુત પાયો જો કોઈ હોય તો તે સમ્યકત્વ જ છે.

પ્રજ્ઞાચક્ષુ–અંધપુરૂષ ઘણો બલિષ્ઠ હોય, કળાબાજ હોય તોપણ જેમ શત્રુસૈન્યને તે જીતી શકતો નથી, તેમ શ્રદ્ધા–સમકિતવિહુણી ઉચ્ચક્રિયા, પંચાગ્નિ તપ ઘોરકષ્ટ યા ક્રોડો વર્ષોની આકરી તપશ્ચર્યા હોય તોયે મિથ્યાદષ્ટિની મુકિત નથી, નથી તે નથી.

ગીતામાં પણ શ્રદ્ધાની મહત્તા વર્ણવી છે–

**श्रद्धावान् लभते ज्ञान, तत्परः संयतेन्द्रि यः**
**ज्ञानं लब्ध्वा परांशांति, मचिरेणाधिगच्छति ॥१॥**

શ્રદ્ધાળુ આત્મા જ્ઞાન પ્રાપ્ત કરી, ઇંદ્રિઓ ઉપર કાબુ મેળવી, આત્મજ્ઞાન મેળવી મોક્ષ

પદને મેળવી શકે છે. મૂર્ખ અશ્રદ્ધાળુ, સંશય શીલ પ્રાણી તો નાશજ પામે છે. "સંશયાત્મા વિનશ્યતિ"

ત્યારે સમ્યક્ દર્શન એટલે શું—

**"तं सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं"**

'જે જિનેશ્વર દેવોએ પ્રરૂપ્યું છે તે જ સત્ય છે એમ નિઃશંકપણે માનવું'. મતલબકે વીતરાગ–સર્વજ્ઞ પરમાત્માનું જે કથન, એના ઉપર જે અવિહડ શ્રદ્ધા; જ્યારે આત્મા રાગ-દ્વેષથી મુક્ત બની વીતરાગતા પ્રાપ્ત કરે છે ત્યારેજ સર્વજ્ઞ બને છે. વીતરાગ એવા સર્વજ્ઞ પરમાત્માનું વચન ત્રિકાલાબાધિત જ હોય છે અને એથી જ તે શ્રદ્ધેય છે. એના કથન કરનારા મહાપુરુષો શ્રદ્ધેય પુરુષો તરીકે પંકાય છે.

આત્મહિત સાધવાની ભાવનાવાળા આત્મા-ઓને પહેલી અને વહેલી તકે પ્રથમ શ્રદ્ધાની જરૂર છે. શ્રદ્ધાહિનની ક્રિયા છાર પર લીંપણુ જેવી છે. અંક વિહુણા મીંડા જેવી છે તેમજ ગગનમાં ચિત્રામણ કરવા સદૃશ છે.

સમ્યગ્દર્શનપૂર્વકનું જે જ્ઞાન તે જ સમ્યક્જ્ઞાન છે.

સમ્યગ્દર્શનની જે ક્રિયા તે સમ્યક્ ક્રિયા છે.

સમ્યગ્દર્શન વિહુણુ જે જ્ઞાન તે અજ્ઞાન મિથ્યાજ્ઞાન છે.

સમ્યગ્દર્શન વિહુણી જે ક્રિયા તે મિથ્યા ક્રિયા તરીકે ઓળખાય છે.

કેટલાકો સાચી શ્રદ્ધાને અંધશ્રદ્ધા કહી વખોડી કાઢે છે. તે લોકો સમજતા નથી કે અંધશ્રદ્ધા કોને કહેવી.

અજ્ઞાનીની પાછળ પાછળ ચાલવું તેનું નામ અંધશ્રદ્ધા છે. જ્ઞાનીની પાછળ ચાલવું તે અંધ-શ્રદ્ધા તો સમ્યક્શ્રદ્ધા છે—સાચી શ્રદ્ધા છે. આજ કાલ એવા આંધળાઓની-અજ્ઞાનીઓની પૂંઠે પૂંઠે ચાલનારાઓના જ મિથ્યા બકવાદો છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ **"तन्निसर्गादधिग-माद्वा"** સ્વાભાવિક પણુ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. જેમકે એક પત્થર નદીઓ, નાળા, પહાડો વગેરેમાં કુટાતો કુટાતો ઘણે કાળે સ્વાભાવિક ગોળ બની જાય તેવી જ રીતે આત્મા અકામ નિર્જરા કરતો કરતો પાપના ભારથી લઘુ બનેલો નૈસર્ગિક–સ્વાભાવિક સમ-કિત પ્રાપ્ત કરે છે. શમ, સંવેગ, નિર્વેદ, આસ્તિ-ક્ય અને અનુકંપા આ પાંચ લક્ષણો જેનામાં હોય તેનામાં અવશ્ય સમકિત છે એમ સમજવું. સમકિતના અનેક પ્રકારો શાસ્ત્રોમાં શાસ્ત્રકારોએ વર્ણવેલા છે.

શ્રદ્ધા સકળ સુખ મૂળ છે શ્રદ્ધા વિના બધું ધૂળ છે.
આરોગ્ય શ્રદ્ધાથી મળે, ઉદ્યોગ શ્રદ્ધાથી ફળે.
શ્રદ્ધાથી ઉન્નતિની ગતિ અતિ વેગથી વધતી જતી,
ઉન્નતિ તત્ક્ષણ અટકતી શ્રદ્ધાનું જ્યાં વર્તુલ છે.

× × × ×

શ્રદ્ધાથી દુર્લભ નહિ કંઈ ભવ સિંધુમાં એ પૂલ છે,
જે જે અસાધ્ય બીજા ગણે શ્રદ્ધા સુસાધ્ય તે તે ભણે.

---

આજની નારી ફેશનની પૂતળી બને અથવા તો પુરુષોની સ્વચ્છંદતાની નકલ કરતી ફરે એ વાત સમાજને માટે અશોભનીય છે. નારીનો ગર્વ અને ગૌરવ તો ગૃહલક્ષ્મીના રૂપમાં જ હોઇ શકે એથી જ સ્ત્રી–પુરુષ બન્નેનું શ્રેય થવાનું છે. [ઉર્મી] શ્રી સંપૂર્ણાનંદજી.

## વિક્રમના ૧૨ મા શતકના અતિ પ્રાચિન પ્રશ્નોત્તર ગ્રંથનો સાર

# પ્રશ્નપદ્ધતિસાર

[ ઉત્તરાર્ધ ]

મૂળકર્તા, પં. શ્રી હરિશ્ચન્દ્ર ગણિવર.

સારલેખક, પૂ. મુનિરાજશ્રી સુબુદ્ધિવિજયજી મ.

**કલ્યાણ** ત્રિમાસિક બીજા વર્ષના ત્રીજા અને ચોથા ખંડમાં **પ્રશ્નપદ્ધતિ** નામના ગ્રંથનો પૂર્વાર્ધ સારરૂપે ગૂજરાતીમાં અપાયો છે. ઉત્તરાર્ધ શરૂ થાય છે. આ પ્રશ્નોત્તરસારના લેખક પુ૦ મુનિરાજશ્રી અમને લખી જણાવે છે કે, 'શબ્દાનુવાદ કે ભાષાનુવાદની શૈલી નહિ રાખતાં પ્રશ્નપદ્ધતિ ગ્રંથના આધારે તેનો ટુંક સાર અહિં પ્રશ્નોત્તર શૈલિએ લખ્યો છે. જેથી સાક્ષીના શાસ્ત્રપાઠો કે બીજું વિવેચન બાજૂયે રાખી સરળ ભાષામાં પ્રસ્તુત ગ્રંથનો સાર આ પ્રશ્નોત્તરોમાં જાળવી રાખ્યો છે. વિશેષ જિજ્ઞાસુઓએ મૂળ ગ્રન્થ જોવો, તેમજ આમાં કાંઇપણ સ્ખલના જેવું જણાય તો સરળ ભાવે સૂચવવું.' **સં.**

---

**પ્રશ્ન** — મેરૂપર્વત કયા લોકમાં ?

**ઉત્તર** — મેરૂ ત્રણે લોકમાં આવી રહ્યો છે તેમ જાણવું. ૧૦૦૦ એક હજાર યોજન પ્રમાણ અધોલોકમાં અને ૧૮૦૦ અઢારસો યોજન પ્રમાણ તિર્ચ્છાલોકમાં, બાકીનો ઉર્ધ્વલોકમાં છે, આથી મેરૂપર્વત ત્રણે લોકમાં છે.

**પ્ર૦** મેરૂપર્વતની છાયા કયા સ્થાનમાં પડે છે?

**ઉ૦** મેરૂની છાયા પડતી જ નથી, કારણકે ૯૭૨૦૦ યોજન મેરૂ ઉંચો હોવાથી અને ચંદ્રસૂર્ય તિર્ચ્છાલોકમાં મેરૂની પ્રદક્ષિણા ભરતા હોવાથી તે સ્ત્રીઓના પગના ઝાંઝરની જેમ અત્યંત નીચા હોવાને કારણે મેરૂને પ્રકાશ આપી શકતા નથી, પરંતુ પોતાની મેળેજ વિવિધ રત્નમય હોવાથી રત્નની કાન્તિથી મેરૂ સ્વયં પ્રકાશમાન છે.

**પ્ર૦** સૂર્ય અને ચંદ્ર હંમેશાં આકાશમાં ઉગતાજ છે તો સૂત્રકારે "ઉગ્ગએસૂરે" સૂર્ય ઉગે છે એ પ્રમાણે પચ્ચખ્ખાણના સૂત્રોમાં કહ્યું છે તે કઈ રીતે ?

**ઉ૦** લોકોની આંખથી જ્યારે જોવામાં આવે છે, ત્યારે લોકો 'સૂર્યચન્દ્ર ઉગ્યા' તેમ બોલે છે અને જ્યારે આંખોથી તે જોવાતા બંધ થાય છે ત્યારે અસ્ત પામ્યા તેમ લોકમાં બોલાય છે, એથી લોકભાષાને સૂત્રકારે આશ્રયિને ઉપર પ્રમાણે જણાવ્યું છે.

**પ્ર૦** ક્ષયોપશમ સમકિતવાળાને અનંતાનુબંધી ક્રોધાદિક્ષયને પામ્યા છે અને ત્રણ દર્શન મોહનીયનો ઉપશમ થયેલો છે, તો પછી મિથ્યાત્વને પામતા તે જીવને તે પ્રકૃતિઓ ફરી કેમ ઉદય પામે ? કેમકે ક્ષય થયેલી પ્રકૃતિનો ઉદય હોઈ શકે નહિ, તો આ કેવીરીતે ઘટે ?

**ઉ૦** જેમ ઓલવાઈ ગયેલા અંગારા અંદરથી ધૂંધવાતા હોય તો ફરી અગ્નિનો સંયોગ મળતાં તે ઉદ્દિપ્ત થાય છે તેની જ જેમ ઉપશાન્ત સમકત્વ મોહોદયમાં તે કષાયો ઉદયમાં આવે છે, તે કારણે તે સત્તામાંથી સર્વથા ક્ષાયિકભાવે ક્ષય પામ્યા નથી. આ બધો વિસ્તાર કર્મપ્રકૃતિની ટીકામાં જોઈ લેવો.

પ્ર૦ ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયેલા જીવને કર્મની ક્ષપણાના અવસરે કેવા પ્રકારનો શ્રમ પડે છે?

ઉ૦ જેમ અત્યંત બળવાન પુરૂષ ગંગાના મધ્યભાગને તરીને થાકેલો, તટ ઉપર વિશ્રામ કરે તેની જેમ મોહનીયકર્મ ખપાવીને જીવ કષ્ટવાળો થયો થકો તેરમા ગુણસ્થાનકને પામીને શાન્ત થાય છે.

પ્ર૦ સૂર્યચન્દ્રને જ્યારે પર્વરાહુ ગ્રહણ કરે છે, ત્યારે સૂત્રનું અધ્યયન કેમ નથી થતું?

ઉ૦ તે અવસરે ગ્રહણના મહિમા માટે મિથ્યાદૃષ્ટિદેવો મનુષ્યલોકમાં ભમતા હોય છે, આથી તે વેળા સૂત્ર ભણનારને જોઈને તેઓ ઉપદ્રવ કરે, આ કારણે પૂર્વ ઋષિઓએ તેનો નિષેધ કર્યો છે.

પ્ર૦ કૃતકૃત્ય જિનેશ્વરદેવો શા માટે દેશના આપે છે?

ઉ૦ વચનના પરમાણુઓને (ભાષાણું) ખપાવવા માટે અને પરોપકાર માટે તે શ્રી તીર્થંકરદેવો સ્વયં કૃતકૃત્ય હોવા છતાં દેશના આપે છે.

પ્ર૦ પરમાણુઓની આઠ પ્રકારની વર્ગણા શા માટે કરી?

ઉ૦ જેમ કોઈ ગૃહસ્થને ઘણી ગાયોનાં ટોળાં છે તેથી તેનું રક્ષણ કરનાર ગોવાલીઆ અંદર અંદર તકરાર કરે છે, આથી તેના માલીકે રાતી, પીળી, કાળી વગેરે વર્ણના ભાગ પાડીને ગોવાળીઆઓને તે ગાયોનાં ટોળાંને ચારવા સોંપી, તેથી પોતપોતાને સોંપેલી ગાયોના સમુહને તેઓ સુખપૂર્વક ચરાવે છે. તેની જેમ પરમાણુમાં તેની પરીક્ષા કરવાવાળાઓની (સમજનારની મુંઝવણને દૂર કરવા માટે) વિરોધને સમાવવાને શ્રી જિનેશ્વર દેવોએ આઠ વર્ગણા જૂદી જૂદી ઉપદેશી છે.

પ્ર૦ પાદપોપગમન નામના અનશનમાં હલન ચલન નથી તો પછી શા માટે "ઉચ્ચાર પાસવણ ભૂમિને પડિલેહહ" લઘુનીતિ વડીનીતિ માટે જમીનને જોવી એ પ્રમાણે સૂત્રકારે શા માટે ફરમાવ્યું છે?

ઉ૦ અનશન કરવા અગાઉ કદાચ ઠલ્લામાત્રાને પરઠવે, તે કારણે ભૂમિની પ્રતિલેખના જણાવી છે. આ હકીકત **ભગવતિ** સૂત્રમાં સ્કન્ધકના અધિકારમાં મારા ગુરૂ મહારાજે (પૂ૦ શ્રી અભયદેવસૂરિ મહારાજે) જણાવી છે.

પ્ર૦ ભવિષ્યમાં ઉત્થાપક-નિહ્નવ થવાનો છે આમ જાણવા છતાં ભગવાને જમાલીને શા માટે દીક્ષા આપી?

ઉ૦ જમાલીની સાથે બીજા અનેક જીવોનો ઉદ્ધાર જાણીને અથવા જ્યાંસુધી ચારિત્રને પાળશે ત્યાંસુધી જ લાભ છે. આ રહસ્યને સ્હમજીને અથવા ભાવિભાવ સ્હમજીને ભગવાને જમાલીને દીક્ષા આપી છે.

પ્ર૦ નારકી, નરકના ભવને ત્યાગ કરી ફરીથી તુરત નારકી થતો નથી તો પછી "**नेरइए नेरइएसु गच्छइ णो अणेरइए**" એ પ્રમાણે સૂત્રમાં કેમ કહ્યું છે?

ઉ૦ આ વાકય આયુષ્યની અપેક્ષાએ કહેલું છે, નરકનું આયુષ્ય બાંધીને નારકીપણે ઉત્પન્ન થતો જીવ "**उत्पद्यमान उत्पन्नः इति वचनात्**" વાંચ્છિત ગતિથી મરીને માર્ગમાં જતો નારકી જ કહેવાય તેથી કરીને સૂત્રમાં એ રીતે કહ્યું છે પણ નારક ભવથી નારકીમાં ઉત્પન્ન થાય છે તેમ કહ્યું નથી.

પ્ર૦ જીવની અલઘુપર્યાયમાં તો ઉર્ધ્વગતિ જ, તો પછી નીચે શા માટે જાય છે ?

ઉ૦ જેમ તુંબડાનું ફળ જળની ઉપર તરવાના સ્વભાવવાળુ જ છે પરન્તુ માટી વગેરેના લેપના સંયોગથી જળની નીચે જાય છે તેની જેમ કર્મરૂપી મળના લેપના ભારથી આત્મા નીચે જાય છે.

પ્ર૦ કર્મ અને જીવનો કઈરીતે સંબન્ધ થયો?

ઉ૦ અનાદિત્વાત્—એ સંબન્ધ અનાદિપણાનો છે, એટલે એની આદિ કે શરૂઆત સર્વજ્ઞ પણ કહેવા શક્તિમાન નથી.

પ્ર૦ શ્રી **ગૌતમ** સ્વામીને ચાર જ્ઞાન વિદ્યમાન હોવા છતાં **આનંદ** શ્રાવકની પાસે અવધિ જ્ઞાનના વિષયમાં ઉત્તર આપવામાં શા માટે સ્ખલના પામ્યા ?

ઉ૦ પોતે ઉપયોગ ન આપેલો હોવાથી અથવા અત્યન્ત વિનયવાન હોવાથી ભગવાનની હયાતીમાં મારે ઉપયોગ મૂકવાની જરૂર નથી અથવા ભગવાનને પૂછીશ આવી બુદ્ધિથી ઉપયોગ મૂકયો નથી.

પ્ર૦ "**मज्जं वा मंसं वा भोच्चा वा पिच्चा वा**" આનો અર્થ શો ?

ઉ૦ છેદ સૂત્રના અભિપ્રાયથી આ સૂત્રને જાણવું. કર્મનાવશથી વિચિત્ર ગતિવાળા સાધુઓ હોય છે આમાં કાંઈ આશ્ચર્ય નથી અને પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે; પરંતુ આ કહેવા લાયક નથી.

પ્ર૦ શ્રુતકેવળીનું વચન કેવળીની જેમ કહ્યું તે કેવી રીતે ?

ઉ૦ આ ઉપયોગવાળા શ્રુતકેવળીને માટે, પણ ઉપયોગ વિનાના શ્રુતકેવળી તો ઉલટું પણ કહે, શ્રી ગૌતમસ્વામીની જેમ.

પ્ર૦ નિશિથ સૂત્રમાં પાસત્થાની વૈયાવચ્ચનો નિષેધ કર્યો છે, તો શ્રી પંથક મુનિએ શ્રી શૈલક મુનિની વૈયાવચ્ચ કેમ કરી ?

ઉ૦ શ્રી શૈલક મુનિ આચાર્ય હોવાથી કદાચ 'પ્રમાદને ત્યજીને શુદ્ધ અંતઃકરણવાળા થાય એ બુદ્ધિથી' અથવા તો 'જો હું ગયો તો આચાર્ય મહારાજ સર્વ પ્રકારે આચાર ભ્રષ્ટ થશે એ બુદ્ધિથી શ્રી પંથક મુનિએ વૈયાવચ્ચ કરી.

પ્ર૦ "**कुक्कडंडग पमाणमित्ते**" આ વાકયનો શો અર્થ ?

ઉ૦ સહજ સુખથી ( સહેલાઈથી ) મુખમાં પેસે તેટલા પ્રમાણવાળા કોળીઆથી મુનિએ આહાર કરવો. આ હકીકત વિસ્તારથી શ્રી ભગવતીસૂત્રમાં મારા ગુરૂમહારાજે સમજાવી છે, ત્યાંથી જાણી લેવું.

પ્ર૦ "**मासे तओ उदगलेवं करेमाणे सबले**" આ ઠેકાણે લેપ શબ્દથી શું જાણવુ ?

ઉ૦ જાનુપ્રમાણ પાણીવાળી નદીમાં પ્રવેશ કરે, નાભીપ્રમાણ પાણીમાં પ્રવેશ કરે તો તે લેપ કહેવાય અને માસમાં બે અધિક ઉદક લેપ કરનાર મુનિનું ચારિત્ર સબલ—દોષવાળું બને છે. આ હકીકત શ્રી સમવાયાંગસૂત્રની વૃત્તિમાં જણાવી છે, ત્યાંથી જાણી લેવી.

પ્ર૦ શ્રી **અતિ**મુકત નામના મુનિએ જળમાં ક્રીડા કરી ત્યાં શું હકીકત જાણવી ?

ઉ૦ બાલ્ય અવસ્થાને અંગે જળને જોઈને તેમાં ક્રીડા કરવા લાગ્યા. અને તે વખતે ચારિત્રનો ઉપયોગ ભૂલાઈ ગયો એ બાળવિકાર હોવાથી બન્યું, એમ શાસ્ત્રમાં કહ્યું છે.

ચાલુ.

# આપ્તમંડળની યોજના

કલ્યાણની હિતકર પ્રવૃત્તિઓને પહોંચી વળવા કાજે જૈન સમાજના શ્રદ્ધાળુ અને સંસ્કાર રસિકોની પાસે આપ્તમંડળની યોજના રજુ કરી હતી. અમારી ધારણા મુજબ **કલ્યાણ**ને આર્થિકતામાં પણ સારો સહકાર મળ્યો છે. સૌ કોઇનો અમે આભાર માનીએ છીએ. **સં.**

## યોજના:

૧. રૂા. **૨૦૧** એકી વેળાએ આપનાર સદ્‌ગૃહસ્થો સંરક્ષક મંડળના આજીવન સભ્ય.

૨. રૂા. **૧૦૧** એકી વેળાયે આપનાર સદ્‌ગૃહસ્થો સહાયક મંડળના આજીવન સભ્ય.

૩. રૂા. **૫૧** એકી વેળાયે આપનાર સદ્‌ગૃહસ્થો શુભેચ્છક મંડળના આજીવન સભ્ય.

૪. રૂા. **૨૧** એકી વેળાયે આપનાર સદ્‌ગૃહસ્થો શુભેચ્છક મંડળના પંચવર્ષીય સભ્ય.

૫. રૂા. **૧૧** એકી વેળાયે આપનાર સદ્‌ગૃહસ્થો શુભેચ્છક મંડળના દ્વિવર્ષીય સભ્ય.

## આપ્તમંડળ

આપ્તમંડળની ઉપરોક્ત યોજનાને આવકારવાપુર્વક, કલ્યાણની શુભપ્રવૃત્તિઓને પોતાનો સહકાર આપવાની ઉદારતા કરી, જેઓએ પોતાનાં શુભ નામો અમારા આપ્તમંડળમાં નોંધાવ્યા છે તે સદ્‌ગૃહસ્થો—

### રૂા. ૨૦૧ આપનાર સંરક્ષક મંડળના આજીવન સભ્યો:

૧ શેઠ શાંતિલાલ મણિલાલ શ્રોફ ખંભાત
૨ શેઠ રમણભાઇ દલસુખભાઇ મુંબઇ
૩ શેઠ કાન્તિલાલ ઉજમશી શ્રોફ ખંભાત
૪ શેઠ બાબુભાઇ છગનલાલ શ્રોફ મુંબઇ
૫ શેઠ કલ્યાણભાઇ છગનલાલ નાણાવટી મુંબઈ

### રૂા. ૧૦૧ આપનાર સહાયક મંડળના આજીવન સભ્યો.

૧ શેઠ જયંતિલાલ બેચરદાસ દોશી મુંબઇ
૨ શેઠ પોપટલાલ પરશોતમદાસ મુંબઇ
૩ શેઠ રમણલાલ વજેચંદ ખંભાત
૪ શેઠ ભોગીલાલ ગીરધરલાલ મુંબઇ
૫ સી. પી. દોશી એન્ડ કું. મુંબઇ
૬ શેઠ ઝવેરચંદ પ્રાગજી ઝવેરી જામનગર
૭ શેઠ રતનલાલ જીવાભાઇ ચોકસી અમદાવાદ
૮ શેઠ છોટાલાલ હેમચંદ રાજકોટ
૯ શેઠ મનુભાઇ લાલભાઇ ચંદુલાલ ઝવેરી અમદાવાદ
૧૦ શેઠ કનુભાઇ લાલભાઇ ચંદુલાલ ,, ,,
૧૧ શેઠ જગજીવનદાસ શેષકરણ જુનાગઢ
૧૨ દોશી સૌભાગ્યચંદ કુંદનમલ મુંબઇ
૧૩ શેઠ રમણલાલ ડાહ્યાભાઇ ઝવેરી અમદાવાદ

## રૂા. ૫૧ આપનાર શુભેચ્છક મંડળના આજીવન સભ્યો.

૧ શ્રી શાંતિભુવન જૈન સંઘ જામનગર
૨ શેઠ માણેકચંદ પુંજાભાઇ મુંબઇ
૩ શેઠ કેશવલાલ વજેચંદ કાપડીઆ ખંભાત
૪ શેઠ મૂળચંદ ડાહ્યાભાઇ દલાલ ખંભાત
૫ વોરા ઉમેદચંદ કાલીદાસ હ. હેમકોરબેન જામનગર
૬ શેઠ હીરાલાલ ઉમેદચંદ ખંભાત
૭ શેઠ અમરચંદ મંગુભાઇ ખંભાત
૮ શેઠ કેશવલાલ છોટાલાલ ખંભાત
૯ સીપોર જૈન સંઘ સીપોર
૧૦ શેઠ વાડીલાલ છોટાલાલ વીસનગર
૧૧ શેઠ મોહનલાલ સખારામ પુના સીટી
૧૨ શેઠ કાન્તિલાલ હંસરાજ રાજકોટ
૧૩ શેઠ મફતલાલ મોહનલાલ અંધેરી
૧૪ સંગીતરત્ન હીરાલાલ દેવીદાસ અમદાવાદ
૧૫ શેઠ ગુલાબચંદ ગફલભાઇ હળવદ
૧૬ શેઠ મણિલાલ ડોસાભાઇ ખાંડવાળા
હા. નિર્મળા બ્હેન પાટણ
૧૭ કાશીપરા જૈન ઉપાશ્રય બોરસદ

## રૂા. ૨૧ આપનાર શુભેચ્છક મંડળના પંચવર્ષીય સભ્યો.

૧ શાહ નેમચંદ માણેકચંદ મુંબઈ
૨ શેઠ ગીરધરલાલ અમીચંદ કૂંડલા
૩ શાહ બાલચંદ ઇશ્વરલાલ મુંબઇ
૪ શાહ વરજીવનદાસ અભેચંદ મુંબઇ
૫ ઝવેરી શાંતિલાલ ખેતસી જામનગર
૬ શાહ તલકચંદ નાનચંદ દાદર
૭ દોશી લાલચંદ મુલચંદ જામનગર
૮ શાહ છોટાલાલ માણેકચંદ „
૯ ઝવેરી કપુરચંદ અજરામર „
૧૦ જૈન લાઇબ્રેરી સીરસાલા
૧૧ શા. શાંતિલાલ ઉમેદચંદ ખંભાત
૧૨ શા. સોમચંદ પાનાચંદ ખંભાત
૧૩ સંઘવી કીરચંદ સુંદરજી મોરબી
૧૪ મકીમ વેલજી કચરાભાઇ જામનગર
૧૫ શ્રી સરદારપુર જૈન સંઘ સરદારપુર
૧૬ પારેખ નારણજી હીરજીભાઈ જામનગર
૧૭ શાહ ચંપકલાલ છોટાલાલ સુતરીઆ સુરત
૧૮ શાહ નટવરલાલ ભોગીલાલ વડનગર
૧૯ શાહ ભાઇચંદ ફુલચંદ મોરબી
૨૦ મહેતા માધવજી હીરજીભાઇ ધોરાજી
૨૧ શાહ નરભેરામ હંસરાજ જામનગર
૨૨ શાહ વાડીલાલ ફકીરચંદ ખંભાત
૨૩ શેઠ પ્રેમચંદ કચરાણી ભાણવડ
૨૪ ગાંધી મોનજી ધનજી આરામડા
૨૫ શા. ત્રિભોવનદાસ હીરજી શીવા
૨૬ શાહ બાબુલાલ નેમચંદ મુંબઇ
૨૭ શ્રી આગલોડ જૈન સંઘ
૨૮ નંદરબાર જૈન પેઢી
૨૯ ઝવેરી અમૃતલાલ કપુરચંદ મુંબઇ
૩૦ રાધનપુર જૈનશાળા સંઘ
૩૧ શાહ કાંતિલાલ મહાદેવ કચ્છ-માંડવી
૩૨ શેઠ ચૂનીલાલ કમળશી જોરાવરનગર
૩૩ શેઠ સાકરચંદ પાનાચંદ જામવણથલી
૩૪ શાહ વીરપાળ હીરાલાલ જામનગર
૩૫ શાહ રમણલાલ ચૂનીલાલ મુંબઈ
૩૬ શાહ રામચંદ દેવરાજ જામનગર
૩૭ શાહ બાબુલાલ પરશોતમ તંબોલી રાજકોટ
૩૮ શાહ મગનલાલ પાનાચંદ રાજકોટ
૩૯ શાહ વીરચંદ લખમીચંદ અમદાવાદ
૪૦ શાહ રીખવાજી મનાલાલ મુંબઈ
૪૧ શાન્તાબેન રમણલાલ ઝવેરી અમદાવાદ
૪૨ બાબુભાઈ ભગવાનજી દાદર
૪૩ શાહ પોપટલાલ નરશીદાસ મુંબઈ
૪૪ શાહ ઠાકરશી હીરજીભાઇ દાદર
૪૫ શાહ અમૃતલાલ જેશીંગલાલ અમદાવાદ
૪૬ શાહ પ્રેમચંદ ગુલાબચંદ મુંબઈ
૪૭ શ્રી જવાહિર સ્ટોર્સ દાદર
૪૮ શા. કાનજીભાઇ રતનશી દાદર

## રૂા. ૧૧ આપનાર શુભેચ્છક મંડળના દ્વિવર્ષીય સભ્યો.

૧ વોરા લાલચંદ વેલચંદ વઢવાણ શહેર
૨ શાહ મણિલાલ ચુનીલાલ ,, ,,
૩ દોશી સવચંદ જેઠાભાઇ ,, ,,
૪ દોશી ફૂલચંદ લાલચંદ ,, ,,
૫ શાહ શાંતિલાલ ત્રીકમલાલ ,, ,,
૬ શ્રી જિતરાજજી હિંદુમલજી કોલ્હાપુર
૭ શાહ બાલચંદભાઇ ભીખાભાઇ ખંભાત
૮ શાહ ફુલચંદ રણછોડદાસ ,,
૯ શાહ અમરચંદ કસલચંદ ,,
૧૦ શાહ ભોગીલાલ દલસુખભાઇ ,,
૧૧ પા. મગનલાલ લલ્લુભાઇ ,,
૧૨ શાહ વાડીલાલ ચુનીલાલ દંતારા ,,
૧૩ શાહ નેમચંદ પાનાચંદ ,,
૧૪ શાહ ઠાકરશીભાઇ ધરમચંદ ,,
૧૫ શાહ ભીખાભાઇ ચુનીલાલ ભગત ,,
૧૬ શાહ હીરાચંદ કીલાભાઈ ,,
૧૭ શાહ ન્યાલચંદ રતનચંદ ,,
૧૮ શેઠ ભોગીલાલ બમલદાસ મુંબઈ
૧૯ ઝવેરી માણેકલાલ ચુનીલાલ સુરત
૨૦ ડૉ વલ્લભદાસ નેણશીભાઇ મોરબી
૨૧ શાહ વરવાલાલ અમૃતલાલ ખાવડ
૨૨ શ્રી લાડોલ જૈન સંઘ [વિજાપુર]
૨૩ શાહ સુંદરલાલ ચુનીલાલ વડોદરા
૨૪ શાહ ભીખાભાઈ ઝવેરચંદ ખંભાત
૨૫ શાહ પરશોતમદાસ છગનલાલ ,,
૨૬ શાહ જીવાભાઈ મોતીલાલ ,,
૨૭ શાહ નગીનદાસ આશાલાલ ,,
૨૮ શાહ ભોગીલાલ ચુનીલાલ ,,
૨૯ શાહ ગુલાબચંદ કપુરચંદ ,,
૩૦ શાહ મનુભાઈ કચરાભાઈ ,,
૩૧ શાહ રતનલાલ છગનલાલ ,,
૩૨ પા. અમૃતલાલ મનસુખભાઈ ,,
૩૩ શાહ કેશવલાલ મૂળચંદ ,,
૩૪ શાહ નાનાલાલ જેઠાભાઈ ,,
૩૫ શાહ ભીખાભાઈ મોહનલાલ ,,
૩૬ શાહ નાથાલાલ મોહનલાલ મહેસાણા
૩૭ મેઘજી ઠાકરશીભાઈ હ. પ્રેમજીભાઈ મુંબઈ
૩૮ શ્રી જૈન શ્વેતામ્બર પાઠશાળા ઈડર
૩૯ શ્રી ચીમનલાલ જી. શાહ મુંબઈ
૪૦ શાહ લાલજી કેશવજી ચીનાઈ મુંબઇ
૪૧ શાહ ચંદુલાલ ભોગીલાલ અમદાવાદ
૪૨ ઝવેરી મંગળદાસ નથ્થુભાઇ વિજાપુર
૪૩ ઝવેરી ભોગીલાલ નથ્થુભાઇ મુંબઈ
૪૪ શેઠ ભોગીલાલ હાલાભાઇ પાટણ
૪૫ શાહ તેજરાજ કસ્તૂરચંદ જામખંડી
૪૬ શાહ બાબુલાલ પ્રેમચંદ મુંબઇ
૪૭ શાંતિચંદ્ર ઝવેરચંદ ઝવેરી મુંબઇ
૪૮ ભાઇચંદ તારાચંદ કાપડીઆ સુરત

### ગ્રાહકોને અગત્યનું—

જે અંકે આપનું લવાજમ પૂરું થાય છે તેની ખબર આપને પોષ્ટદ્વારા આપવામાં આવે છે, છતાં કેટલાક ગ્રાહકબન્ધુઓ લવાજમ ભરતા નથી અને પત્રથી ગ્રાહક ન રહેવાની સૂચના પણ આપતા નથી. રાહ જોઇ જ્યારે વી. પી. કરવામાં આવે છે ત્યારે વી. પી. પાછું મોકલે છે, તો નાહક સંસ્થાને ખોટા ખર્ચમાં નહિ ઉતારતાં ત્રણ પૈસાના કાર્ડથી ખબર આપવા મહેરબાની કરવી યોગ્ય છે.

જ્યારે તમારા સીરનામાની ફેર બદલી થાય ત્યારે સંસ્થામાં ગ્રાહકે જણાવવું જોઇએ. કેટલાક ગ્રાહકોની પાછળથી બૂમ આવે છે, પણ તે તેમનીજ ભૂલ છે, ફેરબદલીનું સીરનામું ન જણાવવામાં આવે ત્યાંસુધી મૂળ સીરનામે અંકો જાય છે. ગેરવલ્લે જાય તેના જવાબદાર અમે રહેતા નથી અને ફરી અંકો મોકલવામાં આવશે નહિ.

# ઉદ્દેશ અને નિયમો

૧ કલ્યાણનો મુખ્ય ઉદ્દેશઃ 'દેશ અને સમાજના વાતાવરણને અનુલક્ષીને જૈન સંસ્કૃતિનો સંદેશઃ સરળ, ભાવવાહી અને સંસ્કારી ભાષાના લેખો દ્વારા જૈન–જૈનેતર સમાજના સંસ્કારવાંચ્છુ વર્ગની સમક્ષ રજૂ કરવો'.

૨ જૈન તત્ત્વજ્ઞાન, શિક્ષણ, ઇતિહાસ, સાહિત્ય, તીર્થ પ્રવાસ, કથા કે ધર્મોપદેશ ઇત્યાદિ કોઇપિણ વિષયને સ્પર્શીને ટુકમાં મુદ્દાસરનું લખાણ કે, જે હળવી શિષ્ટ અને સરળ ભાષામાં લખાયેલું હોય તેવું લખાણ પ્રગટ કરવું.

૩ આવેલા લેખોમાં આવશ્યક જણાય તે ફેરફાર કરવાનો અધિકાર સંપાદકને રહેશે.

૪ લેખોની પસંદગીનું કાર્ય સંપાદકની ઇચ્છા ઉપર રહેશે પસંદગીનું ધોરણ બેશક નિષ્પક્ષ રીતે સચવાશે. કોઇને પણ અન્યાય નહિ થાય, તેની પૂરતી કાળજી રહેશે પણ પ્રાચીન સંશોધન જૈન તત્ત્વજ્ઞાન કે અદ્યતન શૈલીએ રજૂ થતી ઐતિહાસિક કથા અથવા તીર્થયાત્રા અને ધાર્મિક કે સામાજિક પ્રશ્નોની જૈન સંસ્કૃતિની દૃષ્ટિયે સમાલોચના;ઇત્યાદિ વિષયોના ટૂંકા, મર્મસ્પર્શી અને રોચક ભાષાવાળા લેખોને પહેલું સ્થાન મળશે.

૫ કોઇપણ કારણસર અપ્રગટ થયેલ લેખ પાછો મંગાવનારને મંગાવનારના ખર્ચે તે લેખ પાછો મોકલવામાં આવશે; પણ પ્રસિદ્ધ ન કરવાનાં કારણો જણાવવાને સંપાદક જવાબદાર નહિ રહે. અપ્રસિદ્ધ લેખ, અંક પ્રગટ થયા પછી એક મહિના પછી નહિં મળી શકે.

૬ અવલોકનાર્થે મોકલાવાતાં પુસ્તકો, સામયિકો કે પ્રકાશનોનું નિષ્પક્ષ અવલોકન પ્રગટ થતું રહેશે.

૭ લેખ વધારેમાં વધારે ફુલ્સકેપ બે પેજથી અધિક ન હોવો જોઇએ, લખાણ કાગળની એકજ બાજૂ અને શાહીથી સ્પષ્ટ અક્ષરોમાં લખી મોકલવું.

૮ જે અંકમાં લેખ લેવામાં આવ્યો હશે તેજ અંક લેખકને ફ્રી મોકલવામાં આવશે. લેખકે પોતાનુ પુરૂં સીરનામું લખી મોકલવું.


## રોજના માત્ર બે પાઇના ખર્ચમાં સંસ્કાર, સાહિત્ય અને ધર્મનો સંદેશ

ઘેર બેઠાં મેળવવા ઇચ્છિતા હો તો જૈન સંસ્કૃતિના સંદેશવાહક **'કલ્યાણ'** ના ગ્રાહક આજેજ થવું જરૂરી છે.

જેમાં 'ઇતિહાસનાં વહેતાં વ્હેણો' દ્વારા ભૂતકાલીન તેમજ વર્તમાનના ઐતિહાસિક બનાવોની માર્મિક ટુંક નોંધ, જ્ઞાનગોચરીમાં નવું જાણવા જેવું, આધુનિક શૈલીયે ધાર્મિક કથા, ઔપદેશિક લેખો, તત્ત્વજ્ઞાન; શંકા સમાધાન, હળવી કલમોમાં પ્રાસંગિક નોંધો. આ બધું વિવિધ રસપ્રદ વાંચન મળે છે. આકર્ષક ગેટ અપ, ગ્લેજ સફેદ કાગળપર સ્વચ્છ છાપકામ, છતાં વાર્ષિક લવાજમ ભેટ પુસ્તક સાથે રૂા. ૪–૦–૦

**સોમચંદ ડી, શાહ**
કલ્યાણ પ્રકાશન મંદિર
**પાલીતાણા.** ( કાઠિયાવાડ )

# નીચેના સ્થળોએ લવાજમ ભરી શકાશે

૧ શા. નેમચંદ માણેકચંદ
ઠે૦ ૨૯૨, મસીદ બંદરરોડ તૈયબમંઝીલ
ઈમ્પીરીયલ બેંક સામે **મુંબઈ ૩**

૨ શેઠ જયંતિલાલ બહેચરદાસ
ઠે૦ મીરઝાસ્ટ્રીટ વ્યંકટેશભુવન બીજે માળે
**મુંબઈ ૩**

૩ શા. તલકચંદ નાનચંદ
ઠે૦ શેઠ મગનલાલ ડાયાભાઈની ચાલ
દાદર ૧૪ **(મુંબઈ)**
બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વે

૪ શા. સુખલાલ ઓઘડભાઈ
લોખંડના વેપારી ઠે૦ બજારમાં
**વઢવાણશહેર** (કાઠિઆવાડ)

૫ શા. નેમચંદ વીરજીભાઈ
ઠે૦ શ્રી કપુરચંદ અજરામર ઝવેરી
**જામનગર** (કાઠિઆવાડ)

૬ ફુલચંદ એમ. શાહ
ઠે૦ મેસર્સ નાગરદાસ ખેતસી
અમદાવાદી બજાર **નડીઆદ** (ગુજરાત)

૭ શેઠ જીવાભાઈ કેશવલાલ
ઠે૦ દીલીપકુમાર રમણલાલની કું.
ઠે. મસ્કતી માર્કીટ **અમદાવાદ**

૮ શ્રી મહોદય પ્રીં. પ્રેસ
ઠે. દાણાપીઠ **ભાવનગર** (કાઠિઆવાડ)

૯ શાહ હીરાલાલ રણછોડદાસ
ઠે૦ ગોપીપુરા **સુરત**

૧૦ નટવરલાલ ભોગીલાલ કાપડીઆ
ઠે૦ બજારમાં વાયા, મહેસાણા **વડનગર**

૧૧ પં. શીવલાલ નેમચંદ શાહ
ઠે૦ શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
**મહેસાણા** (ઉ. ગુજરાત)

૧૨ પં. છબીલદાસ કેશરીચંદ
ઠે૦ દાદાસાહેબની વાડી
**ખંભાત** (ગુજરાત)

૧૩ શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ઠે૦ પાયધુની ગોડીજીની ચાલ
પહેલે માળે **મુંબઈ ૩**

૧૪ સુંદરલાલ ચુનીલાલ શાહ
ઠે૦ ઘડીઆળી પોળ કોલાખાડી
ધન્યનિવાસ **વડોદરા** (ગુજરાત)

૧૫ મંગળદાસ ઉમેદચંદ શાહ
વાયા નવાડીસા **બાપલા**

---

**નોટઃ**—લવાજમ ભરનારે લવાજમ ભર્યાની ખબર પાલીતાણા ખાતે આપવી.

## એક રૂપીઓ બાર આનામાં

| | |
|---|---|
| ૧ પૂણ્યનો સિતારો | ૬ વીર રણસીંહ |
| ૨ હૃદયના તાર | ૭ દેવપાલ |
| ૩ વિનાશનાં વમળ | ૮ પ્રાર્થના |
| ૪ પવિત્રતાને પંથે | ૯ પિયુષપ્રવાહ |
| ૫ સુસીમા | ૧૦ વેરાયેલાં ફુલો |

લખો—

**શા. ઉમેદચંદ રાયચંદ**
**ગારીઆધર** ( કાઠિઆવાડ )

## ત્રાપજનો મીઠો માવો અને કેશરીયા પેંડા મેળવવાનું વિશ્વાસ પાત્ર અમારા ઘરનું ઠેકાણું

**શા. લક્ષ્મીચંદ રાયચંદ ત્રાપજકર**
ઠે૦ મામાની છીપર, ગોડીપાર્શ્વનાથના દહેરાસર પાસે
**પાલીતાણા.**

## મંદિરો ઉપયોગી—

ધાતુની પ્રતિમાઓ, પરિકરો, સિંહાસનો, રથ, ઇંદ્રધ્વજા, ત્રિગડાંઓ વગેરે લાકડા ઉપર નકસીદાર કામ બનાવી સોના, ચાંદી, પિત્તળ, જર્મન વગેરે ધાતુઓથી મઢી આપનાર—

**વ્રજલાલ રામનાથ મિસ્ત્રી**
ઠે૦ છેલ્લી ગેઇટ પાસે **પાલીતાણા**

## પુસ્તકો ક્યાંથી ખરીદશો ?

જૈનધર્મનાં પુસ્તકો, સાપડા, નવકારવાળીઓ, ફોટાઓ વગેરે અમારે ત્યાંથી વ્યાજબી ભાવે મળશે.

લખો યા મળો—

**શા રતનશી જીવરામ વીરપાણી**
ઠે૦ માળીના મંદિર સામે **પાલીતાણા.**

## " કલ્યાણ " માં જાહેરખબર આપવાના ભાવ

| | ૧ માસ | ૩ માસ | ૬ માસ | ૧૨-માસ |
|---|---|---|---|---|
| આખું પેજ | રૂા. ૧૫ | ૩૫ | ૬૦ | ૧૦૦ |
| અડધું પેજ | રૂા. ૯ | ૨૦ | ૩૫ | ૬૦ |
| પા પેજ | રૂા. ૫ | ૧૨ | ૨૦ | ૩૫ |

કવર પેજ ત્રીજું રૂા. ૨૦ કવર પેજ ચોથું રૂા. ૨૫

**કલ્યાણ**—હજારો વાચકોના હાથમાં જાય છે. આપના માલની જાહેરખબર આપી એક વખત ખાત્રી કરવા અમારી આપને ભલામણ છે.

લખો:—

**શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર**
**પાલીતાણા** ( કાઠિઆવાડ )

**તા. ક.** આટલા સસ્તા દરોથી ભાગ્યે જ કોઇ જા+ખ લેતું હશે.

# —પાઠશાળા, પ્રભાવના અને લાઈબ્રેરી ઉપયોગી પ્રકાશનો—

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| બે પ્રતિક્રમણ મૂળ | ૧૦૦ ના | ૩૫—૦—૦ | નિત્યનોંધ | ૧૦૦ ના | ૧૨—૦—૦ |
| બે પ્રતિક્રમણ સાર્થ | ૧૦૦ ના | ૧૩૫—૦—૦ | સ્નાત્રપૂજા | ૧૦૦ ના | ૧૮—૦—૦ |
| પંચ પ્રતિક્રમણ મૂળ | ૧૦૦ ના | ૧૩૫—૦—૦ | રત્નાકરપચ્ચીસી | ૧૦૦ ના | ૧૫—૦—૦ |
| પંચ પ્રતિક્રમણ સાર્થ | ૧ ના | ૩—૮—૦ | નેમનાથનો શ્લોકો | ૧૦૦ ના | ૧૨—૦—૦ |
| જીવવિચાર સાર્થ | ... ... | ૦—૯—૦ | નવસ્મરણ | ૧૦૦ ના | ૫૦—૦—૦ |
| નવતત્ત્વ સાર્થ ... | ... .... | ૧—૦—૦ | સ્તવકર્ણિકા (સ્તવનાવલી) | ૧૦૦ ના | ૨૫—૦—૦ |
| દંડકસંગ્રહણી સાર્થ | ... ... | ૧—૨—૦ | સુધારસ સ્તવનાવલી | ૧૦૦ ના | ૪૫—૦—૦ |
| અનુપૂર્વિ મોટી (જયપુર) | ... | ૨—૦—૦ | ગહુંલીસંગ્રહ | ૧૦૦ ના | ૨૦—૦—૦ |
| દર્શનચોવીસી નાની | ... ... | ૦-૧૦-૦ | દેવવંદનમાલા | ૧ ના | ૨—૦—૦ |
| કર્મગ્રંથ ભાગ ૨ | ... ... | ૨—૪—૦ | વિવિધપૂજા સંગ્રહ | ... ... | ૩—૮—૦ |
| સંવાદ સંગ્રહ ... | ... ... | ૦-૧૨-૦ | સિન્દુર પ્રકર ... | ... ... | ૦—૬—૦ |
| પંચ પ્રતિક્રમણ શાસ્ત્રી ... | ... | ૧—૮—૦ | ગુર્જરસાહિત્ય ભાગ ૧ ... | .... | ૨—૦—૦ |
| સજ્ઝાયમાલા ... | ... ... | ૨—૦—૦ | ગુર્જરસાહિત્ય ભાગ ૨ ... | ... | ૧—૪—૦ |
| અભક્ષ્ય અનંતકાય | ... ... | ૧—૦—૦ | ચંદરાજાનો રાસ | ... ... | ૪—૦—૦ |
| શ્રમણ વંશવૃક્ષ ... | ... ... | ૦-૧૨-૦ | શ્રીપાળરાજાનો રાસ | ... ... | ૨—૮—૦ |
| આદિનાથ ચરિત્ર | ... ... | ૫—૦—૦ | ભામાશાહ ... | ... ... | ૨—૪—૦ |
| મહાવીરસ્વામી ચરિત્ર | ... ... | ૪—૦—૦ | સુકૃતસાગર ... | ... ... | ૧—૪—૦ |
| વાસુપૂજ્ય ચરિત્ર | ... ... | ૩—૮—૦ | સુરસુંદરી ... | ... ... | ૨—૪—૦ |
| ચંદ્રપ્રભુ ચરિત્ર ... | ... ... | ૨—૮—૦ | ગુણવર્મા ... | ... ... | ૦-૧૨-૦ |
| વિમળનાથ ચરિત્ર | ... ... | ૨—૮—૦ | તરંગવતી ... | ... ... | ૦-૧૨-૦ |
| પ્રભાવક ચરિત્ર ... | ... ... | ૩—૦—૦ | કીર્તિશાળી કોચર | ... ... | ૦-૧૨-૦ |
| દાનપ્રદીપ ... | ... ... | ૩—૮—૦ | કચ્છ—ગીરનારની યાત્રા ... | ... | ૧—૪—૦ |
| સામાયિકસૂત્ર | ૧૦૦ ના | ૧૦—૦—૦ | નવીન સ્તવન મંજરી ... | ... | ૦—૬—૦ |

સાપડા, નવકારવાળીઓ ફોટાઓ
અને સંસ્કારી ધાર્મિક પ્રકાશનો
માટે અમને પૂછો;

સોમચંદ ડી. શાહ
ઠે૰ જીવનનિવાસ સામે
પાલીતાણા ( કાઠિઆવાડ )

# ‘કલ્યાણ’ ને મળેલો સત્કાર

ઉદ્દેશ આ સામયિકના સંપાદકે સ્પષ્ટ કર્યો છે, અને જે લેખો આ અંકમાં નજરે પડે છે તે લેખો આ ઉદ્દેશને વધારે સ્પષ્ટ કરે છે. એટલુંજ નહિ પણ આ ઉદ્દેશના પોષક છે.

**કલમ કિતાબ** [જન્મભૂમિ]

એના આ પ્રથમ અંકનું ધોરણ હંમેશ માટે જાળવી રાખવાનો પ્રયાસ કરવામાં આવે તો ઉદાર દષ્ટિએ ચાલતું આ ‘કલ્યાણ’ સ્વ. મણીલાલ નથુભાઇના **સુદર્શન**નું સ્થાન યોગ્યતાપુર્વક લઇ શકે.

**પ્રજાબન્ધુ**

એકંદર આ કલ્યાણ જૈન ભાઇઓ, બહેનો તેમજ ઇતર સંપ્રદાયોને પણ ઉપયુક્ત નિવડે તેવું છે.

**ગુજરાતી**

જૈન ધર્મના વિદ્વાન્ લેખકોના લેખો હોઇને કેટલાક તો જૈનેતરોને પણ જ્ઞાન સાથે એ ધર્મની સંસ્કૃતિદર્શક સારી માહિતી પણ મળે તેમ છે.

**પુસ્તકાલય**

મનનીય લેખો વાંચવા જેવા છે, તેમજ આ ‘કલ્યાણ’ ને ઉત્તેજન આપવાની આવશ્યકતા જોઇએ છીએ. **આત્માનન્દ પ્રકાશ**

કલ્યાણના લેખો સુંદર હતા, નિહાળી આનંદ.

**પૂ. આ. વિજયલબ્ધિસૂરિજી મ.**

ઇચ્છું છું કે, તમારી સેવાઓ, તમારી અંતરની ધગશ પ્રમાણે સ્વપરના ઉત્કર્ષની પરાકાષ્ટાને સાધનારી નિવડો. **પૂ. આ. વિજયજંબૂસૂરિજી મ૦**

વર્તમાનના ઝેરી વાતાવરણમાં કલ્યાણકામી આત્માઓ માટે આ કલ્યાણકારક **કલ્યાણ** પત્ર અતિ ઉપયોગી છે. **પૂ.આ. વિજયામૃતસૂરિજી મ.**

ભાવવાહીને હૃદયવેધક લેખોને અવલોકતાં અસીમ હર્ષ. **પૂ. આ. વિજયભુવનતિલકસૂરિજી મ.**

વીતરાગ દેવના શાસનને ફેલાવનાર બને એમાં અમારી પૂર્ણ સહાનુભૂતિ છે.

**પૂ. ઉ૦ ભુવનવિજયજી ગણિવર**

આરૂઢી મંત્રનું કામ કરી તેના ‘કલ્યાણ’ નામની સાર્થકતા કરી શાસન સેવામાં કટીબદ્ધ રહો.

**પૂ. પં. પ્રવિણવિજયજી મ.**

“કલ્યાણ” દ્વારા જૈન સંસ્કૃતિનો સંદેશ પ્રચાર પામે એ ઇચ્છિનીય છે.

**પૂ. મુ. કનકવિજયજી મ.**

અંક મળ્યો છે, વાંચી ઘણો આનંદ થયો છે.

**પૂ. મુ. મુક્તિવિજયજી મ.**

જૈનોને જાણવા જેવા ઘણા વિષયોથી ખંડો ભરેલા છે. **દિ.બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી**

આપની આ પ્રવૃત્તિ ઘણી આવકારદાયક ને સ્તુતિપાત્ર છે.

**મગનલાલ દોશી** સી. પી. દોશી એન્ડ કું.

કલ્યાણદ્વારા શાસન અને સમાજને ભવિષ્યમાં સારો લાભ થઇ શકશે.

**શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી**

જૈન દર્શન અને જૈન સંસ્કૃતિ તેમજ જૈન સાહિત્યને લગતા તેમાંના લેખો વાંચતાં ઘણા સુંદર અને મનનીય માલુમ પડયા છે.

**શ્રી રણછોડલાલ પી. કોઠારી**
ચીફ મ્યુની. ઓ. નવાનગર સ્ટેટ

શ્રી જૈન શાસન અનુસાર આ કલ્યાણનો પ્રયાસ ખરેખર સ્તુત્ય અને અનુમોદનીય છે.

**શ્રી સુંદરલાલ ચુનીલાલ** M.A.

## તવારીખની તેજછાયા :

( પેજ ૪ નું ચાલુ )

ગૂજરાતના, મહા ગૂજરાતના અરે, સમસ્ત આર્યાવર્તના કે જગતના મહાન જ્યોતિર્ધર કલિકાલ સર્વજ્ઞ આચાર્ય મહારાજશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ જૈન શાસનમાં વિશાલ ગગન પર સહસ્ત્ર રશ્મિની જેમ જે વેળાએ પ્રકાશ પાથરી રહ્યા હતા.

તે કાળ તે સમયનો આ પ્રસંગ છે.

આચાર્ય મહારાજ જ્યારે શાકંભરીમાં પધાર્યા, તે અવસરે ધનાક નામનો એક ગૃહસ્થ જે શ્રી અરિહંત દેવના ધર્મનો પુર્ણ રાગી છે. આર્થિક સ્થિતિ સામાન્ય હોવાથી કોઇ કોઇ વેળા આજીવિકાને માટે પણ તેને મુશ્કેલી પડે છે, છતાં ધર્મશ્રદ્ધા, તપ, વ્રત વગેરે ધર્માનુષ્ઠાનો પ્રત્યેની રૂચી એનામાં સતત જાગૃત રહેતી.

પોતાના હાથે પોતા માટે તૈયાર કરેલું જાડું કાપડ, પોતાના ગામમાં પધારેલા સૂરિજીની આગળ તે ગુરુભક્તિ માટે તેણે ધર્યું. નિર્દોષ અને કલ્પ્ય તે કાપડને સૂરિ મહારાજે **ધર્મલાભ** કહી વહોરી લીધું.

ક્રમશઃ વિહાર કરતાં સૂરિ મહારાજ પાટણ પધાર્યા. પાટણ શહેરમાં પ્રવેશ સમયે, પેલો જાડો કપડો શરીર ઉપર ઓઢી, વિશાલ પરિવારની સાથે સૂરિદેવશ્રીએ નગરમાં પ્રવેશ કર્યો. પૂ. આચાર્ય મહારાજના નગર પ્રવેશને ઉજવવા તે અવસરે હજારો ધર્માત્માઓ ઠાઠ પૂર્વક સામે આવ્યા હતા. આ બધામાં ગૂર્જર સમ્રાટ પરમાર્હત્ કુમારપાળ, મંત્રીશ્વર શ્રી ઉદાયન, આમ્રદેવ, વાગ્દેવ વગેરે મુખ્ય મુખ્ય હતા.

દેખાવમાં જાડાં, સ્પર્શથી કર્કશ એવા કપડાથી શરીરને ઢાંકીને રાજરસ્તા પર ગજગતિએ પ્રયાણ કરતા સંયમીશ્વર સૂરિદેવને જોઈ, અઢાર દેશનો માલિક મહારાજા કુમારપાળ ત્યાંને ત્યાં સડક થઇ ગયા. ગુરુભક્તિના નિર્મળ ગંગા વહેણથી ભાવિત મહારાજા વધુવાર મૌન ન રહી શકયા.

સૂરિદેવશ્રીની સેવામાં હૃદયને ખુલ્લુ કરતાં તેમણે કહ્યું; 'ભગવન્! અમારા જેવા સમૃદ્ધ ભક્તો આપની પાસે હોવા છતાં, આપશ્રી આવો બરછટ કપડો પહેરો એ અમને ન શોભે! પાટણ શહેરમાં અમે લાજી મરીયે!'

વાણીની મધુરતાથી, સૂરિદેવે જવાબમાં જણાવ્યું; 'મહાનુભાવ! ત્હારા જેવા સમૃદ્ધ સુશ્રાવકો જેમ અમારી ભક્તિ કરવાને ઇચ્છે તેમ સામાન્ય સ્થિતિના ધર્મરુચિ શ્રાવકો પણ ગુરૂભક્તિને વાંછે, બાકી આમ કરવાથી તને લજ્જા આવતી હોય તો, આવી સ્થિતિના ત્હારા સાધર્મિક ભાઇઓની ભક્તિ કરવામાં ત્હારે ત્હારી બધી શક્તિઓનો સદુપયોગ કરવો જોઇએ.'

ગુરૂદેવની વાણીમાં ઉપદેશ હતો. પરમાર્હત્ કુમારપાળને સાધર્મિક ભક્તિ માટેની ધર્મ્ય પ્રેરણા હતી. આથી સૂરિ મહારાજના એ શબ્દો, આ પરમ ભક્ત ચૌલુકય નરેશે તરત જ ઝીલી લીધા.

એને થયું કે, મારા જેવો અઢાર દેશનો રાજા શ્રાવક હોવા છતાં, મારા રાજ્યમાં એવો એક પણ મારો જાત ભાઈ કેમ હોય કે, જેને આવી સ્થિતિમાં જીવવું પડતું હોય! બસ મહારાજા કુમારપાળે, તે દિવસથી પૂજ્ય સૂરિદેવની સમક્ષ આ પ્રતિજ્ઞા ઉચ્ચરી કે, 'વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું કોડ દ્રવ્ય સાધર્મિક ભક્તિ માટે મારે ખર્ચવું, તેમજ રાજ્યમાં વસતા મારા સઘળા સાધાર્મિક બંધુઓનો કરવેરો મારે લેવો નહિ. રાજ્યની એ આવક, મારા ખર્ચમાંથી પૂરી કરવી.

ચૌદ વર્ષના રાજ્ય કાળમાં પરમાર્હત શ્રી કુમાપાળ મહારાજાએ ચૌદ ક્રોડ દ્રવ્ય આ રીતે સાધાર્મિક બંધુઓની ભકિત માટે ખર્ચ્યું.

સાધર્મિક ભાઈઓની ભક્તિ માટે, અવસરોચિત ઉપદેશ આપનાર કલિકાલસર્વજ્ઞ તે સૂરિવરને કોટિશઃ વંદન.

### ૫

વિક્રમના તેરમા શતકમાં ધવલક્કપુર–ધોળકામાં રાજા વીરધવલ ગૂજરાતની સત્તાનો માલિક હતો. પાટણ પછી, ગૂજરાતની રાજધાનીનું શહેર ધોળકા હતું. વસ્તુપાલ અને તેજપાલની બન્ધુ જોડલી તે વેળા ગૂજરાતના મંત્રીશ્વર પદને અજવાળી રહી હતી.

તેઓની ધર્મશ્રદ્ધા, ભક્તિ અને ઉદારતા કોઇ અનુપમ કોટીનાં હતાં. મંત્રીમુદ્રા, સત્તા, કે ધન, વૈભવ

આ બધું પછી. સૌથી પહેલાં દેવ, ગુરૂ અને ધર્મ આ પ્રકારે તે બન્ને બન્ધુઓની રગેરગમાં અડગ શ્રદ્ધા હતી.

૧૨૮૬ ની સાલમાં નાગપુરના પુનડ શ્રાવકે શ્રી સિદ્ધગિરિજીનો છ'રી પાળતો સંઘ કાઢ્યો હતો. તે સંઘમાં ૧૮૦૦ ગાડાં, ઘોડા, હાથી વગેરે ઘણો વિસ્તાર હતો. હજારો યાત્રાળુઓ યાત્રાર્થે પુનડના સંઘમાં જોડાયા હતા. સંઘ શ્રી શંખેશ્વરજીની યાત્રા માટે માંડલના પાદરે રોકાયો, ત્યારે વસ્તુપાલ મંત્રીશ્વરે પોતાના ભાઈ તેજપાલને સંઘની ભક્તિ માટે મોકલ્યા.

મંડલિકપુર—માંડલ વસ્તુપાલનું વતન હતું. પોતાના વતનમાં સંઘ પધારે તો તેનો સત્કાર, તેની સેવા-ભક્તિ કરવી એ આપણી ફરજ છે, આમ માની તેજપાલે સંઘની સારામાં સારી વૈયાવચ્ચ કરી અને જતી વેળાયે સંઘપતિ શ્રી પુનડ શેઠને કીધું કે,

'શ્રી તીર્થાધિરાજ શત્રુંજયગિરિની યાત્રા કરી આપ પાછા પધારો ત્યારે ધોળકા નગરને અને અમને પાવન કરજો.'

શ્રી સંઘ શ્રી તીર્થાધિરાજની યાત્રા કરી પાછો વળતાં ક્રમશઃ ધોળકા પાદરે આવ્યો.

મંત્રીશ્વર વસ્તુપાલ, સંઘનું સન્માન કરવાને સારૂ ઉઘાડા પગે સામા ગયા. હજારો માણસો, અગણિત વાહનો, આ બધા સમુદાયના સંઘર્ષથી માર્ગોમાં ચોમેર ધૂળના ગોટા વળી રહ્યા છે. આથી સેવકોએ મંત્રીશ્વરને કહ્યું, "સ્વામિન્! આપ સ્હામે ન જાઓ! ગોટેગોટા ઉડતી ધૂળથી આપનું શરીર બગડશે, આપ જેવાએ શરીરને સાચવવું જોઇએ."

જવાબમાં હસીને મંત્રીશ્વરે કહ્યું, 'હું મારા આત્માને ધન્ય સમજું છું કે, તીર્થની યાત્રાએ જનાર મારા ભાઇઓના પુનીત ચરણોને સ્પર્શીને ઉડતી આ રજ મને—મારા આત્માને આજે પવિત્ર કરે છે, પુન્ય વિના આવો પ્રસંગ કદી પ્રાપ્ત થતો નથી.' આ સાંભળી, મંત્રીશ્વરની અડગ ધર્મભાવનાને સેવકો નમી પડયા.

મંત્રીશ્વરે સંઘનો નગર પ્રવેશ ઠાઠથી ઉજવ્યો. પોતાના આંગણે સંઘને જમવાનું આમંત્રણ આપ્યું. સંઘના પ્રત્યેક માણસોનું પોતાની જાતે મંત્રીશ્વરે સ્વાગત કર્યું. દુધે પગ ધોઈ, તિલક કરી, પહેરામણી કરી બે પ્રહર સુધી સંઘનો આ રીતે સત્કાર કરતાં મંત્રીશ્વર વસ્તુપાલ પોતાનો સઘળો પરિશ્રમ ભૂલી આનંદમાં આવી નિર્દોષ બાળકની જેમ સ્વયં બોલી ઉઠયા.

'આજે મારો જન્મ સફળ થયો. મારી આશાઓ આજે ફળી. આજે મારાં ભાગ્ય ઉઘડયાં કે, આ રીતે સાધર્મિક ભકિતનો પુન્યલાભ મને પ્રાપ્ત થયો.'

ધર્માત્મા શ્રી વસ્તુપાલ મંત્રીશ્વરની આવી ધર્મ-શ્રદ્ધા આપણને ભવોભવ મળો!

## વર્તમાન કેળવણીનું પરિણામ;

જે કેળવણી હાલમાં આપણા દેશમાં અપાય છે તેમાં થોડો લાભ તો છે જ પરંતુ તેની સાથે તેનામાં કેટલીક ભયંકર ખામીઓ પણ છે અને એ ખામીઓ એટલી ગંભીર છે કે, તેનાથી બધો લાભ દબાઈ જાય છે, જે કેળવણીથી અથવા સંસ્કારથી માત્ર ખંડનનુંજ કાર્ય થતું હોય તે મૃત્યુ કરતાં પણ વિશેષ ભયાનક છે. આપણાં બાળકો નિશાળોમાં અને પાઠશાળાઓમાં શું શીખે છે? તેમના મગજ ઉપર કેવા સંસ્કાર પાડવામાં આવે છે. તેઓ એ શીખે છે કે આપણો પિતા મૂર્ખ છે, આપણો દાદો ગાંડો છે, પ્રાચીન કાળના ઋષિ મુનિઓ ઢોંગી હતા અને આપણાં શાસ્ત્રો અસત્ય વાતોથી ભરપુર છે. સોળ વર્ષની ઉંમર થતાં પહેલાં તો આપણા દેશના છોકરાઓ ચેતન વગરના, અસ્થિ વગરના, બીજાનું નચાવ્યું નાચે એવા પુતળાઓ જેવા થઇ ગયા છે.

**સ્વામિ વિવેકાનન્દ**

# મહાસાગરનાં મોતી

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.

અપ્રમાણિક થઇશ તો દુનિયામાં આબરૂ નહિ રહે એ ખાતર પ્રમાણિક રહેનારનું પ્રમાણિકપણું એ રીતે આત્માને હિતકર નથી નિવડતું.

એકવાર જુઠું બોલનાર વસુરાજા નરકે ગયા તો પાર વગરનું જુઠ્ઠું બોલનારની શી દશા થશે એ વિચારો.

ધર્મના ઉપદેશકો, દુનિયાને ગમે કે ન ગમે તોપણ સત્યધર્મને બતાવવો ચૂકે નહિ એ ધર્મના ઉપદેશકોની નીતિ છે. આ નીતિ ન પાળી શકે તેઓએ ધર્મગુરૂના પદને છોડી દેવું જોઇએ કે જેથી જનતા અધર્મને આચરતી ન થાય.

ત્યાગ ન થઇ શકે એમાં કાંઇ વાંધો નથી, પણ ત્યાગ કરવા જેવો છે એવી તો દરેક જૈનની માન્યતા હોવી જોઇએ.

તમારી ઉપર આવતી આફતનું કારણ તમારાં પાપો જ માનો; પણ બીજાઓથી આવી એમ ન માનો.

આજે દુનિયાનો અભણ માણસ જેટલી અનીતિ નહિ કરતો હોય તેના કરતાં કંઈ ગુણી અનીતિ પેટ માટે ભણેલો કરે છે.

દુનિયાના વિષયોપરથી રાગ ન છૂટે ત્યાંસુધી પરમાત્મા ઉપર સાચો રાગ થવો મુશ્કેલ છે.

જેમ દુનિયા, રોટલાના દાતારની સામે દોડાદોડ કરે છે, તેમ ધર્મના દાતારની સામે કોઈ દોડાદોડ કરતું નથી. તેનું કારણ એજ છે કે, ભોગની રુચી છે અને ધર્મ પ્રત્યે અરુચી છે.

સીતાજીને ઉપાડી જનાર રાવણને પાપી અને ભૂંડો કહેનાર પરસ્ત્રીને માતા અને બ્હેન સમાન ન જુએ તો અને દુરાચાર કરે તો રાવણ કરતાં ઘણો અધમ છે એમ માનવું જોઇએને ?

સુખ દુઃખ જે કાંઈ આવે એ મારાં કર્તવ્યનું જ ફળ છે એમ માનીને તેને ભોગવવાનું છે. સુખ આવે તો પુન્યનું ફળ છે અને દુઃખ આવે તો પાપનું ફળ છે, એમ નિરંતર વિચારવું. એથી રાગદ્વેષ ઓછા થશે.

બજારમાં ચાર છ આનાનું શાક લેવા જતાં જેટલા વિચારોથી, જેટલી ભાવનાથી, જેટલી ચાલાકીથી અને જેટલી સ્ફુર્તિથી જાઓ છો તેટલા વિચારોથી, તેટલી ભાવનાથી ધર્મશ્રવણ કરવા જાઓ છો ખરા ?

બીજા બધા કામમાં કાળજી ન રહે તો નહિ જેવી હાનિ થશે, પણ ધર્મશ્રવણમાં જો કાળજી નહિ રહે તો ઘણીજ હાનિ થશે; એમ કોઈ મા-બાપે પોતાના બાળકને કદી પણ સૂચવ્યું છે ?

સંસારનો છેદ કરવો એટલે લોકોને મારવા તે નહિ પણ આત્માની સાથે લાગેલા કર્મરૂપ શત્રુઓનો નાશ કરવો તે.

કલ્યાણને માટે જેઓ પાત્રજ નથી તેઓ માટે શ્રી તીર્થંકર દેવની દેશના પણ નિષ્ફળ થાય એમાં કશુંજ આશ્ચર્ય નથી.

સંઘના બ્હાને અથવા ધર્મના બ્હાને ધર્મના નાશના કૂટ પ્રયત્નો કરવા અથવા તેમ કરનારને મદદ કરનારા થવું, તેના જેવું એક પણ ઘોર પાપ નથી.

આ આત્માને સંસારમાં તકાવનાર, રખડાવનાર અને પોતાની ફરજમાંથી ચૂકાવનાર મોહ છે અને તેથીજ તેને વશ થયેલા સારા ગણાતા આત્માઓ સાચું સાંભળવાની શકિત ગૂમાવી બેસે છે.

જે આત્માને આ આખો સંસાર જ ભયંકર નાટકરૂપ ભાસે છે તે આત્માને કૃત્રિમ અને વિષય-વાસનાને ઉત્તેજિત કરનાર નાટક-ચેટક તરફ રસ

જાગતો જ નથી.

જેનાથી રાગાદિ શત્રુઓ ઘટે તે સાચું જ્ઞાન છે અને તેવા જ્ઞાનવાળા જે હોય તેજ સાચા જ્ઞાની છે.

નારકીઓ દુ:ખ દાવાનલથી બળી રહેલા છે, તિર્યંચો વિવેક રહિત છે અને દેવતાઓ વિષયમાં રાચી માચી ગયા છે, માટે મનુષ્યોનેજ ઉત્તમધર્મ સામગ્રીની પ્રાપ્તિ થઇ શકે છે. એજ કારણે મનુષ્યભવની દુર્લભતાનું વર્ણન કરવામાં આવ્યું છે.

જે આત્મા કર્મમાં શૂરવીર હોય, તેને કદાચ સુગુરૂનો યોગ મળે અને તે ધર્મને પામી જાય તો જરૂર તે આત્મા ધર્મમાં કમાલ કરે પણ ધર્મશુર બનવાને માટે કર્મશુર બનવું જોઇએ એવો કાયદો શ્રી જૈનશાસનમાં નથી.

વિષય અને વિષયની સામગ્રીઓ આત્મગુણનો નાશ કરનારી છે. ત્યારે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને સંયમની સામગ્રી એ આત્મગુણોને ખીલવનારી છે.

સંસાર કારાગાર છે, વિષયો વિષ જેવા છે અને દુનિયાદારીની વાસના આત્મા માટે અહિતકર છે; તેમ દરેક સમ્યગ્દૃષ્ટિએ માનવું જોઇએ.

દુનિયામાંથી પરતંત્રતા ચાલી જાય એ સંભવીત નથી, કારણકે દુનિયા એજ કેદખાનું છે. માટે જો સ્વતંત્ર થવું હોય તો રાગ અને દ્વેષને છોડો, મારૂં અને પારકું ભૂલી જાઓ.

વિચિત્રતાથી ભરેલી દુનિયામાં એક સરખી સ્થિતિ કોઇ કરવા માગે એ સર્વથા અસંભવિત છે.

'જર, જમીન અને જોરૂ; એ ત્રણ કજીયાનાં છોરૂ.' એના સંસર્ગમાં રહીને શાંતિની વાત કરવી એ વાહિયાત વાત છે.

લક્ષ્મી પૂણ્યથી મળી પણ વિષય વિલાસમાં અને રંગરાગમાંજ તેનો વ્યય થાય, તો માનો કે, એ પુણ્યમાં વિષના કણીયા પડ્યા છે; અને લક્ષ્મીદાન, ત્યાગ કે દુનિયાના વાસ્તવિક ભલામાં વપરાય તો માનવું કે, તેમાં અમૃતના છાંટા છે.

ખરેખર સંસારની આરાધના માટે જેવી સ્થિરતા અને ધીરતા છે, તેવી સ્થિરતા અને ધીરતા મોક્ષની સાધના માટે આવી જાય તો મોક્ષ સહજ પણ દૂર રહે નહિ.

તરવાની ક્રિયામાં કુશળ માણસ, નદીમાં પડતું મૂકે ~~અને હાથ~~ પગ ન હલાવે તો તે તરી જાય કે ડુબે? તેવીજ રીતે આત્મસ્વરૂપને જાણનાર ભૂમિકાને ઉચિત આત્મકલ્યાણ કરવાવાળી ક્રિયાઓને ના કરે તો તે તરી જાય કે ડુબે?

આત્મા અને જડનો સંયોગ એજ સંસાર; અને જડથી આત્માનો વિયોગ તેનું નામ મુક્તિ તથા જડ અને ચેતનના યથાસ્થિત સ્વરૂપનો વિવેક તેનું નામ સમ્યગ્દર્શન.

પારકાના દોષ કાઢતાં પહેલાં પોતાના દોષોને કાઢતાં શીખો. ગુણીની પ્રશંસા ન થાય તો કાંઇ નહિ પણ ગુણીની નિંદા ન થાય એની પુરતી કાળજી રહેવીજ જોઇએ.

લક્ષ્મીની મૂર્છા ઉતાર્યા વિના દાન ધર્મ આવવો મુશ્કેલ છે, શરીર ઉપરની મૂર્છા ઓછી થયા વિના શુદ્ધ સદાચારી થવું મુશ્કેલ છે, લાલસાઓનો ત્યાગ કર્યા વિના તપોગુણ આવવો કઠણ છે. અને દુષ્ટ ભાવના ગયા વિના સારીભાવના આવવી મુશ્કેલ છે.

રાખવાના પ્રયત્ન નહિ કરવા છતાં પણ પુન્યવાન પાસે લક્ષ્મી રહે છે અને રાખવાના પ્રયત્ન કરવા છતાં પણ પુણ્યહીનોની પાસેથી લક્ષ્મી ચાલી જાય છે.

નવકાર ગણવા માત્રથી જૈન નથી, પણ એ ગણનારો નવકારને માનતો હોય તોજ તે જૈન છે; અને માનનારો તેજ કે, જેને નવકારમાં આવતાં પદો પ્રત્યે બહુમાન હોય અને એનું અપમાન પોતે સહન કરી શકતો ન હોય. જે વસ્તુ પોતાના આત્માને ઉદ્ધાર કરનારી છે એમ જે માને તે તેનું અપમાન કદીજ સહન નહિ કરી શકે.

## ભાવ મંગલ:

**પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ**

**'मङ्गयते, साध्यते हितमनेनेति मङ्गलम्।'** જેનાથી હિત સધાય તે મંગલ; હિત ધર્મથીજ સધાય છે, તેથી હિતસાધક ધર્મને લાવે તે મંગલ; **मङ्गं धर्मं लातीति मङ्गलम्।'** મંગ એટલે ધર્મ; તેને લાવે તે મંગલ, એવો અર્થ પણ મંગલનો થાય છે, ધર્મની પ્રાપ્તિ અધર્મના નાશથી છે. સર્વ અધર્મોનું મૂળ કારણ વિષય, કષાય અથવા તેના ફલસ્વરૂપ ચાર ગતિ રૂપ સંસાર છે. તેથી સંસારનો ક્ષય કરે તે મંગળ, એવો ત્રીજો અર્થ પણ મંગલનો થાય છે. **'मां भवात्, संसारात् गालयति, अपनयतीति मङ्गलम्।'** મને સંસારથી ગાલે, મારા સંસારને દૂર કરે, તે મંગલ.

એ રીતે મંગલ એટલે હિતનું સાધન, મંગલ એટલે ધર્મનું ઉપાદાન અને મંગલ એટલે અધર્મના મૂલભૂત સંસારનુંજ મૂલોચ્છેદન.

સુખસાધક અને દુઃખનાશક પદાર્થને મંગલરૂપ માનવાની રૂઢિ સંસારમાં પ્રસિદ્ધ છે. પરંપરાએ પણ દુઃખોચ્છેદક અને સુખપ્રાપક પદાર્થો મંગલરૂપ મનાય છે, તથા જેમાં કષ્ટ નિવારવાનું કે સુખ આપવાનું (નિશ્ચિત નહિ પણ સંદિગ્ધ) સામર્થ્ય હોય તે વસ્તુઓ પણ મંગલરૂપ ગણાય છે. જેમકે દધિ, દૂર્વા, અક્ષત, શ્રીફળ, પૂર્ણકળશ અને સ્વસ્તિકાદિક પદાર્થો; એ રીતે સુખનાં નિશ્ચિત કે સંદિગ્ધ સાધનભૂત સર્વ કોઇ વસ્તુઓ જગતમાં મંગલરૂપ ગણાય છે. અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મો તથા સ્વાધ્યાય, ધ્યાન અને જ્ઞાનાદિ ગુણો, એ દુઃખધ્વંસ અને સુખસિદ્ધિનાં નિશ્ચિત સાધનો છે, તેથી ભાવ મંગલ ગણાય છે, અને દધિ, દૂર્વા, અક્ષત તથા શ્રીફળ, પૂર્ણકળશ અને સ્વસ્તિકાદિ સંદિગ્ધ સાધનો છે, તેથી દ્રવ્ય મંગલ ગણાય છે. દ્રવ્ય મંગલો, જેમ સુખનાં સંદિગ્ધ સાધનો છે, તેમ અપૂર્ણ સુખને આપનારાં છે. ભાવ મંગલો એ સુખનાં નિશ્ચિત સાધનો છે અને તેનું સેવન કરનારને સંપૂર્ણ અને અવિનાશી સુખને આપે છે, તેથી દ્રવ્ય મંગલ કરતાં ભાવ મંગલનું મૂલ્ય ઘણું વધી જાય છે.

જૈનશાસ્ત્રોમાં સર્વ પ્રકારનાં ભાવમંગલોમાં સર્વોત્કૃષ્ટ ભાવમંગલ 'શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર' ને કહેલ છે. તેનાં મુખ્ય બે કારણો છે. એક તો 'પંચ પરમેષ્ઠિ નમસ્કાર' એ સ્વયં 'ગુણ' સ્વરૂપ છે ને બીજું 'ગુણોના બહુમાન' સ્વરૂપ છે. અહિંસા, સંયમ, અને તપ તથા સ્વાધ્યાય, ધ્યાન અને જ્ઞાન વિગેરે સ્વયં ગુણરૂપ છે; પણ ગુણોના બહુમાન સ્વરૂપ નથી 'શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર' એ સર્વ સદ્ગુણોમાં શિરોમણિ જે 'વિનય' સદ્ગુણના પાલનસ્વરૂપ છે. મોક્ષનું મૂળ વિનય છે. વિનય વિના જ્ઞાન નથી, જ્ઞાન વિના દર્શન નથી, દર્શન વિના ચારિત્ર નથી, ચારિત્ર વિના મોક્ષ નથી અથવા મોક્ષને માટે ચારિત્રની જરૂર છે; ચારિત્ર માટે શ્રદ્ધાની જરૂર છે; શ્રદ્ધા માટે જ્ઞાનની જરૂર છે અને જ્ઞાન માટે વિનયની જરૂર છે.

યોગ્યનો વિનય તે સદ્વિનય છે. શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારમાં તાત્ત્વિક ગુણોને ધારણ કરવાવાળી (વિનયને પાત્ર ત્રિકાલ અને ત્રિલોકવર્તિ) સર્વ વ્યક્તિઓને નમસ્કાર કરવામાં આવે છે. પંચ પરમેષ્ઠિ નમસ્કારમાં નમસ્કારને યોગ્ય વ્યક્તિઓ સર્વ પ્રધાન હોવાથી તેમને નમસ્કાર એ સર્વ વિનયોમાં પ્રધાન વિનયસ્વરૂપ બની જાય છે. પ્રધાન વિનય ગુણના પાલનથી પ્રધાન (યથાર્થ) જ્ઞાન, પ્રધાન (તાત્ત્વિક) દર્શન (શ્રદ્ધા), પ્રધાન (શ્રેષ્ઠ) ચારિત્ર અને પ્રધાન (અવ્યાબાધ) સુખની પ્રાપ્તિ થાય છે. પરમેષ્ઠિઓને નમસ્કારસ્વરૂપ પ્રધાન વિનય ગુણના પાલન વિનાનું જ્ઞાન, ધ્યાન કે સંયમ સર્વ પ્રધાન મોક્ષ સુખને આપવાને સમર્થ થઈ શકતું નથી.

'શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર' એ જેમ પ્રધાન વિનય ગુણના પાલન સ્વરૂપ છે, તેમ ગુણોના બહુમાન સ્વરૂપ પણ છે. ગુણ બહુમાન એ ચિત્તનો અચિન્ત્ય શક્તિયુક્ત ધર્મ છે. ગુણ બહુમાનના આશયવાળું ચિત્ત થોડા જ સમયમાં સર્વ પ્રકારની અશુદ્ધિ અને અહંકારાદિ દોષોથી રહિત બની જાય છે. કાચી માટીના ઘડામાં ભરેલું પાણી જેમ પ્રતિ-

ક્ષણ ઘટનો નાશ કરનારું થાય છે, તેમ ચિત્ત રૂપી કુંભમાં રહેલું ગુણ બહુમાન રૂપી જળ ચિત્તના દોષો અને મલિનતાને પ્રતિક્ષણ ક્ષય કરનારું થાય છે. ગુણ બહુમાનને ધારણ કરનાર માનસિક ભાવ જેમ અચિન્ત્ય પ્રભાવસંપન્ન છે, તેમ ગુણ બહુમાનને વ્યક્ત કરનારી વાચિક અને કાયિક ચેષ્ટાઓ પણ પ્રભાવસંપન્ન બની જાય છે. 'શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારમાં' એ ત્રણે વસ્તુઓ રહેલી છે. મનથી નમવાનો ભાવ, વચનથી નમવાનો શબ્દ અને કાયાથી નમવાની ક્રિયા, એ રીતે જ્ઞાન, શબ્દ અને ક્રિયારૂપ ત્રિવિધ ક્રિયાથી યુક્ત, 'શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર' પાપધ્વંસ અને કર્મક્ષયના અનન્ય કારણ રૂપ બની જાય છે, તેથી તે સર્વોત્કૃષ્ટ ( ભાવ ) મંગળ સ્વરૂપ છે. અને તેથીજ શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારની ચૂલિકામાં ફરમાવ્યું છે કે;

" एष पञ्च नमस्कारः, सर्वपापप्रणाशनः ।
मंगलानां च सर्वेषाम् , प्रथमं भवति मङ्गलम् ॥१॥"

અર્થ—પાંચે પરમેષ્ઠિઓને કરેલો આ નમસ્કાર સર્વ પાપોનો પ્રકર્ષે કરીને નાશ કરનારો છે. તથા સર્વ મંગલોમાં પ્રથમ–પ્રધાન–સર્વોત્કૃષ્ટ મંગળ સ્વરૂપ છે. ૧

## સંસ્કારોની પાંખ　　　　　　[ વંદેમાતરમ્ ]

પહેલાં આપણે પગે ચાલતા હતા. પછી આપણે જાનવરની પીઠપર બેસી ચાલવા લાગ્યા. ત્યારપછી આપણે પૈયાંપર આગળ જવા લાગ્યા. ત્યારપછી લોઢાના પાટાપર આપણે સરવા લાગ્યા રબ્બરનાં ચક્કર પર આપણે દોડવા લાગ્યા અને આકાશની અંદર પંખો નાખી આપણે ઉડવા લાગ્યા.

વાહનોએ આ પ્રગતિ કરી, ગતિનો ઇતિહાસ રચાયો, ઝડપ વધુ ઝડપી બની. અને તોયે આપણી ચાવી કેમ અટકી પડી ? માનવીની જીવનની કૂચ, સંસ્કૃતિની કૂચ શા માટે રોકાઈ ગઈ?

કારણ કે યંત્રની પાંખપર બેસી આપણે આસમાનમાં જરૂર ઉડ્યા પણ આપણા સંસ્કારોની પાંખ આપણે કપાઈ જવા દીધી. આપણે તો નીચી વાતોમાં રહ્યા ને વિમાનો ઉડાડ્યાં. સ્વાર્થની વહેંચણી માટે આપણે આકાશ સાધ્યું એટલે આપણે અદ્ધર જ લટકી ગયા—માનવતાની દૃષ્ટિએ. કેટલાક માણસો એમ કહે છે કે સંસ્કાર એક એવો શબ્દ છે કે એને માટે માનવી નાહક એના શ્વાસનો વ્યય કરે છે. આમ બોલનારા સંસ્કારને એક મરેલા શબ્દ તરીકે ઓળખનારા છે.

માનવશિલ્પ સંસ્કાર વિના અધુરૂં લાગે છે એ હકીકત એ માણસો ભૂલી જાય છે. સંસ્કાર એ કાંઈ અલંકાર નથી. સંસ્કાર એ તો એક એવો ધ્વનિ છે કે અંતરમાં એ રણઝણી શકે છે. દાખલા તરીકે તમે આજની કોઈ નગરીના માર્ગપર ચાલવા માંડો. કલકત્તામાં જાવ. તમારા કાનપર વિચિત્ર ઘંટડીના અવાજ સંભળાશે. તમારી નજરમાં એક માનવી બીજા માનવીની ગાડી ખેંચતો દેખાશે ને તમારા સંસ્કાર તરત જ તમને આ દૃશ્યના ઝેરની યાદ દેવડાવશે.

રીક્ષાની અંદર બેસવાની તમને ના પાડશે, તમારા સંસ્કાર. એક માનવી જાનવર બની બીજા માનવીનો ભાર તાણે એ વિચાર કાંટાની જેમ તમને ખૂંચશે.

## મારવાડના જિનમંદિરોમાં આશાતનાઓની જમાવટ જામતી જાય છે, તેનું આછું દર્શન—

## શ્વે૦ મૂ૦ સમાજને ચેતવણી;

પૂ. આ. વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ૦

વર્તમાનયુગમાંય અર્વલ્લી પહાડના કાંઠા પર સેંકડો ગામો છે. જ્યાં જૈનોની વસ્તી પણ ઠીક ઠીક પ્રમાણમાં છે, પણ અહીં પ્રાયઃ મૂ. પૂ. સમાજ ગણ્યો ગાંઠયો જ છે. કારણકે મૂ. પૂ. શ્રમણોનું ગમનાગમન આ બાજુ જુજ જ થાય છે. જુનાં મંદિરોની ઘોર આશાતનાઓ થઈ રહી છે. મારવાડમાં તાજેતરમાં એક જોધપુર સ્ટેટના પીપરીયા ગામમાં સ્થા. સમાજે જૈન મંદિરોનો જિર્ણોદ્ધાર ભારે બંડ અને ખુનખ્વાર કરીને રોકયો. આ પ્રસંગ ઊભો થવાનું કારણ એ હતું કે, અહીં સ્થાનિક મૂ. પૂ. સમાજનું કાર્ય ભેળશેળ હતું. અવસર આવતાં જાતનો અને હૃદયનો પ્રકાશ થયો. અન્ય સ્થળોમાં મૂર્તિઓ ખંડિત કર્યાના દાખલા પણ દીલ ચોંકાવનારા પણ સંભળાય છે. મેવાડ હદમાં દેલવાડા ( દેવકુળવાટક ) ગામમાં એક જૈન મંદિરમાં જિન મૂર્તિયોના નવ ભગવાનોનાં નાક કોઈ વ્યકિતએ ખંડિત કર્યાં છે. હમણાં જ તે મૂર્તિઓના નાસિકા લેપ માટે શ્રી પીંડવાડાથી પ્રબંધ થયો છે. કહેવાની હકીકતો એ છે કે, એક એવું મંડળ બને અને જગભરનાં મંદિરોની, મૂર્તિઓની નોંધ રાખે તેમજ જ્યાં આશાતના જેવું હોય ત્યાં બંદોબસ્ત કરે તો ઘોર આશાતનાઓની યાતના ટળે.

હજુય સ્થા. સમાજના ઉપાસકો કાંઇક ઠીક છે. સમજાવતાં ઠેકાણે પણ આવે છે. પરંતુ વક્રેલા ભસ્મગ્રહના ભોગ બનેલા તેરાપંથી બંધુઓ તો ઓરજ ખેલ ખેલી રહ્યા છે. જો કે આ સમાજનો જનક તો સ્થા. સમાજ છે. સૌથી પહેલાં તેરાપંથનું ઉદ્‌ઘાટન કરનાર તો સ્થા. સંપ્રદાયના સાધુ ભીખમજી જ હતા. જેઓને જૈન સિદ્ધાન્તોના અર્થ વિચારોમાં વિપરીતતા વિહ્‌વલતા પેદા થતાં સ્થા. સમાજને છોડી નવાજ પંથની સ્થાપના આજથી દોઢસો વર્ષ પહેલાજ કરી અને તેય બગડી ગામમાં તેઓનું આદિ ઉદ્‌ભવ સ્થાન ગણાયું. સ્થાનકવાસી સમાજે તો મૂર્તિ પૂજન જં લોપ્યું. પણ આ વર્ગે તો વક્રતાની સીમાના પડછંદારૂપ ધર્મ, શ્વાસ, દયા અને દાન ઉભયને લુણો લગાવ્યો. આ તેરાપંથીઓએ પ્રચાર પ્રદેશ તરીકે મારવાડ કાંઠો, મેવાડનાં છાના છૂપાં ગામો તેમજ બીકાનેરની બાજુનાં સ્થળો આદિજ રાખ્યાં. આ પ્રદેશનો જનવર્ગ ભોળો–ભલો અને બે ને ત્રણ ચાર ગણાવો તોય ગણીલે. સ્થા. સંપ્રદાયે આ ઊગતા નવા કટુક વેલાને નિર્મૂળ કરવા ભારે રોષ અને વિરોધ કર્યો. આ પંથે પોતાના મત પ્રચારના નસામાં ચકચૂર બનતાં સંભળાય છે કે, અનેક જૈન મંદિરોને ઉતરવાનાં સ્થળો બનાવ્યાં. મૂર્તિઓ પર કાંટા લગાવી ઘોરાતિઘોર આશાતનાઓ કરવા સાથે મૂ. પૂ. સમાજનું ભારે અપમાન કર્યું છે. આ તેરા સમાજના ઉપાસકો પ્રાયઃ લકીર ફકીરો છે. તર્ક પ્રશ્ન કે વિચારને અહીં સ્થાન જ નથી.

તેરાપંથી સમાજની વ્યવસ્થા પાર્લામેન્ટરી રીતરીવાજ પ્રમાણે ચાલે છે. તેઓનો પ્રતિવર્ષે પાટ મહોત્સવ થાય છે. પ્રત્યેક સાધુ સાધ્વીઓને આવવું જ પડે. તેમજ પ્રાયઃ પ્રત્યેક ઉપાસક વર્ગનેય આ પ્રસંગે આવવાના સપથો હોય છે. એઓ પણ હાજરી આપેજ. આ મેળામાં સાંપ્રદાયિક ઉપાસકોને, નક્કર અને મક્કમ બનાવાય છે. સાધુ સાધ્વીઓને ઉપાલંભો અપાય છે. આગામી ચોમાસાનો પટ ફાટે છે. તેમજ આ સમયે નિમિત્ત દોષી અઢળક આહાર પાણીથી સાધુવર્ગ જોગવાય છે. ઉપાસકો પોતાની જાતને કૃતકૃત્ય માને છે. જોત જોતામાં આ સમાજે ૫૮૦૦૦ ની સંખ્યા કરી લીધી અને સાધુ સાધ્વીઓ પણ હાલ ૫૦૦ જેટલાં છે. જ્યાં એક પણ આ પંથાનુયાયી ઘર હોય ત્યાં પણ પ્રાયઃ સાધુ અગર સાધ્વીજીનું ચોમાસું કરાવવું ચૂકતા નથી. આ જ સમાજ વૃદ્ધિનું નિદાન માન્યું છે. જૈનધર્મના સર્વસ્વરૂપ દયા અને દાનના નિષેધકોએ આવા ઉન્નત કાળમાંએ ધમધોકાર

મત પ્રચાર ચલાવે રાખ્યો છે. અને આ સમાજે મૂ. પૂ. સાધુઓની સાથે વાત કરવામાંય ભારે પ્રાયશ્ચિતનાં વિધાનો કર્યાં છે અને શાસ્ત્રાર્થ કરવામાં મહાપાપ બંધન કહી, એ અક્કલોને ઝપાટામાં જકડાવે છે. આ જનતા આમ તો એટલી બાહોશ નથી. તેઓના સાધુઓ પણ એટલા વિદ્વાનો કે ઉચ્ચભાષાવિદો નથી. પણ બોલીમાં ચાલ બાજી અને કુતર્ક જાળોદ્વારા ભયંકર કાતિલનું કામ કરે છે.

આજથી પાંચસો વર્ષ પહેલાં સ્થા. સમાજે મૂર્તિ પૂજક સમાજમાં એક કલ્પના ગોળો ગબડાવ્યો કે પ્રભુના નિર્વાણબાદ ૧૪૦ વર્ષ પછી બારા વર્ષની દુકાલીમાં જૈન સાધુઓનો વિચ્છેદ થયો અને તેઓએ મૂ. પુજાની પ્રરૂપણા કરી, મંદિરો બનાવી ઉદર પોષણ કર્યું અને સત્ય ધર્મ લોપાઇ ગયો. આ કલ્પનાથી તેઓએ ભસ્મગ્રહ ઉતરતાં નવીન પંથ પ્રરૂપ્યો. જ્યારે તેરાપંથીઓએ એવો ગોળો ગબડાવ્યો કે, ભસ્મગ્રહ ઉતરતાં સ્થા. સંપ્રદાય શિથિલ પરાકાષ્ટાએ પહોંચ્યો હતો. જનવર્ગનો આ સમાજપ્રતિ અનાદર પેદા થતાં શ્રી ભીખમજીએ પંથના પાઠ પઢ્યા અને સ્વપંથ પ્રરૂપ્યો.

ઉભય સમાજની કલ્પનાઓ સાચે જ વિચક્ષણોને હાંસી સિવાય શું પેદા કરે ? ભલા, જ્યારે બારા વર્ષની બબ્બે સમય દુકાલી પડી. આ સમયે પૂર્વધરો પણ વિદ્યમાન હતા. જનતાને અન્નના સાંસા પડતા હોય ત્યાં હજારો રૂપીઆ ખર્ચીને મંદિરો કોણ બનાવે ? એમ કહો કે, ધન હતું પણ ધાન્ય નહોતું. તોય સમજો કે, ધન હતું તો ધનથી ધાન્ય કેમ પેદા કરીને સાધુઓને આહારપાણી ન વહોરાવ્યાં ? બીજો પ્રશ્ન એ કે, સાધુઓનો લોપ થયો એમ કહેવું એ તો ઉત્સૂત્રભાષિતા સિવાય બીજું શું છે? એકવીશ હજાર વર્ષ શાસન રહેવાનું તે શું સાધુઓ સિવાયનું? અરે આવી વિના પાયાની કલ્પનાઓ તો સમજુ જનોને કેમ રૂચે ? ઇતિહાસિક અને વિચારક યુગમાં આવું હંબગ નજ હંકાય. સ્થા. સમાજ અને તેરાપંથી સમાજે પહેલાંના પ્રત્યેક સદીના મહાપુરૂષોના ચરિત્ર જુઓ તો ખ્યાલ આવશે કે, કેવા મહાપુરૂષો થઇ ગયા.

પોતાની કલ્પનાઓમાંથીજ એક નાનકડા મહેલને રાજ્યમહેલ માની મીયાં—મીઠું બની જેમ આવે તેમ હંકારવું એ આ વર્ગનું મહત્વપૂર્ણ કામ છે. ગૌતમ ભગવાન ચૌદ પૂર્વધરે પણ જ્યારે ગુરૂની પ્રતિક્ષા કરી તો આજના યુગજન્મીઓને વિના ગુરૂએ નિરંકુશતા આવે એમાં નવાઇ નથી. આ વર્ગોને અનેક વિદ્વાનોએ, અનેક સ્થળોએ શાસ્ત્રાર્થ માટે આહ્વાન કર્યું. પણ શાસ્ત્રાર્થની સન્મુખ આવતા નથી, અને અધ્યાત્મની દાંભિક વૃત્તિથી વાતો કરીને સ્થળ મૂકીને ચાલ્યા જવાનું જ ઉચિત માને છે.

જેઓને તેરાપંથી સમાજની ઉત્સૂત્રભાષિતા જાણવી હોય તેઓએ શ્રી જવાહરલાલજીનું બનાવેલ પુષ્ટ કલેવર **ધર્મમંડણ** નામનું પુસ્તક વાંચવું અને સ્થાનકવાસી સમાજની શિથિલતા અને ઉત્સૂત્ર ભાષિતતા જાણવી હોય તેઓને "વિભ્રમ વિનાશ" પુસ્તક વાંચવું. એ સિવાયના પણ અનેક ગ્રંથો જોવા જેવા છે. જૈન તત્વાદર્શ, મૂર્તિમંડન, મૂર્તિપુજાનો પ્રાચીન ઇતિહાસ, તેરાપંથમત સમીક્ષા આદિ ગ્રંથો મૂ. પૂ. સમાજના પ્રત્યેક ઘરોમાં રાખવા જેવા અને મનન કરવા જેવા છે. મૂ. પૂ. સમાજ નહિ જાગે ને બેસી રહેશે તો આ વર્ગ સેંકડો સ્થળોમાં ભારે મીશનોદ્વારા પોતાના મંતવ્યના બંધનમાં હજારોને મક્કમરીતે ફસાવશે. જો કે, આ પ્રસંગે આ સમાજોની માન્યતાઓ કે ચર્ચા બતાવવાની મારી મનીષા નથી જ. પણ પ્રાસંગિક કેટલુંક સમાજ સમક્ષ રજુ કરીશ, એ સમાજસુજ્ઞો વાંચી અને એ દિશાને ઉજવાળશે. આપણા સમાજમાં સઘળીએ શક્તિઓ છે અને કેટલીક તો વિકાસને પંથે પણ છે. છતાંય પણ હજુ શક્તિ સંગઠન નથી; નવા જૈનો બનાવવાની વાતો કરવાવાળાઓને પણ એટલું ચોક્કસ સમજવું જોઇએ કે, આજથી થોડા વર્ષમાંજ સ્થાનકવાસી સમાજે અને તેરાપંથી સમાજે મૂ. પૂ. સમાજમાંથી પચીશેક હજાર જૈનોને શ્રદ્ધા પરિવર્તિત કર્યા. આવા ઉચ્ચ અને સંસ્કારી યુગમાં વિદ્વાનોની હારમાલ હોવા છતાં આટલી સંખ્યા કેમ ફરી? આ પ્રશ્નનો ઉકેલ એટલોજ કે, પ્રચાર કાર્યનો અભાવ છે. સજ્જનો! હું જે હકીકત કહેવા ધારૂં છું તે પણ એજ છે કે, સમાજ આ પ્રચારકાર્ય પ્રતિ આંખમિંચામણાં કેમ કરે છે? પૂ. સાધુ મહારાજો સહિષ્ણુ બની, આ પ્રદે-

શમાં વિહાર લંબાવે, શ્રાવકવર્ગ સાથે રહી પ્રચાર-કાર્યોમાં ફાળો આપે. જેઓ મૂ. પૂ. હોય તેઓને મજબૂત બનાવે, અર્ધદગ્ધોને સુસ્થિત કરે; તેમજ જિજ્ઞાસુઓને ચર્ચા કરી મીઠી ભાષામાં શાસ્ત્રોના પ્રમાણોથી પ્રશ્નપદ્ધતિ સમજાવે. આ પ્રયોગ થતાં અણધાર્યો અપૂર્વ લાભ સાંપડશે.

એક કિસ્સો તાજેતરમાંજ બનેલો યાદ આવે છે, જે સમાજની જાણ માટે નોંધું છું—

જોધપુર સ્ટેટ એ મારવાડમાં સઘળાય સ્ટેટોમાં મોટું અને જૈનોની વસ્તીપણ આ સ્ટેટમાં વિશેષ છે. મોટી પંચ તીર્થી રાણકપુર, મુછાળામહાવીર, નાદલાઈ, નાડોલ અને વરકાણાજી, આ પણ આજ સ્ટેટમાં આવેલ છે. એટલે યાત્રાર્થે જૈન સાધુ મહારાજોનું આગમન પણ આ પ્રદેશમાં વિશેષ પ્રમાણમાં થયાજ કરે છે. આ બાજુના પ્રત્યેક શહેરોમાં પ્રાયઃ નિગ્રંથોના ચોમાસાં થયાજ કરે છે. એટલે આ પ્રદેશોમાં સ્થા. તેરાપંથી સમાજની સંખ્યા બહુજ જુજ છે. છતાંય જ્યાં જ્યાં સ્થા. સમાજ છે ત્યાં ત્યાં તે સમાજ ઘણોજ મક્કમ રહે છે. આજ સ્ટેટમાં સોજત સીટી એક પ્રાચીન શહેર છે, અહીં પાંચ જૈનમંદિરો છે. મૂ. પૂ. સંપ્રદાયનાં લગભગ અઢીસો ઘરો છે, જ્યારે સ્થા. સમાજનાં બસો ઘર છે. અહીં કેટલાંક મંદિરો સ્થાનકવાસીઓના હાથમાં છે. તેઓ માનતા નથી, પૂજતા નથી અને જીર્ણોદ્ધાર પણ કરાવતા નથી. બાપદાદાનાં બનાવેલાં એટલે સાચવી રહ્યા છે.

સોજત સીટીથી પાંચ ગાઉ દૂર ધીનાવાસ નામનું ગામડું છે. લગભગ પાંચ વર્ષ પહેલાં ત્યાં એક તેરાપંથી સાધુ જૈન મંદિરમાં ઉતર્યા. આ ગામમાં પચાસ વર્ષ પહેલાં તો મંદિરમાર્ગીજ હતા, પણ એ વર્ગના પંજામાં આ ગામના જૈનો ફસાઈ ચુકયા હતા. એક મૂ. પૂ. રહી ગએલો તેણે તેનો વિરોધ કર્યો, પણ એ બિચારાની તતુડી કોણ સાંભળે? સાધુઓએ એ મંદિરમાં આહાર કર્યો, ટીબાઓમાં પેશાબ કરવા લાગ્યા; તેમજ ભગવાનના આગળ પુઠ કરીને વ્યાખ્યાન પણ આપવા લાગ્યા. મૂ. પૂ. શ્રાવકોએ આ જોતાં ઉહાપોહ કરી મૂકયો; પણ ન ફાવતાં ધીલાવાસ, ઝાડાવાસ અને સોજતસીટી ખેપીઆ દોડયા. જોતજોતામાં મૂ. પૂ. યુવકોનાં મંડળો આવી લાગ્યાં અને મીઠી વિનયમય ભાષામાં સાધુઓને મંદિર બહાર નીકળવા વિનવ્યા, પણ તે સાધુઓ એકના બે ન થયા અને કહેવા લાગ્યા કે, અહીં તમો રોકો છો; પણ સ્થળીમાં તો અમો મંદિરમાંજ ઉતરીએ છીએને ? જ્યારે તેઓ ન સમજ્યા ત્યારે આગંતુક યુવકોએ ધમકીપુર્વક તેઓને બહાર કાઢયા અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પર તાર કરવાની ધમકી આપવાથી ઠંડા પડયા. તેમજ તેઓના પૂજ્ય પર પણ તાર કર્યો અને ઉપલકીઆ ટાપટીપથી તેઓના પૂજ્યનો ઠપકો પણ આવ્યો, પરંતુ એકંદરે ભારે આશાતનાઓ થાય છે. આ કીસ્સાએ મારવાડમાં ચકચાર ફેલાવી અને ભાવિમાં કોઈ ગામમાં આમ ન બને તે માટે પુરો પ્રબંધ થયો છે. છતાંય છાને છવાયે કેટલાંક ગામડાંઓમાં મંદિરમાં ઉતારો થાય છે અને આશાતનાઓ થતીજ જાય છે. આવી તો કેટલીય વાતો છે. જૈન સમાજ જાગે અને આવી આશાતનાઓને ટાળવા સક્રિય પ્રયાસ કરે તો શક્ય બધુંય બને.

મારવાડમાં એવાં પણ ગામો છે કે જ્યાં મૂ, પૂ. ની વસ્તી ન હોવા છતાંય મંદિરોની હયાતિ છે. આવા સ્થળોમાં મંદિર અને મૂર્તિઓની અગણિત આશાતનાઓનાં ભારે પાતકો આ વર્ગ વ્હોરે છે. જૈન મૂ. પૂ. સમાજ જાગૃત થઈ આવાં વિશાળ કાર્યક્ષેત્રો પ્રતિ પોતાની સેવાનો ફાળો સહેજ સમર્પે ! અમૂલ્ય તન, ધન, જીવન સાર્થક કરી બીજાને કરાવે ! આવા વૈજ્ઞાનિક અને વિચારક યુગમાંય આવા હંબગ અને જૈનાગમ વિરૂદ્ધ મતો ધમધોકાર ચાલે છે. બાકી હવે તો મૂ. પૂ. સમાજને સુષુપ્તિ છોડી જાગૃત થવાની તક આવી પહોંચી છે. સમાજવૃદ્ધિ અને વિકાસના પંથે સર્વ શક્તિઓને વહેતી મુકયા વિના આ દિશાની ઉત્ક્રાન્તિ ગહન છે. ભિન્ન ભિન્ન દિશાઓમાં કલ્યાણ કામુકતાથી કાર્યો કરાય, અને ગયેલો સંગઠનમય આદર્શ સમય જોવાનું સૌભાગ્ય સમાજને સાંપડે એજ મારી તો મહદેચ્છા છે, આ લખાણ લખી ટીકા કરતો નથી, પણ મૂર્તિપુજક કોમને ટકોર કરૂં છું.

# જ્ઞાન ગોચરી

દૈનિક, અઠવાડિક કે માસિક ઈત્યાદિ સામયિક પત્રોમાં તેમજ પુસ્તકો કે ગ્રંથમાં કે અન્ય કોઈ સાહિત્યક્ષેત્રમાં પ્રસિદ્ધ થતાં ઉપયોગી લખાણોના સાર ભાગને ચૂંટી લેખક રજૂ કરે છે; વીણી વીણી એકઠું કરવામાં આવે છે. તે નિર્દોષ, સરળ અને ધર્મ, સાહિત્ય કે સંસ્કારની દૃષ્ટિએ ન્યાય આપનારૂં હશે.

પ્રાસંગિક જણાવી દઇએ કે, આવું સાહિત્ય રજૂ કરવામાં તે તે પ્રકાશનોના પ્રકાશકોનો અને લેખકોનો સહૃદયતાપુર્વક આભાર માની, તેઓના સ્વામિત્વહક્કને સ્વીકારી, કેવળ નિસ્વાર્થભાવે અમે આ વિભાગને શરૂ કર્યો છે. સં.

## લગ્નના આદર્શોનો વિનિપાત

[ શ્રી જયેન્દ્રરાય ભ. દૂરકાળ: વિશ્વમંગલ ]

આપણા દેશમાં પ્રસરેલી વિલાયતી કેળવણી અને વિલાયતી સંસ્કારોની લીલા છે, પણ આપણે જો પ્રજા તરીકે એક મહાન અને મજબૂત પ્રજા થઈ રહેવા માગતા હોઇએ તો આપણે દૂર્ઘટનાઓથી સમજી જવાનું છે. કેમકે કહેવત છે કે, તેજીને ઇસારો અને ગમારને ડફણાં, એ રીતે આપણા સમજુ જનોએ કહેવાતા શ્રેષ્ટજનોના ખોટા દાખલા બેસાડીને સમાજને સપાટ કરી નાખે તે પહેલાં વહેણની અસરો સમજી લેવી જોઇયે, અને બને તે કરવું જોઇયે. આપણા હિન્દુ સમાજને રક્ષવાનેજ આ જરૂરનું છે એમ નહીં પણ આપણા હિન્દુસ્થાનની આધારભૂત પ્રજાના રક્ષણને અર્થે પણ તે જરૂરી છે. કેમકે સ્વચ્છન્દ, ભ્રષ્ટતાવાળાં, અને માનસ વિનિપાતવાળાં લગ્નોથી જે પ્રજા થાય છે તેમાં પરંપરાના દોષો આવે છે અને તેથી વિકારોની ઉગ્રતા, માનસની દુષ્ટતા, અને બુદ્ધિનો વિપર્યય તેવી પ્રજામાં વધતો જતાં તેની માનસિક, ભૌતિક અને આધ્યાત્મિક શક્તિઓ ઓછી થતી જાય છે અથવા હિટલર આદિની પેઠે દુર્માર્ગે ચઢી જાય છે અને પ્રજાનું અધઃપતન અને છેવટે વિનાશ થાય છે. પ્રજાઓનો અભ્યુદય સંયમના માર્ગોએ જ થયો છે, સ્વચ્છન્દના માર્ગોએ શું થાય છે તેનું ચલચ્ચિત્ર યુરોપના ૧૭૮૯ પછીના ઇતિહાસમાં મળે છે. સીનેમાના શોખીનોને વધારે જોવા જેવી તો આ લાંબી દોઢસો વર્ષની ફીલમ છે. અને એનું કેવું કરૂણાજનક પરિણામ આવ્યું છે એ આપણે જોયું છે. સુખ, સ્વતંત્રતા અને શુદ્ધ મનને નામે આ બધું કરવામાં આવે છે. પણ આમાંનું એકે ખરી રીતે સિદ્ધ થતું નથી, ને છેવટે ઢાંકણો ખુલ્લાં થઈ જાય છે.

“ત્યારે હવે પ્રશ્ન એ થાય છે કે, લગ્નના આદર્શોમાં પતન એટલે શું? જ્યાં પ્રેમ હોય ત્યાં લગ્નગ્રંથીથી જોડાવું એને શું પતન માનવું? પ્રેમ વિનાનું તે શું લગ્ન છે? આના જવાબમાં આપણે પ્રેમની ફિલ્સુફીમાં ઉતરવાની જરૂર નથી. ઉત્તર એટલોજ છે કે, જ્યાં જ્યાં પ્રેમ થાય ત્યાં ત્યાં લગ્ન કરવાનું ઠરાવવામાં આવે તો અત્યારના જમાનામાં લગ્ન કરાવનાર બ્રાહ્મણોને

ફુરસદ મળે નહિં. વસ્તુતાએ નવીનતા એ જ ઘણીવાર મોહનો હેતુ હોય છે અને મોહના ઉભયગ્રસ્ત રૂપાન્તરને ઘણાખરા લોકો "પ્રેમ" માને છે. આ કારણથીજ વિલાયતમાં છડેચોક જોઇ જાણીને પ્રેમમાં પડીને લગ્નો થયાં હોય છે પણ પાંચ પંદર માસ કે થોડા વરસમાં છૂટાછેડા લેવાય છે. રહસ્ય એ છે કે, મનુષ્ય બિચારો નિર્બળ પ્રાણી છે. તેનું મન તેના હાથમાં ભાગ્યેજ હોય છે. અને તેથી આપણા હિન્દુઓની ડહાપણભરેલી પરંપરા એ છે કે, બને તેટલી યોગ્યતા જોઇને લગ્ન અને લગ્ન પછી અનન્ય પ્રેમ, પ્રેમ એ આપણામાં લગ્નનો અનુયાયી છે, કર્તવ્યરૂપ છે; અનેક કુમારો કે કુમારીઓએ જોડે સહવાસ સાધી ખોળી કાઢવાની ચીજ નથી. આજ કારણથી આપણાં દાંપત્ય-જીવન એકંદરે સુખી થાય છે અને વિલાયતમાં કુમાર કુમારિકાઓનાં મન એવાં ચગડોળે ચઢેલાં રહે છે કે તેમનાં લગ્નો સુખી નીવડે છે જ ભાગ્યે, અને તેથી હવે ત્યાં લગ્ન વિના ચલાવી લેવાય છે. વળી લગ્નની સામે જેહાદ ચાલી છે તે તો જુદી. પૈસા કે પ્રતિષ્ઠાને સારૂ કે ઠામ બેસવા સારૂ કરાતાં સગવડીયાં લગ્નનાં પાખંડ ક્યાં સુધી ચાલે ?

આપણે એ લોકોના આદર્શોની નકલ કરવા જઇયે છીયે એમાંજ આપણું પતન થાય છે. આ વિષયમાં મૌલિક બાબતો મ્હને બે લાગે છે. જેનું, આપણો સમાજ—અને મુખ્યત્વે તેના નેતાઓ દર્શન કરી લે તો આપણે ઘણી ભૂલો અને ભ્રષ્ટતામાંથી બચી જઇયે. તે બે વાતો આ છેઃ એક તો આપણે સમજી લેવું જોઇયે કે, મનુષ્યોમાં—મુખ્યત્વે યુવાવસ્થામાં—જાતીય પ્રેરણાઓ પ્રબળ હોય છે. આને અંગે બે કર્તવ્યો ફલિત થાય છે, જે આપણે હમણાંજ જોઈશું. અને બીજું એ આપણે સમજી લેવું જોઇયે કે સંયમમાં માનવની ઉન્નતિ, સુખ અને મુક્તિ રહેલાં છે. હું જાણું છું કે, સંયમવિરોધી એક ફિલ્સુફી પણ નીકળી છે. પણ એમાં કાંઈ દમ નથી, પછી ભલે જેનો તેનાથી સ્વાર્થ સરતો હોય તે તેને વળગી પડે. પણ આપણાં આર્યોનાં વિધાનોની ખૂબી એ છે કે, રામબાણની પેઠે જ્યાં નાખ્યાં ત્યાં તે સોંસરાં નીકળી જાય છે અને એવી ફીલ્સુફીને પણ ઠંડી કરી દે છે. મને ઘણીવાર વિચાર આવે છે કે આપણા ભણેલાંને વિલાયતી ભૂતાવળે ભડકાવી દીધા છે, પણ જેટલો એઓ બેન્થામ, મીલ, માર્ક્સ અને ફ્રોઇડનો અભ્યાસ કરે છે એના ચોથા ભાગનોય જો આપણા આદર્શ ગ્રંથોનો કરે તો આપણા લોકોની ભાવટ ભાગી જાય.

## ચુંટણીના નામે નૈતિક અધઃપતન

**શ્રી. રવિશંકર મહારાજ [ પ્રજાબન્ધુ ]**

[ આજકાલ ચૂંટણીના નામે જાતજાતનાં નાટકો ભજવાઈ રહ્યાં છે. ચૂંટાઇને આવેલી વ્યક્તિ પોતાની જાતને પ્રજાના પ્રતિનીધિ તરીકે ઓળખાવે છે, પણ એ કહેવાતા પ્રતિનીધિ પરદેશી સત્તાના ધારાધોરણ પ્રમાણે કેટ—કેટલી લાંચરૂશ્વતોથી એ પદ પર આવે છે. આજની બહુમતીને નામે કેવું ફારસ ભજવાઈ રહ્યું છે. આ હકીકત એક ચુસ્ત મહાસભાવાદીના શબ્દોમાં અહિં રજુ કરી છે. **સં.** ]

પહેલાં અગાઉના જમાનામાં મત ન હતા એમ નહીં; પણ તે વખતે તેની લાયકાત સદાચાર, ચારિત્ર્ય પર હતી. ડાહ્યા માણસો ભેગા થઈ નિર્ણય કરતા હતા. તે વખતે એક ડાહ્યો માણસ અભિપ્રાય આપે તો તેનો બીજા સ્વીકાર પણ કરતા હતા. અને સમાજનું નાવ

ચાલતું હતું. તે વખતે હાથ ઉંચા કરીને મત લેવાતા ન હતા એ ખરૂં.

ત્યાર પછી અંગ્રેજ સરકારનું રાજ્ય આવ્યું ત્યારે ગામડાંમાં મતદારો રહ્યા છે. એ મતદારો એટલે ગામના ડાહ્યા માણસો. આ માણસો ગામના સાર્વજનિક કામોમાં પોતાનો મત જાહેર કરે અને એ બધા મતાદારોના મતોથી ગામનું સાર્વજનિક કામ થાય.

પણ ત્યાર પછી અંગ્રેજી અમલનું જોર દિવસે દિવસે વધતું ગયું, તેમ તેમ ત્યાંની કાર્યપદ્ધતિ પણ દાખલ થતી ગઈ. ત્યાંનું લોક-શાસન ચૂંટણીઓ મારફત ચાલે છે અને એ ચૂંટણીઓમાં પ્રપંચ, જૂઠ, લાલચ, ધન વગેરે બધાં સાધનો વપરાય છે–એ જ વસ્તુ હવે અહીં દાખલ થઈ છે.

અહીં મત આપવાનો અધિકાર હાલ અમુક ધન હોય તેને છે, પછી તે ધનનો માલિક મૂર્ખ હોય તોય તેને ડાહ્યા માણસના જેટલો જ મતનો અધિકાર હોય છે. દાખલા તરીકે ગાંધીજી એક ઠરાવ લાવે અને એ મૂર્ખ અગર બિનઅભ્યાસી માણસો વિરોધ કરે તો તે ઊડી જાય! ત્યારે મતાધિકાર એટલે શું એ વિચારીએ.

**મતાધિકારસ્વાર્થ માટે નહિ—**

મત આપવાનો અધિકાર મળે એ બહુ મહત્ત્વની વાત છે. તે એક પ્રકારની સંપત્તિ છે, મોભો છે, માન છે.

પણ તે વપરાય કોને માટે? પોતાને માટે? નહીં જ, તે પોતાના સ્વાર્થ માટે વપ-રાય જ નહીં. તે અધિકાર જાહેર કામ માટે મળ્યો છે એટલે જાહેર કામ માટે જ એનો ઉપયોગ થવો જોઈએ.

હવે જાહેર કામની દૃષ્ટિએ ઉપયોગ કર-વાનો હોય એનો અર્થ એ થાય છે કે, જેને મત આપવાનો છે તે જાહેર સેવક થવાનો છે, અને જે જાહેર સેવક થવા જાય છે તેણે એમ સમજવું જોઈએ કે, તે જાહેરનું કામ કરવા જાય છે, પોતાનું નહીં, અને એ કામ થયું કે નહીં તેનો હિસાબ મતદારો માગે ત્યારે આપવો રહ્યો અને એ હિસાબ મતદારોને માગવાનો અધિકાર છે. જ્યારે બીજે પક્ષે મત આપનારાઓને સમજવું જોઈએ કે, આપણા-માંથી જે ભાઈઓને જાહેર સેવાનું કામ કરવા આપણે નક્કી કર્યા, તેનાં બાળબચ્ચાંની, ઘર-ખર્ચની ચિંતા આપણે કરવી જ રહી.

**સેવકોને પ્રજાએ પોષવા જોઈએ**

જેમ ગામડામાં લુહાર કે હજામ છે તેને ગામના બધા ખેડુતોએ મળી લુહારનું કે હજામતનું કામ સોંપ્યું, જેથી બધાને સરળતા થાય અને તેથી બધાએ તેના ખર્ચ માટે દાણા આપવાનું ઠરાવ્યું. શિક્ષકને પણ એવી રીતે પોષ્યા. આમ સામાજિક કામો માટે સેવકો જોઈએ અને પ્રજાએ તેમને પોષવા જ જોઈએ.

**હાલ શું છે?**

હાલ તો મત આપવા જનાર સગોવહાલો કે મિત્ર હોય અથવા કંઈ લાલચ હોય તો તેને મત આપવા દોડે છે. એમ કરવાથી નિચેનાં અનિષ્ટો ઊભાં થાય છે.

(૧) મત જાહેર હિતની દૃષ્ટિએ લાયક માણસ યા સંસ્થાને આપવો જોઈએ એ હેતુ બરબાદ થાય છે.

(૨) મત મેળવવામાં અને લેવામાં ખૂબ મહેનત અને ખર્ચ થાય છે.

(૩) જૂઠ, પ્રપંચ, વેર અને દ્વેષ કેળવાય છે અને એ રીતે મતની પ્રતિષ્ઠા ઓછી થાય છે.

(૪) જે માણસ ખર્ચ કરીને મત મેળવે તે મોટે ભાગે જાહેર કામમાં જઈને ખર્ચ વસૂલ કરવાની દૃષ્ટિ જ રાખતો થઈ જાય છે. અગર સેવા કાર્ય છોડવા પ્રેરાય છે. જેમ કોઈ મજૂર કહે કે, હું એક રૂપિયો આપું છું અને તમે મને તમારા ખેતરમાં મજૂરી કરવા લઈ જાઓ; કેમકે હું તમારી સેવા કરવા ઇચ્છું છું તો શું તે પેલા ખેડૂતનું કલ્યાણ કરશે ખરો ? એ તો ખેતરમાં જઈને પોતાનો સ્વાર્થ સાધશે. એમ આજે ખૂબ ખર્ચ કરીને જે લોકો ચૂંટાવા ઇચ્છે છે અને મત આપવા જનારાઓને લાડુ જમાડે છે અને ઉપર દક્ષિણા પણ આપે છે તે શું જાહેરનું ભલું કરશે ? અગર જાહેર સેવા કરવાની ઇચ્છાવાળો માણસ મમત્વમાં આવી, આવું ખર્ચ કરે તો આર્થિક સ્થિતિએ ઘસાઈ જઈ કાયમનો સેવાક્ષેત્રમાંથી નીકળી જાય છે અગર તો ચૂંટણીમાંથી પૈસાની ગએલી ખોટ મેળવવા પ્રયત્ન કરે છે. આમાં તો પૈસાનું પાણી થાય છે; એટલું જ નહીં પણ ખાસ કરીને આપણા સમાજનો નીતિનો પાયો તૂટી જાય છે.

**અજ્ઞાન પ્રજાને હાથા બનાવશે ?**

આજે શિક્ષણની કોલેજોમાં મંત્રી થવા માટે પણ વિદ્યાર્થીઓ આજ પ્રમાણે વર્તે છે એ આજની કોલેજોનું શિક્ષણ છે. એ બધા આ પ્રકારની કોલેજની તાલીમ લઇને સમાજમાં પણ એમ જ કરવાનાને ? અને એ બધા કહેવાતા બુદ્ધિશાળી લોકો આપણી અજ્ઞાન પ્રજાને હાથા બનાવશે કે બીજું કંઈ?

આમ વિચાર કરતાં કરતાં મતની સાચી કેળવણી પ્રજામાં નહિં ફેલાવવામાં આવે તો જેમ જેમ મતાધિકાર વધતો જશે તેમ તેમ પ્રજાનું નૈતિક દૃષ્ટિએ અધઃપતન થતું જશે.

## શ્રી તળાજા મૂર્તિખંડન પ્રકરણ;

**[ શ્રી પરમાણંદદાસ: પ્રબુદ્ધજૈન ]**

શ્રી મણિલાલ જેમલ શેઠ અને મોહનલાલ દીપચંદ ચોકસી ભાવનગર પહોંચ્યા અને તળાજા તીર્થરક્ષક સમિતિના કેટલાક સભ્યો સાથે તેઓ ભાવનગરના નાયબ દીવાનને મળ્યા, જેનું પરિણામ શ્રી મણિલાલ જેમલ શેઠ જણાવે છે તે મુજબ નીચે પ્રમાણે આવ્યું છે.

" ભાવનગર નાયબ દીવાન સાહેબના બંગલે તા. ૨૯ મી જાન્યુઆરીએ તળાજા તીર્થ અંગે નીચે મુજબ સમાધાન થયું છે.

" મહેરબાન દીવાન સાહેબની નાદુરસ્ત તબિયત હોવાને લીધે તેઓશ્રી ગઢડા હોવાથી મહેરબાન નાયબ દીવાન સાહેબ તથા અન્ય અધિકારીઓ અને તળાજા તીર્થ રક્ષક કમીટીના પ્રમુખ શ્રી ભોગીલાલ મગનલાલ તથા શ્રી ખાંતીભાઈ અમરચંદ વોરા તથા ભાવનગર સંઘના સેક્રેટરી શ્રી જૂઠાભાઇ સાકરચંદ તથા તળાજાના આગેવાન શ્રી વલ્લભદાસ ગુલાબચંદ તેમજ મુંબઇથી પધારેલ શ્રી મણિલાલ જેમલભાઇ શેઠ તથા શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી મળ્યા હતા.

" મજકુર બનાવ અંગે જૈન કોમની દુભાયેલી લાગણી પ્રત્યે રાજ્યે પ્રથમથી જ હમદર્દી તથા સહાનુભૂતિ દર્શાવી છે, અને તેને અંગે પોલીસ તરફથી ચાંપતી તપાસ ચાલુ છે અને રૂ. ૫૦૦૦ નું ઇનામ પણ જાહેર કરેલ છે. આ વાતનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

"તીર્થના ભવિષ્યના સંરક્ષણ અને સલામતી માટે તળાજા તીર્થ કમીટીની અરજ તથા પ્લાન મુજબ માગણી રજુ થયેથી તે પ્રત્યે નામદાર દરબારશ્રી સહાનુભૂતિથી વિચાર કરશે એવી ખાત્રી આપવામાં આવી છે."

આ ઘટનાને 'મુંબઇ સમાચાર' તરફથી 'જૈનોનો વાગેલો વિજય ડંકો' ભાવનગરના કર્મચારીઓ અને મુંબઈના બે જૈન કાર્યકરો વચ્ચે સુખદ સમાધાન' એવા મથાળાથી વર્ણવવામાં તેમજ વધાવવામાં આવેલ છે.

એક બાજુએ મુંબઈમાં મળેલી સભાના છાપામાં વિગતવાર ખબર આવ્યા. અને શ્રી મણિલાલ જેમલ શેઠનાં નિવેદનો પ્રગટ થયાં; તથા નાયબ દિવાન સાથે વાટાઘાટોની કેટલીક પ્રમાણભૂત–અપ્રમાણભૂત વિગતો બહાર આવી. બીજી બાજુએ ઉપરની વાટાઘાટને પુરા બે દિવસ થયા નહોતા એટલામાં ભાવનગરના દિવાન સાહેબ સાજા થઈને ભાવનગર પાછા પધાર્યા; છાપાઓમાં પ્રગટ થઈ રહેલા સમાચારોથી ચમકયા અને ભાવનગરના જૈનઆગેવાનો, તળાજા તીર્થરક્ષક કમિટીના સભ્યોને બોલાવવામાં આવ્યા. તેમની સાથે થયેલી ચર્ચાના પરિણામે એ સભ્યો તરફથી નીચે મુજબનું નિવેદન બહાર પાડવામાં આવ્યું છે.

"તળાજાના જૈન મંદિરો સંબંધી વર્તમાન પત્રોમાં કેટલીક હકીકત આવી છે, તેને અંગે નીચે પ્રમાણેની હકીકત જાહેર કરવાની અમને જરૂર જણાય છે.

"(૧) ભાવનગર રાજ્યમાં રહેતા જૈન આગેવાન ભાઇઓની એક કમિટી રાજ્યના મે. નાયબ દિવાન સાહેબ અને બીજા અધિકારીઓને તા. ૨૯–૧–૪૬ ના રોજ સવારે મળી હતી. અને તેમની પાસે કેટલીએક માગણીઓ રજુ કરી હતી. આના જવાબમાં અમોને કહેવામાં આવ્યું હતું કે, અમારા તરફથી લેખીત માગણીઓ રજુ થયેથી તેની ઘટતી તપાસ કરી ના. દરબારશ્રી તેનો સહાનુભૂતિથી વિચાર કરશે.

"(૨) અમારી કમિટી સાથે ઉપર પ્રમાણે વાત થયા પછી અમારી માગણી ઉપરથી મુંબઇથી આવેલ શેઠ મણીલાલ જેમલ તથા મોહનલાલ દીપચંદ ચોકસીને અમો સ્થાનિક કમિટીના સભ્યો સાથે મળવા લાવવા કહેવામાં આવેલું અને તે રીતે સાંજે મળ્યા. તે વખતે પણ ઉપર કહ્યા પ્રમાણે તળાજા અંગે વાત થયેલ હતી.

ઉપરાંત અમો બધાએ મે. નાયબ દિવાન સાહેબને ખાત્રી આપેલ કે, ઉપર જણાવેલ મૂળ મુદ્દાની હકીકત જાહેર કર્યા ઉપરાંત બીજો કાંઈ ઉહાપોહ કરવાનો નથી.

"મે. મૂખ્ય દિવાન સાહેબ ગઢડાથી પાછા પધાર્યા ત્યારે અમો કમિટીના સભ્યો તેઓ સાહેબને મળેલા ત્યારે પણ અમોને કહેવામાં આવેલું કે રૂબરૂ વાત કરી છે તેની રીતસર લેખીત માગણી રજુ થવી જોઇએ, તે અમો રાજ્યને પેશ કરીએ એટલે તેની તપાસ કરી રાજ્ય હંમેશાં કરતું આવ્યું છે તે પ્રમાણે વ્યાજબી મદદ આપશે."

જૈનો અને મુસલમાનો ભવિષ્યમાં કોઇ પણ અથડામણમાં ન આવે એ હેતુથી ભાવનગરના નાયબ દિવાન સાથે જે કાંઇ વાટાઘાટ થઈ હોય અને સમજુતી ઉપર અવાયું હોય તેની પ્રમાણભૂત વિગતો બહાર ન આવે ત્યાંસુધી તે વિષે અહિં વધારે ચર્ચા કરવાની જરૂર નથી. પણ આવી કોઈ વાટાઘાટ કે સમજુતીને સંતોષકારક સમાધાન તરીકે વર્ણવવી એ વાસ્તવિકતાની સામે આંખ આડા કાન કરવા બરોબર છે.

આ બાબતની ઉપર જણાવેલી કહેવાતી સમાધાની કે સમજુતીમાં કોઈ રાહત શોધી જડતી નથી. આ બધું વિચારતાં શ્રી મણિલાલ જેમલ શેઠ ઉદાત ભાવનાથી જે કાંઈ કર્યું હોય તેની બીજી ગમે તે કિંમત આંકવામાં આવે, પણ આમાં કોઈ 'જૈનોનો વાગેલો વિજય ડંકો'

નથી તેમજ એમાં જૈનસમાજે જરા પણ આશ્વાસન લેવા જેવું કોઈ સુખદ સમાધાન નથી એમ આપણે સ્પષ્ટપણે જાહેર કરવું જ રહ્યું. આજે પણ તળાજા મૂર્તિખંડનનું શલ્ય જૈનોને એટલું ને એટલું જ સાલે છે અને એ પ્રકરણ ભાવનગર રાજ્ય પુરતું હતું ત્યાં ને ત્યાં જ ઉભું છે.

## અણીનો ચૂક્યો સો વર્ષ જીવે!

### [ જન્મભૂમિ-પ્રવાસી ]

અમેરિકાના ડેવન નામના એક શહેરમાં **જોનલીન** નામના શખ્સને મીસીસ કીઝ નામની એક ખૂબસૂરત સ્ત્રીનું ખૂન કરવાના આરોપસર ફાંસીની સજા આપવામાં આવી. ન્યાયાધિશે જ્યારે ફાંસીની સજા જાહેર કરી ત્યારે જોને વારંવાર પોકાર્યું કે, "સાહેબ! મેં ગૂન્હો કર્યો નથી, હું તદ્દન નિર્દોષ છું. તેથી તમે મને કદી મારી શકો તેમ નથી"

પણ અદાલતનો ચુકાદો તો ફેરવાયો નહિ. જોન લીની ફાંસીની સજાનો અમલ કરવાનો દિવસ આવી પહોંચ્યો. જોનલીના શબ્દોથી જાહેર પ્રજામાં પણ ઘણો રસ ઉત્પન્ન થયો હતો તેથી તે દિવસે હજારો લોકો ફાંસીના માંચડાની સામે ઉભા રહ્યા હતા. ફાંસીનો માંચડો તૈયાર થઈ ગયો. તૈયારીઓને બરોબર તપાસવા માટે કપડાંના એક કોથળાને [ જેને ડમી કહેવામાં આવે છે. ] લટકાવી જોવામાં આવ્યો. ત્યારે પ્રયોગ સફળ થયો એટલે જોનલીને માંચડા ઉપર લાવવામાં આવ્યો. તેના ગળામાં ફાંસીનું દોરડું બાંધી દેવામાં આવ્યું.

બસ, એક દો તીન....ચોપાસ ભયંકર શાંતિ છવાઈ ગઈ હતી. બીજી ક્ષણે શું થશે તે ટીકી ટીકીને જોવા માટે સૌ આતુર ઉભા હતા. શરીફનો હુકમ છુટ્યો અને દોરડું તાણવામાં આવ્યું, જોનલી બેભાન બની ગયો પણ મૃત્યુ પામ્યો નહિ, તેના શરીરને ઘસડીને દૂર લઇ જવામાં આવ્યું. બધાંના આશ્ચર્યની વચ્ચે શુદ્ધિમાં આવીને તે ઉભો થઈ ગયો.

ત્યાં તો શરીફનો ચૂકાદો આવી પડયો કે, જોનલીને બરોબર ફાંસી આપવામાં આવી નથી. લીને થોડીવાર દૂર લઇ જવામાં આવ્યો. શરીફે પેલા બનાવટી કોથળાને લટકાવીને ફાંસીની રચનાને બરોબર ઝીણવટથી તપાસી જોઇ, પછી લીને લઈ આવવાનો હુકમ છૂટયો.

જોનલીને ફરી લટકાવવામાં આવ્યો, તે થોડીવાર બેભાન બન્યો, પણ જોતજોતામાં જ પાછો ઉભો થઈ ગયો! લોકો તો આશ્ચર્યચકિત થઈને હર્ષનાદવડે તે લીનો જયજયકાર કરવા લાગ્યા. શરીફ ગભરાયો. તેણે વિશેષ સૂચનાઓ માટે ન્યાયખાતાના વડાને ટેલીફોન કર્યો, જવાબ મળ્યો કે, "જોનને ફરીથી ફાંસી આપો."

લોકો તો શરીફ તેમ જ ન્યાયખાતાના હુકમથી ખૂબ રોષે ભરાયા. ચારે બાજુ ધાંધલ અને તોફાનના ભણકારા વાગવા લાગ્યા. ત્રીજી વખત ખૂદ શરીફેજ લીને લટકાવ્યો. પણ લી તો જીવતો જ રહ્યો. આખરે શરીફે ચોથીવાર પણ પ્રયાસ કર્યો પણ લીનો મૃત્યુકાળ તો આવી પહોંચ્યો ન હતો. તેથી તે તો જીવતો પાછો આવ્યો. એ દરમીયાન ન્યાય અને પોલીસ વડાઓ આવી પહોંચ્યા. લંબાણ મસલત પછી લીને ફાંસીની સજાનો અમલ થઈ ચૂકયો છે, એમ જાહેર કરવામાં આવ્યું અને લીને મુક્ત કરવામાં આવ્યો.

જોન લી આજે એજ નગરમાં જીવન ગૂજારી રહ્યો છે. પોતાના કુટુંબ કબીલા સાથે પોતાના ભૂતકાળના સંસ્મરણોને યાદ કરીને મોજ માણી રહ્યો છે. ડેવન નગરની પ્રજા પણ જોન લી સામે આંગળી ચીંધીને કહેતા હોય છે, જુઓ, **અણીનો ચૂક્યો સો વર્ષ જીવે છે ને?**

# ફેરવી કલમે
## : પ્રાસંગિક નોંધ :

### તળાજા મૂર્તિખંડનનું દુઃખદ પ્રકરણઃ-



સત્ય પ્રકાશના સૌજન્યથી

જે કાળ ચોઘડીએ મૂર્તિખંડનના માઠા સમાચાર વાયુવેગે પ્રસર્યા તે સમયે જૈન જનતાના હૈયાં કાળા કકળાટ સાથે ખળભળી ઉઠ્યાં, તારો, ટપાલો, સભાઓ, ઠરાવો, ભાષણોદ્વારા પોતપોતાની દુઃખની લાગણી વ્યક્ત કરી. ગામો-ગામ સમાચાર મળતાં દુકાનોનાં બારણાં બંધ થયાં, વ્યાપારીઓએ હડતાળ પાડી. અખબારનવેશોએ પોતાનાં કોલમો રોકી, બનેલા દુઃખદ બનાવથી મૂર્તિપૂજક કોમને વાકેફ કરી; અને પોતાના હૃદયની દુઃખની લાગણી શબ્દોમાં રૂપક આપી વ્યક્ત કરી.

તે સમયે આ બધું જોતાં સૌ કોઇ આશા રાખતું હતું કે, આવું કારમું કૃત્ય કરનાર વ્યક્તિને શંકાવિના યોગ્ય નશ્યત થશે અને મૂર્તિપૂજક જૈનકોમને યોગ્ય ન્યાય જરૂર મળશે. પણ તે બનાવ બની ગયાને છ મહીના લગભગ જેવો લાંબો સમય પસાર થવા છતાં આજલગી તેને માટે કંઈ આશાસ્પદ પરિણામ આવ્યું હોય એવા સમાચાર સાંપડ્યા નથી.

જૈનસમાજને શરમાવનાર કૃત્યો બને અને તેનો ઈતિહાસ કાળાઅક્ષરે લખાઈ જૂનો બને છતાં જૈનસમાજના વડિલોનું દુર્લક્ષ્ય ઓછું ન બને તો એ પણ એક જાતની મોટી કમનસીબી છે.

એજ તળાજાતીર્થના દહેરાસરમાંથી ભગવાનનાં ચક્ષુ ચોરાયાની વાત મહીના પહેલાં પત્રોદ્વારા જાણવા મળી હતી. આવાં જૈનધર્મને હીણપત લગાવનારાં છમકલાં બને છતાં તેની સામે ઘટતાં પગલાં લઇ અને ઘટતો બંદોબસ્ત કરવામાં ન આવે તો જૈન તીર્થો ક્યારે વધુ ભયમાં મૂકાશે એ કહેવું જરા મુશ્કેલ છે.

કલંકભૂત એવી દુઃખદ ઘટના ઉપર ઠંડુ પાણી રેડાશે તો જૈનોની નાકલીટી થવામાં કંઈ વિધિ બાકી રહેતો નથી. ભવિષ્યની જૈન

પ્રજાને કાળા અક્ષરે લખાએલા ઇતિહાસને વાંચી, આપણી નિર્બળતા ઉપર દુઃખ થશે. કઈ દુશ્મનાવટના બહેકાટમાં આ હીચકારૂં પગલું દુશ્મને ભર્યું છે તેની વ્યવસ્થિત શોધ થવી જરૂરી છે અને તે ન થાય ત્યાં સુધી પ્રતિમાના પૂજકો એવા આપણે, અવિહડ પૂજ્યભાવ હોય તો જંપશું ખરા ? કેવળ લાગણીપ્રધાન બનીશું એટલા માત્રથી દેવ, ગુરુ અને ધર્મનું રક્ષણ થવું મુશ્કેલ છે.

× × × ×

શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના સંચાલકો શ્રી મોહનલાલ ચોકશી, અને મણિલાલ શેઠે ભાવનગર રાજ્યના અધિકારીઓની આ પ્રશ્ન માટે મુલાકાત લઇ, જે અહેવાલ મુંબઇ ખાતે જાહેરસભાઓમાં જાહેર કર્યો, તે આખોય બનાવ, કેવળ વિના આપભોગે સસ્તી કીર્તિને રળવા માટેનો અજબ કિસ્સો ઉભો કરાયો હોય એમ અમને લાગે છે.

મુંબઈના જૈનોની જાહેર સભાઓમાં શ્રીયુત ચોકસીએ તેમજ શ્રીયુતશેઠે, ભાષણોદ્વારા જૈનસમાજનો વિજયડંકો, જે રીતે જાહેર કર્યો છે, એ કોઇપણ સાદી બુદ્ધિમાં ન ઉતરી શકે તેવી હકીકત છે.

તેઓ ભાવનગર જઈને જૈન સમાજને માટે નવી કઈ વાતો લઇને આવ્યા ? તેમજ પ્રસ્તુત પ્રકરણમાં કઈ વિજય–વધામણી લઇને આવ્યા ? અને સમાજની કઈ સેવા બજાવ્યાનું તેઓ ગૌરવ ધરાવે છે તે સંબંધી યોગ્ય ખુલાસો કરી જાહેરજનતાને તેઓએ દરેક રીતે વિશ્વાસમાં લેવી જોઇએ.

જનતા–જનાર્દનની વાતો કરનારા આપણા એ સેવાભાવી કાર્યકરોએ, જનતાની આગળ પોતાની બધી વિગતો સ્પષ્ટ રીતે જાહેર કરી દેવી જોઇએ. નહિંતર સહુકોઇને એ કહેવાનું મળશે કે–‘ લોકોના વિશ્વાસનો આ એક ખુલ્લો દ્રોહ છે, અથવા તો નાહક માન મેળવવાના આ ફાંફાં છે. ’ આ રીતે સમાજને અંધારામાં દોરી જવાથી ફાયદો શું ? ખરીરીતે તો આપણે હજુ ત્યાંના ત્યાં જ છીએ, એમ અમને સ્પષ્ટ જણાઈ આવે છે.

અમે આ કહેલી હકીકતો જે તદ્દન સાચી છે, તેને અંગે શ્રીયુતશેઠ અને શ્રીયુત ચોકસીના સહકાર્યકર ભાઈશ્રી પરમાણંદ પોતાના નિવેદનદ્વારા પ્રકાશ પાડે છે. તે નિવેદનના ટુંકસાર ભાગને અમે એમના જ શબ્દોમાં **જ્ઞાનગોચરી** વિભાગમાં સ્થાન આપ્યું છે.

આશા છે કે, ભાવનગર રાજ્યના આગેવાન સદ્ગૃહસ્થો, તળાજા તીર્થકમિટી, મુંબઈના સદ્ગૃહસ્થોની કમિટી વગેરે આ પ્રશ્ન પરત્વે યોગ્ય પ્રકાશ સત્વર પાડશે. અને જૈન જનતાને સત્ય હકીકતોથી માહીતગાર બનાવી તેઓનો વિશ્વાસ પ્રાપ્ત કરશે !

## ભૂખમરાની ભૂતાવળ;

યુદ્ધ શાંત થયું પણ મુશ્કેલીઓ, મોંઘવારી, વસ્તુઓની અછત એનો અંત આવ્યો નથી, અને એથી પ્રજાની હાડમારીઓ ઘટી નથી પણ વધી છે. હમણાં હમણાં ચોમેરથી અનાજની બૂમ ઉઠી છે. હિંદને લાખો ટન અનાજની ખાદ છે. ભૂખમરાની ભૂતાવળના ભોગ આજ સુધીમાં લાખો માણસો બન્યાં છે. પારાવાર હાડમારીઓનું વર્ણન શબ્દોમાં પણ ઉતારવું અતિ મુશ્કેલ છે.

દુષ્કાળો તો ભૂતકાળમાં ઘણી વખત પડયા છે એમ આપણને ઇતિહાસ કહે છે પણ તે

દુષ્કાળનું પરિણામ જનતાને આવું દુઃખદ અનુભવવું પડયું હોય એમ આપણને ઈતિહાસ કહેતો નથી. બીજી વસ્તુઓ સિવાય જનતા ગમે તે રીતે ચલાવી લે. પણ અનાજ જેવી જીવનને અનિવાર્ય વસ્તુ વિના કેમ ચાલે? ભૂખ્યા પેટે કેટલા દિવસ જીવી શકાય? ભિષણ દુર્ભિક્ષના ભયાનક આફતના ઓળા વધુને વધુ શ્યામ બનતા જતા હોય ત્યાં માર્ગ સૂઝવો પણ મુશ્કેલ છે.

આજે પ્રત્યેક માનવીની એક જ ફરજ છે કે, કણની કિંમત સમજી ખોટી રીતે વ્યય થતા અનાજને બચાવવાની જરૂર છે. પહેલાં માણસ અડધું ખાતો અને અડધું ફેંકી દેતો એ સમય હવે રહ્યો નથી, તેમજ મોજશોખ એશારામ વૈભવ વિલાસ અને નાટક–ચેટકમાં ખર્ચાતા પૈસાને બચાવી સદુપયોગ કરવાનો અને થોડામાંથી પણ થોડું આપવાનો ખરો સમય આવી પુગ્યો છે.

કાપડ જેવી વસ્તુઓને થીગડું મારી પણ ચલાવી લેવાય પણ ખાવા જોઈએ તેમાં કાપકુપ કઇ રીતે થઈ શકે? શ્રીમંતો ભલે વધુ પૈસા આપીને પણ ગમે ત્યાંથી મેળવી શકતા હોય અને પોતાનું આજીવન સરળતાથી કે મુશ્કેલીથી ચલાવતા હોય પણ મધ્યમજીવી લોકોની હાલાકી પારાવાર છે અને એનું ચિત્ર ઘણું કરૂણ અને દુઃખદ છે.

કોઈ કહેતું ય કે, આ બધું દુઃખ પરાધિનતાનું કે સામ્રાજ્યના શોષણનું છે તો તે પ્રકારનું માનવું જરા અણસમજનું છે. જે જે દુઃખો આવે છે તે માનવીએ કરેલા કૃત્યનું પરિણામ છે. દુઃખના સામે નજર રાખવા કરતાં, દુઃખના કારણ સામે દૃષ્ટિ રાખવી. જેનાથી માનવીનું દુઃખ ધીમે ધીમે હળવું થશે. દુઃખની જ સામે દૃષ્ટિ રાખી બેસી રહેવાથી કે દુઃખના ઉલ્કાપાતોમાં ઝંપલાવવાથી દુઃખ કાંઈ ઓછું થતું નથી.

અંતમાં પ્રાસંગિક રીતે એટલું જ જણાવવું જરૂરી છે કે, ચોમેર ભૂખમરાની ભૂતાવળ ફરી વળી છે એટલે મળ્યું હોય તેમાંથી થોડું પણ આપવાની બુદ્ધિ રાખી દુઃખી થતા આપણા ભાઈઓને સાધર્મિકભાવે સહાય ભૂત બનશો.

**હડતાળનું શસ્ત્રઃ**

જ્યારે એક બીજાની ફરીયાદોનો નિકાલ થતો નથી ત્યારે વિરોધના પ્રતિક રૂપે હડતાળ ઉપર ઉતરે છે. હડતાળનું સામ્રાજ્ય વિસ્તૃત બનતું જાય છે. પગારના કારણે કે બીજા કોઇ કારણે મીલ કામદારો, રેલ્વે કામદારો, વિમાનીયો, નાવિકો, શિક્ષકો, ગુમાસ્તાઓ, પોષ્ટમેનો, વ્યાપારીઓ અને કોલેજીયનો વગેરે એક બીજાની સામે હડતાળના શસ્ત્રનો ઉપયોગ કરે છે. જે તે બાબતોમાં ઉતાવળીયું પગલું ભરી હડતાળ જેવા ભારી અને નાજુક શસ્ત્રનો ઉપયોગ કરવો તેમાં સામુદાયિક રીતે અને પરિણામે સમાજનું હિત જોખમાય છે.

ભૂતકાળમાં પણ સમાજના અગ્રગણ્યોના આદેશથી અનિવાર્ય સંજોગોમાં અને છેવટના ઉપાય તરીકે મહત્ત્વની બાબતમાં હડતાળનો ઉપયોગ થતો હતો, એ હડતાળથી ધાર્યું પરિણામ આવી શકતું હતું પણ વર્તમાનમાં જેમ નાની મોટી બાબતોમાં જે તે લોકો હડતાળનો સ્વચ્છંદ રીતે ઉપયોગ કરે છે, તેનાથી તો અવ્યવસ્થા, હાલાકીઓ, તોફાનો, ભાંગફોડો, લૂંટફાટો, હુલડો, ભયંકર અશાંતિની જ્વાળાઓ અને બળવા જેવા અશુભ તત્ત્વોનું આવિષ્કરણ થાય છે. એના ભોગ નિર્દોષ માનવીઓને પણ થવું પડે છે. હડતાળીઆઓ પોતાનો સ્વાર્થ હાંસલ

કરવા જતાં પરિણામે મોટી ખોટ હાંસલ થાય છે. હડતાળનું મહત્ત્વ અને પ્રભુત્વ હતું તે આજે ઓસરી ગયું છે. હડતાળના અતિરેકથી તેના પરિણામમાં દોષોનો આવિર્ભાવ થયો, બાકી હડતાળનું શસ્ત્ર, તલવારના શસ્ત્ર કરતાં પણ પાણીદાર છે; પણ એ શસ્ત્રનો આજે ઉપયોગ અવળો અને અવ્યવસ્થિત થાય છે.

સરદાર વલ્લભભાઈએ પણ સમયોચિત જણાવ્યું હતું કે, 'શહેરની શાંતિ ન જોખમાય માટે હડતાળો ન પડે તેના માટે કોંગ્રેસના કાર્યકરોએ તકેદારી અને સતત ચોકી પહેરો રાખવો જોઈએ'

હડતાળને અંગે જે તોફાનો વગેરે થાય છે. તેનું નુકશાન જનતાની કેડ ઉપર જ છે. તાજેતરમાં થયેલા તોફાનો અંગે મ્યુનિસીપલ અને સરકારી મિલ્કતને થયેલી નુકશાની અંગે હાલની ગણત્રી મુજબ મુંબાઈના કર ભરનારાઓને આશરે એક કરોડ રૂપીઆ હુલડ વળતર આપવા પડશે.

અમારૂં કહેવું એટલું જ છે કે, આવી હડતાળો ગેરવ્યવસ્થા અને નુકશાનની પરંપરાને વધારનાર છે. સૌ કોઈ એકબીજાની સામે હડતાળોનું શસ્ત્ર ઉગામવા કરતાં સૌ કોઈ પોતપોતાની ફરજ સમજી વ્યાજબી ફરીયાદોનો નિકાલ ઘરમેળે કરે તે જ હિતાવહ છે.

## કચકડાની પટીપર આવતું—શ્રીપાલકુમારનું ચિત્રઃ

તા. ૨-૩-૪૬ ના વંદેમાતરમ્ નામના પત્રમાં આ મુજબનું લખાણ પ્રગટ થયું છે. "શાહ મહેતા પ્રોડકશને "શ્રીપાલકુમાર" ની જાહેરાત કર્યા પછી કેટલાક જૈનો તરફથી એનું ચિત્રીકરણ જૈનોની લાગણી દુભવશે એવી શંકા સેવવામાં આવી છે, પરંતુ એમાં કોઈએ શંકા સેવવાનું કશું કારણ નથી. જૈનોની ધાર્મિક લાગણી દુભાય એવું કોઈ તત્ત્વ એમાં આવશે નહિ, મુનિમહારાજોના આશિર્વાદ અને માર્ગદર્શન એના પંથે પડ્યા હશે ને જૈન સાહિત્યને ગૌરવ મળે એ રીતે જ એને રૂપેરી દેહ આપવામાં આવશે."

વંદેમાતરમના શબ્દ દેહમાં જે પ્રાણ પૂરાયા છે એના ઉપર જૈન જનતાએ લક્ષ્ય આપ્યા સિવાય ચોમેરથી વિરોધનો વાવંટોળ ઉભો કરી, મહાપુરુષોની આશાતનાનું અને જૈનોની લાગણી દુભવવાનું થતું કારમું કૃત્ય અટકાવવું જ જોઈએ. આવી સામુદાયિક બાબતોમાં સંગઠન બળ મજબૂત બનાવી તેના મૂળમાં એવો જબ્બર ઘા કરવો જોઈએ કે, ફરીથી કોઈ કંપની માથું ઉંચકવા તૈયાર ન બને.

અમુક વર્ષો પહેલાં પણ કોઈ કંપની આવા ધર્મચિત્રો તૈયાર કરવા વિચાર કરી રહી હતી પણ સખત વિરોધના કારણે તે વખતે તે વાતને પડતી મુકાઈ. સ્વાર્થની ખાતર આવા મહાપુરુષોનો ઉપયોગ કરવામાં આવે અને જનતાની નહિ ઇચ્છવા યોગ્ય રૂચીને પોષવામાં આવે એ સીનેમા જગતનું કાળું કલંક છે. ધર્મીપ્રજા જ્યાંસુધી જીવતી-જાગતી છે ત્યાંસુધી મહાપુરુષોને રમકડાંની માફક નહિ રમાડી શકાય, આ જાતનું શૌર્ય જૈનપ્રજાએ આવાઓને બતાવી આપવું જોઈએ.

સુજ્ઞ સમાજ વર્તમાનનાં ફિલ્મચિત્રો પ્રત્યે સુગ ધરાવે છે. સમજે છે કે, સમાજને અવળા માર્ગે દોરી જવામાં, અને અન્યાય, અનીતિ અને અનાચારોને પ્રચારવામાં-આજે ફિલ્મચિત્રો જબ્બર કામ કરી રહ્યાં છે.

આજે છબીઘરોમાં જે સામાજિક, ઐતિ-

# મહારાજ્યોની તીર્થભક્તિ:

લેખક: **શ્રી ફુલચંદ હરીચંદ દોશી**

## શત્રુંજય દિગ્દર્શન નામના તૈયાર થતા પુસ્તકનું એક પ્રકરણ.

**મહારાજા શ્રેણિક**, ભગવાન મહાવીરના પરમ ભક્ત હતા. તેમણે શ્રી શત્રુંજયના જુદા જુદા શિખરો ઉપર જિનાલયો બંધાવ્યાં હતાં. આ પ્રમાણે ગુપ્તવંશના મગધ મહારાજ્યના સમ્રાટ **સંપ્રતિએ**, આર્ય સુહસ્તિમહારાજના ઉપદેશથી ગિરનાર અને શત્રુંજયની યાત્રા કરીને, શત્રુંજય ઉપર અને આસપાસના ગામોમાં પણ જિનાલયો બંધાવ્યાં હતાં.

**શ્રી** શત્રુંજય ઉપર ચૌમુખજી તરફના ભાગને શ્રી મરૂદેવા શિખર પણ કહે છે, તેમાં શ્રી શાંતિનાથ પ્રભુનું દહેરાસર તથા મરૂદેવી માતાનું મંદિર, સંપ્રતિ રાજાનાં ગણાય છે. આજે જે મંદિરો છે તે જિર્ણોદ્ધાર થયેલાં છે. ગિરનારમાં સંપ્રતિ રાજાની ટૂંક છે.

× × ×

**વલ્લભીપુર** એક વખત સમૃદ્ધિશાળી મહાન નગર હતું. ક્રોડાધિપતિઓ અહીં વસતા હતા. વલ્લભીપુરમાં ભવ્ય અને મનોહર જિનાલયો અને સાત ભંડારો હતા. શ્રી શત્રુંજય તલાટીનું સ્થાન પણ વલ્લભીપુર ગણાય છે. વલ્લભીપુરના શ્રીમંતોએ પણ શ્રી શત્રુંજય ઉપર મંદિરો બંધાવ્યાં હશે.

**ગ્રહસેન** રાજાના વખતમાં શ્રી વલ્લભીપુરમાં શ્રી ઋષભદેવ મંદિરની દેશ દેશાંતરોમાં એટલીબધી પ્રસિદ્ધિ હતી કે, અસંખ્ય યાત્રાળુઓ તે ચમત્કારી પ્રતિમાના દર્શનાર્થે આવતા. આ મંદિર નકશીદાર હતું અને બહુજ વિશાળ હતું. ભૂગર્ભમાં એક ગ્રંથાલય પણ હતું.

વખત જતાં બૌદ્ધ લોકોએ વલ્લભીપુરનો કબજો લીધો. જૈનો નગર છોડી પંચાસર, આબુની ઉત્તરે મારવાડમાં જઈ રહ્યા, એક ભાગ ખંભાત અને ભરૂચ ગયો. પણ અદ્વિતીય વિદ્વાન મલ્લવાદી આચાર્યશ્રીએ **શિલાદિત્યની** કચેરીમાં બૌદ્ધો સાથે વાદ–વિવાદમાં જીત મેળવી. શિલાદિત્યે જૈન સંઘને વલ્લભીપુર બોલાવ્યો. શત્રુંજય જૈનોને સ્વાધીન કર્યો, એટલું જ નહિ પણ શિલાદિત્યે શત્રુંજયનો ઉદ્ધાર કરવામાં સહાયતા આપી અને તીર્થભક્તિનું દૃષ્ટાંત પુરૂં પાડયું.

× × ×

**કનોજના** આમ રાજા આચાર્યશ્રી બપ્પભટ્ટસૂરીશ્વરજીના ઉપદેશથી બહોળા સંઘ સાથે યાત્રાર્થે નીકળ્યા. તીર્થ શીરોમણી શત્રુંજયના દર્શન કરી, આનંદ અનુભવ્યો. જિર્ણ થયેલ ભાગોનો ઉદ્ધાર કરવા પ્રબંધ કર્યો.

× × ×

---

હાસિક અને ધાર્મિક ચિત્રો નામે જનતાની આંખ સામે જે ચિત્રો ધરવામાં આવે છે. તે ચિત્રો વિકૃતિ, વિનાશ, વિહ્વળતા, વિચેષ્ટા અને વિતર્કોથી સંભૃત હોય છે. તે ચિત્રો જોનારાઓમાં તે જાતના દોષોનો જતે દિવસે આવિર્ભાવ થાય છે. આ બધી રીત વિદેશમાંથી ઉતરી આવેલી છે. "હિન્દુ" પત્રમાં એક વખત આવ્યું હતું કે, હિન્દુધર્મના જે ધાર્મિકચિત્રો ઉતારવામાં આવે છે તે તદ્દન ગેરવ્યાજબી છે. તે વિના આજે સીનેમા સૃષ્ટિ કેવા પ્રકારની છે અને સમાજને કેવી શ્રાપરૂપ છે તેનો ચિતાર આપણને અખબારોમાં વાંચવા મળે છે.

અંતિમમાં અમે સાદા શબ્દોમાં એટલું જ જણાવવા માગીએ છીએ કે, પ્રોડયુસરો ધાર્મિક ચિત્રોને રૂપેરી પડદાપર ન લાવે અને પૂર્વ મહાપુરુષોની અવગણના કરતા બચે તે ખાતર મુંબઈ બોર્ડ ઓફ સેન્સરને તાર–ટપાલદ્વારા સૌકોઈ પોતાનો વિરોધ નોંધાવે. અમે પણ અમારા નમ્ર શબ્દોદ્વારા આવા ચિત્રોનો વિરોધ કરીએ છીએ, નહિ ઉતારવા વિજ્ઞપ્તિ કરીએ છીએ.

મહારાજા સિદ્ધરાજ, સજ્જન મંત્રીની પ્રાર્થનાથી ગિરનાર યાત્રાએ ગયા હતા. સજ્જન મંત્રીએ ગિરનાર ઉપર સિદ્ધરાજના પિતાના નામથી ભવ્ય મંદિર બંધાવ્યું હતું, આ મંદિર અને સજ્જન મંત્રીની કાર્યદક્ષતા જોઇ આનંદિત થઇને આ પ્રાસાદનો સઘળો ખર્ચ રાજ્ય તરફથી આપવા પ્રબંધ કર્યો.

અહીંથી સિદ્ધરાજ, સિદ્ધાચલ તરફ પધાર્યા. શિહોર મુકામ કરી, સિદ્ધાચલ આવ્યા. શત્રુંજય તીર્થની યાત્રા કરી, અહીં પણ તીર્થરક્ષણ અને પૂજન માટે બાર ગામની બક્ષીસ કરી. સિદ્ધરાજના મહામંત્રી આશુક જ્યારે સિદ્ધાચલની યાત્રાર્થે આવ્યા ત્યારે તલાટીમાં છાવણી નાખી હતી, ત્યાં એક વાવ તથા શ્રી નેમિનાથ ભગવાનનું ચૈત્ય બંધાવ્યુ હતું. સં. ૧૧૭૯ માં શત્રુંજયના ખર્ચ માટે બાર ગામનો પટો સિદ્ધરાજ મહારાજાએ કરી આપ્યાનો ઉલ્લેખ છે.

× × ×

બાહડમંત્રીએ, કુમારપાળના પિતા ત્રિભુવનપાળના સ્મરણાર્થે પાલીતાણાની તળેટીમાં ત્રિભુવન વિહાર બંધાવી, ત્યાં શ્રી સુપાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરાવી હતી. કુમારપાળ મહારાજાએ આ વાત જાણી ત્યારે એ ત્રિભુવનવિહાર જોવાની અને શત્રુંજય તીર્થના દર્શનની ભાવના થઇ, દેશદેશાવરના સંઘોને કંકોત્રી લખાણી.

સંઘમાં આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા પરિવાર સહ પધાર્યા હતા. સાધ્વીમંડળ, હજારો શ્રાવક–શ્રાવિકાઓ, ૭૨ સામંતો, ૨૪ મંત્રીઓ, ૧૮૦૦ શ્રીમંતો, મહારાણી ભોપળદેવી, રાજપુત્રી લીલુબા અને સર્વ સામંતોનો પરિવાર હતો. સંઘ સહિત આનંદપૂર્વક યાત્રા કરી, પોતાના પિતાના સ્મરણમાં બંધાવેલ પ્રાસાદ જોઈ અત્યંત હર્ષિત થયા. હીંગલાજના હડા પાસે કુમારકુંડ બંધાવ્યો, દાદાના મૂખ્ય મંદિરે ધ્વજા, દંડ, કળશાદિ ચઢાવી પ્રભુ પૂજાનો લ્હાવો લીધો. તીર્થયાત્રાની યાદમાં કુમારવિહાર નામનું મંદિર બંધાવ્યું. જે હાથીપોળની પાસે આજે પણ છે. આ ઉપરાંત તીર્થસેવા માટે ૨૪ ગામોનો પટો કરી આપ્યો.

× × ×

વસ્તુપાળ–તેજપાળે એક વખત ખંભાતનું બંદર ખીલવવાની દૃષ્ટિએ ખંભાતમાં સ્થિરતા કરી. બે ત્રણ વર્ષ પછી એક વખત સુલતાન મૌજુદીનનાં માતુશ્રી કુસીદા બેગમ મક્કાની હજ માટે ખંભાતથી વહાણમાં બેસવા માટે આવ્યાં હતાં.

વસ્તુપાલની બુદ્ધિ અને દીર્ઘદૃષ્ટિએ આ તક ઝડપી લીધી. બેગમને પોતાના ઘેર ઉતાર્યાં એટલું જ નહિ પણ પોતાના તરફથી મક્કે બાંધવા માટે આરસનું તોરણ ભેટ મોકલ્યું. મુસાફરી માટે ઉત્તમ વહાણની સગવડ કરી આપી, આ રીતે કુસીદા બેગમ સાથે ઘનીષ્ઠ સંબંધ થયો. પાછા આવતાં આઠ–દસ દિવસ આગ્રહ પૂર્વક રોક્યા એટલુંજ નહિ પણ તેમને દિલ્હી સુધી પહોંચાડવા સાથે ગયા.

દિલ્હી પહોંચતાં જ સુલતાન ચાર ગાઉ સામો આવ્યો. માતાને યાત્રાના કુશળ સમાચાર પૂછયા; માતાએ કહ્યું.

'બેટા, દિલ્હીમાં તું અને ગૂજરાતમાં તારા જેવો વસ્તુપાલ હતા. મને તો જ્યાં ગઈ ત્યાં આનંદ મંગળ હતાં.

માતાએ વસ્તુપાલની સેવા–ભક્તિનાં ખૂબ વખાણ કર્યાં અને તે, મારી રક્ષા માટે અહીં ખૂદ આવેલ છે તેમ જણાવી તેમને બોલાવવામાં આવ્યા.

બન્ને મળ્યા, પરિચય વધ્યો. પોતાની માતાના પ્રિયપુત્ર જેવા વસ્તુપાલને મહેલે તેડાવી સન્માન કર્યું. પહેરામણી કરી અને ગમે તે માગી લેવા આગ્રહ કર્યો.

વસ્તુપાલને કયાં સમૃદ્ધિની ભૂખ હતી. તેણે ત્રણ માગણીઓ રજુ કરી; ૧ અમારી અને તમારી વચ્ચે મીઠો સમ્બંધ જળવાઈ રહે તે માટે ગૂજરાતના રાણા સાથે મૈત્રિ રાખવી. ૨ હિન્દુ અને જૈન મંદિરોનો નાશ ન કરવો. ૩ દિલ્હીમાં કે નજીકમાં એક જિનમંદિર બાંધવા મંજુરી આપવી.

આ ત્રણે નિઃસ્વાર્થ માગણીઓ સ્વીકારવામાં આવી. માનપૂર્વક તેમને વિદાય આપી.

સમરાશાએ સં. ૧૩૭૧ માં શત્રુંજયનો ઉદ્ધાર કરાવ્યો, તેમાં દિલ્હીના બાદશાહની સમ્પૂર્ણ સહાનુભૂતિ હતી.

સમરાશાના પિતા દેશલશા, વૃદ્ધાવસ્થા હોઈ પાટણમાં રહેતા. સં. ૧૩૬૯ માં મ્લેચ્છ સેનાએ ડુંગર ઉપર લક્ષ્મી જ લક્ષ્મી છે તે સાંભળી ઉપર ચઢી ભાંગફોડ કરી પણ પહેલેથી મૂર્તિઓ વગેરે પાછલે રસ્તેથી પીરમ બેટમાં મોકલી દીધી હતી તેથી બીજું નુકશાન ન થયું.

આ વાતના સમાચાર દેશલશાએ સમરાશાને દિલ્હી કહેવડાવ્યા. સમરાશા તે વખતે દિલ્હીમાં રહેતા. અલ્લાઉદ્દીનનો તેમના ઉપર સારો પ્રેમ હતો તે સમરાશાને પોતાના સલાહકાર માનતો.

આ સમાચાર સાંભળી સમરાશા, બાદશાહ પાસે ગયા, અને આપણી સેનાએ હિન્દુઓની હજ ભાંગી નાંખી છે, અને આ સમાચારથી બાદશાહ જનાબ માટે દુનિયા નિરાશ થઇ જાય, તેથી અત્યંત દુઃખ થાય છે.

સમરાશાના આ વચનોથી બાદશાહ ઉપર ઉંડી અસર થઇ. તેણે ભાંગી નાખેલ હજ રાજ્ય તરફથી સમરાવી દઈ ફરી તીર્થ માંડવામાં મદદ કરવા ફરમાન કર્યું.

આ ફરમાન લઇ સમરાશા પાટણ આવ્યા. શત્રુંજયનો તીર્થોદ્ધાર કરવા પોતે આદેશ માગ્યો અને કાર્યની શરૂઆત થઇ ગઈ. ગૂજરાતના સૂબેદાર અલપખાને સમરસિંહને બધી જાતની અનુકૂળતા આપી અને મોટા સંઘ સાથે આવી સમરાશાએ પ્રતિષ્ઠા કરાવી.

× × ×

આ ઉદ્ધાર માટે સુંદર મૂર્તિઓ કરાવવા આરાસણની ખાણનો પત્થર જોઇએ તેથી ત્રિસંગપુરના રાજા મહીપાળદેવને સમરાશા, ભેટણું ધરીને મળ્યા અને ફલહી-પત્થર માટે માગણી કરી.

મહીપાળ ધર્મપ્રેમી હતો અને આવા ધર્મકાર્ય માટે ફલહી આપવામાં પોતાનું ધન્યભાગ્ય માનીને પોતે જાતે સાથે આવી આરાસણમાંથી માગ્યા કરતાં સવાયું ફલહી આપવાનો હુકમ કર્યો. એટલું જ નહિ પણ આ ફલહી માટે કર લેવાતો હતો તે આજથી માફ કર્યો.

આ મહીપાળ રાજાની મૂર્તિ સમરાશાહે કરાવીને સિદ્ધાચળમાં એક ગોખમાં મૂકી છે.

× × ×

બાદશાહ મહમદશાહે જુનાગઢ અને ચાંપાનેરનો કિલ્લો જીત્યો. રા. માંડલિકને અમદાવાદ લઈ જઈ મુસલમાન કરવામાં આવ્યો. જુનાગઢનું નામ મુસ્તફાબાદ રાખ્યું. સોનગઢ સુધી થાણા ગોઠવ્યાં. પણ ૧૫૧૨ ના દુષ્કાળ વખતે હડાળાના શેઠ ખીમા દેદરાણીએ જોઈતું અનાજ પૂરું પાડેલું તેથી બાદશાહે ખુશી થઇ જૈનતીર્થોનું રક્ષણ કરવા વચન આપેલું તેથી શત્રુંજયના મંદિરોને જરાપણ અડચણ આવી નહિ એટલુંજ નહિ પણ બાદશાહે શત્રુંજયના સંઘમાં સહાનુભૂતિ આપી હતી.



# સંપાદકીય

યુદ્ધના અગ્નિની ધગધગતી જ્વાળા હિંદના સિમાડા સુધી પહોંચ્યા પછી, એ જ્વાળા ગણ્યત્રિના મહીનાઓ પહેલાંજ શાંત થઇ છે, છતાં એનો માર હળવો થવાને બદલે દિનપ્રતિદિન વધતો ગયો છે. સૌ કોઈની માન્યતા એ હતી કે, યુદ્ધ વિરામ પછીના કાળમાં વસ્તુઓની અછત, મોંઘવારી, મુશ્કેલીઓ અને હાડમારીઓ હળવી થશે, પણ તેના બદલે તેનો વાં'વંટોળ એટલો ઉગ્ર બન્યો છે કે, તેના ચક્રાવામાં પ્રત્યેક માનવી અટવાઈ રહ્યો છે. સાત સાત વર્ષના કારમા અને કપરા સંજોગોએ માનવના જીવનવિકાસને ચુસી લીધો છે. વિશ્વમાં અનેક ઉલ્કાપાતો અને દુઃખદ પરિવર્તનો થયાં છે તેનો આખો ઇતિહાસ લોહીના અક્ષરે લખાયો છે અને લખાશે.

અમે પણ જૈનસંસ્કૃતિ અને સાહિત્ય સેવાના શુભકાર્યનો પ્રારંભ યુદ્ધના વહેતા વહેણમાંજ કર્યો છે. આજસુધીમાં અમે ઘણી મુશ્કેલીઓને સહિષ્ણુતાપૂર્વક વેઠી કાંટાળા માર્ગને કાપ્યો છે અને કાપી રહ્યા છીએ. સાહિત્ય પ્રવૃત્તિઓની પાછળ રસ છે એથી જ અમે અમારી બધી શક્તિઓને તે બાજુ વાળી છે. હિતચિંતકો તરફથી અમને સલાહ, સૂચના અને સહકાર પળે પળે મળતાં રહ્યાં છે અને મળતાં રહેશે એવી મનીષાપૂર્વક અમે પ્રગતિના માર્ગે જઇ રહ્યાછી એ.

'કલ્યાણ'નો ઉદ્દેશ; કેવળ ધર્મ, સાહિત્ય અને સંસ્કારનો સંદેશો ઘેર ઘેર પહોંચાડવો અને જનતાને શિષ્ટ અને સંસ્કારી સાહિત્યમાં રસ લેતી કરવાનો છે. ઉદ્દેશને પહોંચી વળવાનું અમારા એકલા હાથે ન બને, તેમાં તો લેખકો, શુભેચ્છકો, વાચકો અને ગ્રાહકોનો સહકાર પૂરેપુરો મળતો રહેવો જોઇએ અને તોજ 'કલ્યાણ' સમાજ ચોકમાં વિશેષ પ્રગતિ સાધ્ય કરી શકે.

અમે જાણીએ છીએ કે, પત્રકારીત્વ જીવનમાં ઘણું ઘણું ખમવાનું, સાંભળવાનું અને સહન કરવાનું હોય છે. ગમે તેવો હુશિઆર, કાબેલ અને પ્રસિદ્ધ અખબારનવેશ સંચાલક હોય તોપણ તેના ટેબલ પર ઢપકાના પત્રો રોજબરોજ આવ્યા કરે છે. તે પત્રોને વાંચી, કરવા યોગ્ય ઘટતો અમલ કરી, ક્યારાની ટોપલીને હવાલેજ કરવાના હોય છે. મનુષ્યમાત્ર સમ્પૂર્ણ હોતો નથી, એટલે અપૂર્ણ શક્તિઓને અંગે કંઈ ને કંઈ ક્ષતિઓ રહી જવા પામે છે. એ ક્ષતિઓને સરળ અને હિતૈષિદૃષ્ટિએ વાચક કે કોઈપી જણાવે તો સંચાલક ઘટતો સુધારો કરવા બંધાએલ છે.

સમય, શક્તિ અને દ્રવ્યનો ભોગ આપવા છતાં પ્રતિકૂળ સંજોગોમાં કેટલાંયે પત્રોને થંભી જવું પડે છે. જન્મે છે એટલાં બધાંય જીવે છે એવું બનતું નથી, એટલે અકાળે કે કાળે, બાળ કે યુવાનવયે મરણનું શરણ સ્વીકારવું પડે છે. વાસ્તવિકપણે તો જન્મ તે જ મરવાને માટે છે. સંસારની ભૂમિ પર કોઇને અમરપટો મળતો નથી એટલે જેટલું જીવતર હોય તેટલા કાળમાં કરવાજોગું કરી જાય તો પણ ઘણું છે. અમે પણ આજ શુભાશયથી

'કલ્યાણ'નું પ્રકાશન હાથ ધર્યું છે.

'કલ્યાણ' ત્રિમાસિકના ગત ખંડમાં થોડા વખત માટે પ્રતિકૂળ સંજોગોને લઈ વિસામો લેવાનો અનિશ્ચિત નિર્ણય નિવેદનમાં જાહેર કર્યો હતો, પણ આથી અમારા ઘણા-ખરા શુભેચ્છકોએ અને ગ્રાહકોએ પૂછાવ્યું હતું કે 'કલ્યાણ'નું જીવનનાવ ભાંગીને ભૂકો બને છે કે શું? આના જવાબમાં અમે 'કલ્યાણ' ચાલુ રહેવાના સમાચાર પહોંચાડયા હતા. અમે એકજ નિર્ણય ઉપર આવ્યા છીએ કે, 'કલ્યાણ' માગે તેટલો ભોગ આપીને પણ તેનું જીવન-નાવ સુરક્ષિત રાખવું.

'કલ્યાણ'ને કોઈ ઓછો તો કોઈ અધિક સહકાર આપે એથી 'કલ્યાણ' અમુક પક્ષનું છે એમ માનવા ઉતાવળ ન કરવી. 'કલ્યાણ' જૈન જગતનું છે અને રહેવાનું છે; છતાં અમારા કથનને કોઈ માનવા તૈયાર ન હોય તો અમે તેને બળજબરીથી મનાવી શકીએ નહિ અને અમે તેમ કરીએ પણ નહીં. બાકી અમારૂં મંતવ્ય અને કલ્યાણનો ઉદ્દેશ ઉપરોકત છે. પછી તમે માનો યા ન માનો!

**મો**ડું શાથી થયું? તેના જવાબમાં 'કલ્યાણ' બે વર્ષથી ત્રિમાસિક રૂપે બહાર પડતું હતું આ અંકથી હવે માસિક બને છે, એટલે તેની પૂર્વ-ભૂમિકા તૈયાર કરવા માટેનાં વિધિ-વિધાનો ચાલતાં હતાં. કોર્ટમાંથી માસિક પ્રગટ કરવાની પર-વાનગી માગી હતી અને તે મળી ગઈ છે, એટલે હવે પછીના અંકો દર મહીને બહાર પડશે. આ વખતે મોડું ઘણું થયું છે; એથી માસિકનો ૧ લો ૨ જો અંક સાથે બહાર પાડ્યા છે. ગ્રાહકો વગેરેએ જે ધીરતા ધરી છે તેના અમે આભારી છીએ. મોડું થવામાં પ્રેસ બદલીનું પણ કારણ છે.

ત્રિમાસિકને માસિક કરી અમે દરેક રીતે મોટી જવાબદારી વહોરી લીધી છે. દિવસે દિવસે મોંઘવારી અને પ્રતિકૂળ સંજોગો કૂદકે ને ભૂસકે વધતા જાય છે. આર્થિકતાની સંકડા-મણ ટાળવા કાજે દરેક ગ્રાહકો, શુભેચ્છકો અને વાચકો પોતાનો ઘટતો સહકાર નોંધાવે એ જ અમારી વિજ્ઞપ્તિ છે. આસમંડળના સભ્યોનો મહામૂલો સહકાર અમારે મન ગૌરવરૂપ છે તેની નોંધ લેવી અમારે જતી ન કરવી જોઈએ.

**વર્ષે** લગભગ ૪૦ ફર્માનું વાચન આપ-વામાં આવતું હતું તે મુજબ માસિક થયે પણ આપવામાં આવશે. ગ્રાહકે અને વાચકે ત્રિમાસિકના દળદાર ખંડો જોયા પછી આ અંકો બહુ નાના લાગશે પણ સમજી શકાય તેવી હકીકત છે કે, માસિકમાં તેટલા ફર્મો અને વાચન આપી શકવાના સંજોગો નથી. લવાજમમાં કાંઈ વધારો કર્યો નથી, એટલે એ ચાલીશ ફર્માઓને બાર અંકોમાં વહેંચી દેવામાં આવશે. હિસાબે ગ્રાહકોને અંશ માત્ર પણ નુકશાન વેઠવાનું નહિ હોય બલ્કે થોડો ઘણો વાચનમાં વધારો થશે. હવે પછી માસિકના દરેક અંકો ત્રણથી ચાર ફર્મામાં નીકળશે.

**આ** સમયે અમારા લેખક મહાશયોને નમ્ર વિજ્ઞપ્તિ જે, લેખો ટૂંકા, મુદ્દાસર અને કાગળની એક જ બાજુ સારા અક્ષરે લખી મોકલવા. બધા લેખકોને એકી સાથે માસિકમાં ન્યાય મળે તે બનવું અશકય છે એટલે ક્રમશઃ લેખોને સ્થાન આપવામાં આવશે.

"કલ્યાણ" ને માસિક બનાવવાની કોશીષ ઘણા વખતથી થતી હતી પણ રાજકીય અને દેશનું વાતારણ ધુંધવાએલું હતું, જો કે હજુ છે પણ ભાવના બળે આજે તો એ પ્રયત્ન સફળ થયો છે. 'કલ્યાણ' પગભર ન બને ત્યાંસુધી વ્યવસ્થાનું બધું કામકાજ એકલા

'કલ્યાણ'નો વધારો;

વિદ્વાન પંડિતો, ઇતિહાસકારો, પુરાતત્ત્વ સંશોધકો, સાહિત્યકારો, આર્ટીસ્ટો, લેખકો સાક્ષરો અને શાસન સ્તંભ સૂરીશ્વર આદિ મુનિપુંગવોનો ઉચ્ચકોટીનો સહકાર ધરાવતી જૈન સંઘની લોકપ્રિય સંસ્થા;

# પ્રાચીન સાહિત્ય અને પુરાતત્ત્વ સંશોધક કાર્યાલય

સંસ્થાપક; **શ્રી મંગળદાસ ત્રીકમદાસ ઝવેરી; થાણા**

## અમારૂં નિવેદન

**પ્રાચિન** જૈનસાહિત્યનો તેમજ ચરિત્રાનુવાદ ગ્રંથોનો ઐતિહાસીક દૃષ્ટિએ, એકધારો ઘણાં વર્ષોસુધી અભ્યાસ કરતાં પ્રાપ્ત થએલ સાહિત્યસાધનો, શિલાલેખો, દર્શનાત્મક સ્તુપો, હસ્તપ્રતો વગેરે પ્રમાણિક સાધનોદ્વારા અને પૂ. મુનિપુંગવોની નિશ્રામાં રહી આ સંસ્થાના સંસ્થાપક શ્રીયુત ઝવેરીએ **સમ્રાટ સંપ્રતિ** જેવા દળદાર પ્રમાણિક ગ્રંથો પ્રગટ કર્યા છે. આ ગ્રંથ ભારતના પૂર્વકાલિન ઇતિહાસના દસ્તાવેજ તરીકે પ્રમાણભૂત ગણાયો છે.

**તે** સિવાય શ્રી મુનિસુંવ્રતસ્વામિ ચરિત્ર, મંત્રવિધાન સંગ્રહ, શ્રીપાલચરિત્ર, આદર્શ સ્ત્રીરત્નો, સોળસતિ ચરિત્ર, ગિરનાર તીર્થનો ત્રિરંગી આકર્ષક પટ રૂ. ૨૩ા ના ગ્રંથો સાત વર્ષમાં બહાર પડ્યા છે. આ સચિત્ર ગ્રંથો જનતામાં આદરપાત્ર અને લોકપ્રિય એટલા બધા તો પડયા છે, કે જેનું પુનઃમુદ્રણ કરાવે જ છૂટકો છે. જેનું વાચન રસપ્રદ અને સંસ્કારપ્રેરક છે. તે ગ્રંથોનાં પ્રશંસાનાં પુષ્પો અમારા હાથે જ વેરવા કરતાં વાચકો સ્વયં તુલના કરે એ જ અમે તો ઇચ્છીએ છીએ.

**લોકપ્રિય** બનતા અમારા પ્રકાશનોદ્વારા અમને પ્રોત્સાહન ઘણું મળ્યું છે અને એથીજ નીચેના પાંચ ગ્રંથોનું ૧૦૦ ચિત્ર યુક્ત પ્રકાશન હાથ ધર્યું છે. કે જે ગ્રંથો લોકોપયોગી, જૈન—જૈનેતરોને ભોમીયા સરખું છે. એ પાંચે ગ્રંથો જલ્દિથી બહાર પડે તેની તૈયારી અમે કરી રહ્યા છીએ. આર્ટીસ્ટો, લેખકો, પ્રકાશકો સાહિત્યકારો, ઐતિહાસકારો અને પૂ. સૂરિ-

હાથે જ કરવાનું રહે છે એટલે ત્રુટિઓ રહેવાનો પૂરેપુરો સંભવછે. સૌ કોઇ એ સબંધિ અમને દરગુજર કરશે. ત્રિમાસિક રૂપે બહાર પડતું ત્યારે તો અમને પૂરતો ટાઇમ મળતો હતો પણ હવે તો મહિનામાં જ બધું કામ પતાવવાનું એકલા હાથે રહે છે. આશા રાખીએ છીએ કે, અમારા કાર્યમાં સૌ કોઇ, કોઇને કોઇ રીતે સહાયભૂત થશે.

**મોંઘવારીની વિષમ પરિસ્થિતિમાં** સારા કાગળોમાં ૪૦ ફર્માનું વાંચન આપવું એ ખોટ ખાઇને જ ધંધો કરવા જેવું છે પણ અમે તો ભવિષ્યમાં આશાસ્પદ ફેરફારો થશે એ આશાના દોરે હજુ તો ચાલ્યા જઇએ છીએ.

**અંતિમમાં** શાસનદેવ પ્રત્યે સરળતા અને સફળતાની પ્રાર્થના કરી, ઉદય પામતા ભાવિ પથ પ્રત્યે નજર ટેરવી હાલ તો વીરમું છું.

**પાલીતાણા.** નિવેદક;
૯—૩—૪૬ **સોમચંદ શાહ**

દેવોના હાર્દિક સહકારથી અમૂલ્ય સાહિત્ય સર્જન કરવા ભાગ્યશાળી બન્યા છીએ. તે સૌનો આ સ્થાને આભાર માનવા ન ચૂકવું જોઈએ.

નીચેના પાંચ ગ્રંથોની તૈયારી થઈ રહી છે.

૧ **સમ્રાટ વિક્રમાદિત્ય;** સંવત્સર પ્રવર્તક યાને અવંતિના જૈન ઇતિહાસની પ્રમાણિકતાનાં કળામય ચિત્રો સાથે આ ગ્રંથ આખો ઈતિહાસ રજુ કરે છે. સાથે સિંહાસન બત્રીસી અને વેતાલ પચીસી જેવી પ્રમાણિક બોધક કથાઓ સચિત્ર સ્વરૂપે રજુ કરવામાં આવી છે; છતાં મૂલ્ય રૂા. ૯–૦–૦

૨ **કામવિજેતા સ્થુલિભદ્ર;** આ ગ્રંથ વાંચકોને વૈરાગ્યના કારણભૂત છે ગ્રંથકારે પૂરતી જહેમત ઉઠાવી દળદાર ગ્રંથ ભરપુર ચિત્રો સાથે તૈયાર કર્યો છે. ગ્રાહક થવા માટેનું અમારે કહેવાનું રહેશે જ નહિ. મૂલ્ય રૂા. ૫–૦–૦

૩–૪ **ગુજરાતનો સુવર્ણયુગ;** ભા. ૧ ૨; આ ગ્રંથ પ્રકાશનમાં મહારાજા વિક્રમાદિત્યથી માંડીને મહારાજા કુમારપાળના અંતકાળ સુધીનો અણિશુદ્ધ ઈતિહાસ આલેખ્યો છે. જૈન ધર્મનું સ્થાન તે સમયે કેટલું ઉજ્વળ હતું તે જણાવવા પ્રયાસ કર્યો છે. લગભગ ૩૦ ચિત્રો રંગબેરંગી કલરમાં મૂકવામાં આવશે છતાં દરેક ભાગની કિંમત રૂા. ૫–૦–૦

ઉપરોક્ત ચારે ગ્રંથો પ્રેસમાં અપાઈ ગયા છે.

૫ **પ્રભુ મહાવીર;** [ તૈયાર થાય છે ] બોધક અને સરળ શૈલીથી તૈયાર થતું પ્રભુ મહાવીરનું જીવન ચરિત્ર, એકએક પ્રસંગોથી ગુંથી લેવામાં આવ્યું છે. આ પુસ્તક અમને ખાત્રી છે કે, સમાજમાં અનોખું સ્થાન પ્રાપ્ત કરશે. જલ્દિ તૈયાર કરી જલ્દિ પ્રેસમાં મોકલવાની વેતરણમાં છીએ.

હજારોના ખર્ચે અને પુષ્કળ પરિશ્રમના પ્રતાપે તૈયાર થતો સેટ પહેલેથી ગ્રાહક થનારને રૂા. ૨૯–૦–૦ ઘેર પહોંચાડવાનું ખર્ચ અલગ; મુશ્કેલી અને મોંઘવારીના કપરા સમયમાં જરૂર પુરતી જ નકલો નીકળવાની છે તો અગાઉથી ગ્રાહક બની અમારા કાર્યમાં સહાયભૂત થશો. ઓર્ડર ઉપરના સીરનામે નોંધાવશો.

**શ્રી** ચતુર્વિધ સંઘની સહાયતાથી જ આવાં મહદ્‌કાર્યો પાર પડે છે. આજસુધીમાં જે જે દાનવીર ગૃહસ્થોએ ઉદાર સહાયતા કરી છે અને અમારા શુભકાર્યને વેગવંતુ બનાવ્યું છે તે સૌનો પુનઃ આભાર માનીએ છીએ.

**આ** બધા કાર્યમાં પંડિતો, શાસ્ત્રીઓ, ચિત્રકારો, સંશોધકો અને બ્લોકો બનાવનારાઓને પગારદાર તરીકે રોકવા પડે છે. તેમાં મોટી રકમની જરૂર પડે તે સંભવીત છે, સંસ્થા પગભર નહિ હોવાથી દાનવીર મહાશયોને વિનંતિ કરીએ છીએ કે, કાર્યની સફળતા માટે આપશ્રી જરૂરથી સહાયતા કરવા મે. કરશો.

**આ** નિવેદનદ્વારા સંસ્થાના કાર્યથી સૌ કોઈને વાકેફ કરીએ છીએ અને અમારા કાર્યની તારીફ કરી ઘટતો સહકાર નોંધાવવાની અપીલ કરીએ છીએ. સંસ્થા આર્થિકતાની સંકડામણમાં વિશેષ હોવાથી જૈન સમાજ જોગુ આ નિવેદન પ્રગટ કરી અમારા કાર્યની સમાજ કદર કરશે, એવી આશા રાખીએ છીએ. વધુ વિગત જાણવા ઇચ્છનાર બન્ધુઓએ સંસ્થાના સીરનામે ત્રણ પૈસાનું કાર્ડ લખવા વીનવીએ છીએ

લિ. સંઘ સેવક,

**મંગળદાસ ત્રીકમદાસ ઝવેરી**

પ્રાચીન સાહિત્ય સંશોધક કાર્યાલય,

**થાણા [ જી. આઇ. પી. રેલ્વે ].**

## "ચેતનને ભાન"

[રાગ–પારેવડા જાજે વીરાના દેશમાં]

ચેતનજી સમજો તુમે એક સાનમાં, બાત રાખો મારી ધ્યાનમાં; [અં]
ભવોભવ ભટકી તું પૂણ્યથી પામીયો, જાવા દેશો નહિ માનમાં—ચેતન.
અમૂલ્ય જીવન યે ભક્તિમાં વીતાવજો, ખોવો નહિ ખાનપાનમાં—ચેતન.
વીર પ્રભુની વાણી દિલમાં ઉતારજો, ફસો નહિ વીષયના તાનમાં—ચેતન.
અનેક આરંભ કરી ધનકો કમાયા, ખરચો પૈસા પ્રભુ જ્ઞાનમાં—ચેતન.
લક્ષ્મીનો વ્યય ખરો એહી જ માનો, જાવે સુપાત્રના દાનમાં—ચેતન.
નહીં સમજો તો તુમે ભવમા ભટકશો, પડશો ચોરાશીની ખાણમાં—ચેતન.
આત્મકમલમાં લબ્ધિ મેળવવા, કહે જયંત બાત કાનમાં—ચેતન.

પૂ૦ ઉપાધ્યાય શ્રી જયંતવિજયજી મ૦

## ભક્તિ ગીત;

[રાગ–ભુપાલ–તાલ–ત્રિતાલ]

માયાનો સંગ તું છોડ—મનવા૦
ભક્તિમાં દીલ તું જોડ—મનવા૦

પ્રભુ ભક્તિની નૈયામાં બેસી, મુક્તિ નગરમાં દોડ;
માયા પ્રપંચી જાલમાં ફસીને, કેમ ભજે નહિ ગૉડ—મનવા૦

નર જાતિમાં ખર તું બનીને, કરતો હૉલ્લાં ફોડ:
પ્રભુ નમન વંદન તું કરી લે, પુર તું મનનો કોડ—મનવા૦

અલબેલી પ્રભુ મૂર્તિ નીરખી, માયાનું બંધન તોડ;
ધ્યાનક્રિયા અને જાપ કરીને, પહોંચ તું પ્રભુની સોડ—મનવા૦

પાપ કરીને મહાલ્યો ફાલ્યો, જડબામાં લપ્પડ ચોડ
ખલક ફરીને સઘળો જોને, કોણ છે પ્રભુનાં હોડ—મનવા૦

ધર્મ ક્રિયાઓ રસમય કરીને, પાપથી મુખડું મોડ;
કહત કવિ સુનો માનવ લોકો; તજ તું પાપની ખોડ—મનવા૦

"શ્રી અજ્ઞેય"

## 'કલ્યાણ'ના વર્ષ પ્રારંભે

નિષ્પક્ષ રહી સેવા બજાવવી, એજ જેહનું ધ્યેય છે,
આત્મિક રસ દૈવી રસાયન, એ જેહનું પેય છે;
પવિત્ર પંથ સંદેશ સાચો, મધુર મધુર ગેય છે,
આશા અને આત્મિક શ્રદ્ધા, વાક્ય વાક્ય અમેય છે. ૧
શ્રી વીરના સિદ્ધાન્તના, ભંડાર સમ એ દીપતું,
સંશય થકી પેદા થએલા, ભાગલાને સીવતું;
વિપુલ ભારતવર્ષમાં, જયજય રવોથી ગુંજતું,
વિપક્ષના મિથ્યા રણોમાં, નિડર થઇને ઝુઝતું. ૨
વિકટ અને વિઘ્નોમથી, માર્ગો નહિ ગણકારતું,
નિષ્પક્ષ નીતિ પત્રની, પ્રતિવાક્યમાં સંભાળતું;
સાહિત્ય સમૃદ્ધિ નહીં, લાલિત્ય સ્રોત વહાવતું,
બાળ છે તો પણ કદ્દાવર, પુષ્ટ અંગ સોહાવતું. ૩
સમાજના એ પ્રાણ સરીખું, જ્ઞાનના સૂર પૂરતું,
યુક્તિ કુઠારોથી બલી, મિથ્યા દિવાલો ચૂરતું;
સૌહાર્દ ઔદાર્ય-ભરેલી, શૈલીને સંચારતું,
ઈતર સમાજોથી થતા, આક્ષેપને સંહારતું. ૪
આજ્ઞા પ્રભુ શ્રી વીરની, શિરપર ગ્રહીને ઓપતું,
દિશે દિશોમાં વિચરી, સિદ્ધાન્ત બીજને રોપતું;
સંસ્કારશાલી શિષ્ટભાષા, લેખલેખા માપતું,
ગદ્યો અને પદ્યોમથી એ, શુદ્ધ વાચન આપતું. ૫
આત્મિય ને પરકીય મંગલ, માલનું મંડાણ છે,
જેમાં સદા શુભ નિષ્ઠતા, શ્રદ્ધા નીતિનું સ્થાન છે;
શિષ્ટતાને શિસ્તપાલન, અગ્રભાગ નિશાન છે,
**કલ્યાણ** પત્ર સમાજનું, એ વિકસતું વરદાન છે. ૬
અમર રહો અક્ષીણ રહો, જયવિજયના નાદો ભરો,
કલ્યાણ પાઠક માનવોના, ધર્મ્યભાવો ઊભરો;
સુરભિ, સજ્જન ચિત્ત કુંજે, કલ્યાણ વાયુ સંચરો,
વર્ષના મંગલ પ્રભાતે, જય જય રવોને ઉચ્ચરો. ૭

**શ્રી અજ્ઞેય**

મુદ્રક : અમરચંદ બેચરદાસ શ્રી બહાદુરસિંહજી પ્રિ. પ્રેસ—પાલીતાણા.